

# 'નમ્ર'સ્મરણમ્

માર્ગઅકસ્માત્માં કાળધર્મ પામેલ
પૂ. યુવામુનિવર શ્રી નમ્રરત્નવિજયજી મ.નું પ્રેરક જીવનદર્શન

આલેખન : રત્ન પરિવાર


મુમુક્ષુ
નેમીનકુમારનો
દીક્ષા
મહોત્સવ
दीक्षा अशुभ का बहिष्कार है,
दीक्षा शुभ का स्वीकार है ।
दीक्षा संसार का परिहार है,
दीक्षा सिद्धत्व का आविष्कार है ॥


શ્રી શાંતિનાથ ઝાલાવાડ શ્વે. મૂ. જૈન સંઘ - કાંદિવલી (પૂર્વ)નાં પુણ્યાંગણે
પૂ. મુનિવર્ય શ્રી હિતરત્નવિજયજી મ. તથા
પૂ. મુનિવર્ય શ્રી અક્ષયરત્નવિજયજી મ.નો
ભવ્ય ગણિ-પંન્યાસ પદપ્રદાન સમારોહ
તથા
બાલમુમુક્ષુ નેમીનકુમાર શ્રેયાંશભાઈ મહેતા
(વર્ષ-૧૫)નો
પાવન પ્રવ્રજ્યા સમારોહ
પુણ્યનિશ્રા : પરમગુરુકૃપાનિધાન શાસનપ્રભાવક આ.ભ.શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.

આદીશ્વરા... આદીશ્વરા...
મારા અંતરનો તું પરમેશ્વરા !



જે વહાલા હૃદયેશ્વરની આ છબીથી જ દિવંગત મુનિવરના દિવસનો પ્રારંભ ને અંત થતો તે

## શ્રી શત્રુંજય મહાતીર્થમંડન આદિનાથ ભગવાન

શ્રી શત્રુંજય આદિનાથાય નમઃ
શ્રી ધર્મસૂરિં પ્રવરં નમામિ
સૂર્યોદયં સૂરિવરં નમામિ



# 'નમ્ર'સ્મરણમ્

માર્ગઅકસ્માત્માં કાલધર્મ પામેલ
પૂ. યુવામુનિવર શ્રી નમ્રરત્નવિજયજી મ.સા.નું

## પ્રેરક જીવનદર્શન

શુભાશિષ :
પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી આ.ભ.
શ્રી ધર્મ-સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટાલંકાર
શતાધિક સંયમીવૃંદ શિરછત્ર-શતાધિક ગ્રન્થસર્જક પૂજ્યપાદ આ.ભ.

**શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**

આલેખન : **રત્ન પરિવાર**

પ્રકાશક : **શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ**

પ્રકાશન ક્રમાંક : 206

'નમ્ર'સ્મરણમ્

**પ્રકાશક-પ્રાપ્તિસ્થાન...**
**શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ.**
શ્રી પરિમલભાઈ સી. શાહ.
બી-૩, આદિનાથ ડુપ્લેક્ષ નં.૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે,
જૈન મંદિર પાસે,
માંજલપુર, વડોદરા-૩૯૦૦૧૧.
મો.: ૯૪૨૮૩૩૨૭૧૯

**પ્રકાશનતિથિ...**
મહાવીર સં.૨૫૫૨ - વિક્રમ સં.૨૦૮૨,
ચૈત્ર વદિ-૩, રવિવાર,
**તા.૫.૪.૨૦૨૬**

**મંગલ નિમિત્ત...**
શાંતિનાથ ઝાલાવાડ સંઘ-
કાંદિવલીમાં યોજાયેલ મુનિશ્રીની
**સમાધિ નિમિત્તનો પ્રભુભક્તિમહોત્સવ પ્રસંગ**

પ્રથમાવૃત્તિ - પ્રત...
**૧૦૦૦**

મૂલ્ય...
**રૂા. 200/-**

મુદ્રક...
**નેહજ એન્ટરપ્રાઇઝ,**
૧૦૧, નેહજ હાઇટ્સ,
૩૪, જવાહરનગર રોડ નં.૪,
ગોરેગાંવ (પશ્ચિમ), મુંબઈ-૬૨.
મો.: ૯૩૨૨૨૨૭૯૩૯/૭૨૦૯

# હે ગુરુવર!

*તમે આધાર છો !*
*વાત્સલ્યના ભંડાર છો !*



પૂજ્યપાદ યુગદિવાકર આ.ભ.
**શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.**



પૂજ્યપાદ  દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.
**શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**




**સ્વ.પૂ. મુનિશ્રીના આરાધ્ય 'મોટા સાહેબજી'**
પૂજ્યપાદ શાસનશણગાર આ.ભ.
**શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**



**સ્વ.પૂ. મુનિશ્રીના પ્રાણપ્યારા તારક ગુરુદેવ**
પૂજ્યપાદ પ્રભાવકપ્રવચનકાર આ.ભ.
**શ્રી વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.**

# સંગાથ

સંસારમાં પણ
અને
સંયમમાં પણ



પૂ. મુનિરાજ **શ્રી શૌર્યરત્નવિજયજી મ.**
(પિતાજી મ.)



પૂ. મુનિરાજ **શ્રી નમ્રરત્નવિજયજી મ.**
(મોટા ભાઈ મ.)



પૂ. મુનિરાજ **શ્રી ધૈર્યરત્નવિજયજી મ.**
(નાના ભાઈ મ.)



પૂ. સા. **શ્રી હિતાર્થમિત્રાશ્રીજી મ.**
(માતા સાધ્વીજી)

# હાર્દિક અનુમોદન

વિરલ ગુરુભક્તિસંપન્ન
**પૂ. યુવામુનિવર**
**શ્રી નમ્રરત્નવિજયજી મ.ની**
પાલખીયાત્રાનો ઉછામણીસમારોહ
તથા પાલખીયાત્રા
જે શ્રીસંઘમાં સંપન્ન થઈ હતી તે
**શ્રી વસઈ રોડ જૈન શ્વેતામ્બર**
**મૂર્તિપૂજક તપાગચ્છ સંઘે**
શ્રીસંઘના પ્રતિષ્ઠાચાર્ય અને
શ્રીસંઘના પરમોપકારી
ગુરુદેવ પૂજ્યપાદ
**શાસનશણગાર આ.ભ.**
**શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની**
પુણ્યપ્રેરણાથી આ પુસ્તકપ્રકાશનનો
ઉદાર લાભ લીધો છે.
ઉદારદિલ શ્રીસંઘની હાર્દિક અનુમોદના.
**- પ્રકાશક**

# પ્રકાશકીય

પૂ. મુનિવર્ય શ્રી નમ્રરત્નવિજયજી મ.ના આકસ્મિક કાલધર્મ પછી આવેલ પૂ. ગચ્છાધિપતિશ્રીઓ આદિના સ્વયંસ્ફૂર્ત પત્રો હો, ઉત્તુંગ ઉછામણીઓ હો કે ૨૦૦૦ થી વધુ ભાવિકોની ગુણાનુવાદ સભા હો : આ સર્વમાં એમનાં પુણ્યના ચમકાર નિહાળવા મળે છે. એ પુણ્યચમકાર ગણો કે પૂ. મુનિશ્રીએ એમના સદાબહાર પ્રસન્ન સ્વભાવનાં કારણે શ્રમણસમુદાયના પ્રત્યેક શ્રમણભગવંતનાં હૈયે વસવાની મેળવેલ સિદ્ધિ ગણો ઃ એનું પરિણામ છે આ પુસ્તક.

મુનિશ્રીની ગુણાનુવાદસભાના બીજા દિવસે શ્રમણો તરફથી પૂજ્યપાદ ગુરુદેવ **આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** સમક્ષ પ્રસ્તાવ આવ્યો કે **"શ્રી નમ્રરત્નવિજયજીની સ્મૃતિમાં એક પુસ્તક પ્રકાશિત કરાય તો ઉચિત ગણાય."** પૂજ્યશ્રીએ સંમતિ આપતાં **માત્ર ૧૯ દિવસમાં** આ પુસ્તકનું હૃદયસ્પર્શી આલેખન - પ્રુફ સંશોધન તેમજ નયનરમ્ય મુદ્રણ થયું. તે પણ શાશ્વતી ઓળી પૂર્વે નિત્ય નવા નવા સંઘોમાં પધરામણી-પ્રવચનો અને ચાર ચાર સંઘોમાં શાશ્વતી ઓળીની આરાધનાઓ-પ્રવચનો વચ્ચે. આજે એ પુસ્તક મુનિશ્રીના સમાધિમહોત્સવમાં એમની કર્મભૂમિ કાંદિવલી (પૂર્વ) શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘમાં પ્રકાશિત થઈ રહ્યું છે તે પ્રસંગે અમે પૂ. મુનિશ્રીને ભાવવંદના કરીએ છીએ.

**- ધર્મકૃપા ટ્રસ્ટ**
ચૈત્ર વદ-૩, તા.૫.૪.૨૦૨૬,
દર્ભાવતી તીર્થ

# વિ...ષ...ય...દ...ર્શ...ન...




| | |
|---|---|
| જીવનસરિતાના તીરે-તીરે | 08 |
| મમતામયી માતાની અંતર-આશિષ સ્વહસ્તાક્ષરોમાં... | 12 |
| શ્રી આદિનાથદાદા સાથે અજબ-ગજબનો ઋણાનુબંધ | 13 |
| પાંચ હૃદયસ્પર્શી સંવેદનાઓ | 14 |
| પરમ ગુરુદેવશ્રીની Feelings | 19 |
| દારુણ અકસ્માત્‌ની ગોઝારી ક્ષણો | 20 |
| ખાનદાન કુલ... નૈસર્ગિક વિનય... | 22 |
| 'નમ્ર' નજરાણાં - પૂ. આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. | 23 |
| મુમુક્ષુ નેમીનકુમારની દીક્ષાપત્રિકા | 38 |
| 'નમ્ર' સ્પંદન - પૂ.આ.ભ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. | 42 |
| 'નમ્ર'સૌરભ - પૂ.આ.ભ. શ્રી અક્ષયરત્નસૂરીશ્વરજી મ.સા. | 48 |
| 'નમ્ર'વૈભવ - પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા. | 56 |
| 'નમ્ર'પ્રેમ - પૂ. મુનિરાજ શ્રી મોક્ષરત્નવિજયજી મ.સા. | 64 |
| પિતૃહૃદયનાં સ્પંદનો - પૂ. મુનિરાજ શ્રી શૌર્યરત્નવિજયજી મ. | 70 |
| 'નમ્ર 'સ્પર્શ - પૂ. મુનિરાજ શ્રી ધૈર્યરત્નવિજયજી મ.સા. | 76 |
| માતૃહૃદયનાં સંસ્મરણો - પૂ. સા. શ્રી હિતાર્થમિત્રાશ્રીજી મ. | 79 |
| આત્મજાગૃતિની ઝળહળતી ઝલકો | 84 |
| સવાલ સંસારીના.. જવાબ મુમુક્ષુ નેમીનકુમારના... | 86 |
| પૂ. ગચ્છાધિપતિશ્રીઓ આદિનાં સ્વયંસ્ફૂર્ત પત્રો... | 88 |
| વિરાટ ગુણાનુવાદ સભા | 104 |
| અખબારોની અટારીએથી | 106 |
| પૂ. પરમ ગુરુદેવશ્રી દ્વારા લખાયેલ પ્રત્યુત્તર પત્ર | 108 |




# જીવનસરિતાના તીરે તીરે...











**• જન્મ...**

વિ.સં.૧૯૬૦, શ્રાવણ શુદિ-૧૧, બુધવાર, તા.૨૮.૭.૨૦૦૪. અનંત સિદ્ધાત્માઓની છાયામાં પાલિતાણા.

**• જન્મદિન વિશેષતા...**

પૂ. યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની જ જન્મતિથિ. એમના જન્મવર્ષે જ પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની જન્મશતાબ્દી હતી.





**• પ્રથમ જિનમંદિર-તીર્થસ્પર્શના...**

૪૧ દિવસની વયે સિદ્ધગિરિરાજતળેટીયાત્રા અને પાલિતાણા-આગમ મંદિરદર્શન.

**• કર્મભૂમિ...**

શ્રી તાંબેનનગર જૈન સંઘ - મુલુંડ તથા શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘ, કાંદિવલી-પૂર્વ, મુંબઇ.

**• વ્યાવહારિક અભ્યાસ...**

આઠ ધોરણ. સાથે ડ્રોઇંગ ક્લાસીસ, ગ્રામર ક્લાસીસ, સ્કેટીંગ ક્લાસીસ





**• ધાર્મિક સંસ્કાર...**

જન્મથી પ્રત્યેક વર્ષે પાલિતાણાના પૈતૃક ગામમાં જાય ત્યારે minimum ત્રણ-ચાર વાર સિદ્ધગિરિરાજ યાત્રા. થોડા મોટા થયા બાદ પાલિતાણા જેટલા દિવસ રહે એટલા દિવસ ગિરિરાજ યાત્રા. ૯ વર્ષની વયે, 'ગિરિરાજ રક્ષા અભિયાન'માં ભાગ લીધો. ૧૧ વર્ષની વયે ગિરિરાજની ૯૯ યાત્રા કરી. જીવનમાં પ્રાયઃ એક પણ દિવસ જિનપૂજા વિના રહ્યા નથી. રજાના દિવસે બબ્બે કલાક અષ્ટપ્રકારી પૂજા. પ્રભુભક્તિ અને વિશેષપણે ગિરિરાજભક્તિ પ્રત્યે તીવ્ર લગાવ. Vacationમાં બોરીવલી-દેવનગરમાં નાનીમા મૃદુલાબેન પી. વોરાના ઘરે જાય ત્યારે રજાઓ હોવાથી બીજા બાળકો સવારે નવ-દશ વાગ્યા સુધી નિદ્રાધીન રહે, જ્યારે નેમીનકુમાર વહેલી સવારે જિનાલયે જાય અને નાનીમા સાથે ત્રણ-ત્રણ કલાક સ્નાત્ર-અષ્ટપ્રકારી પૂજાદિ કરે.



**• ઉપધાન તપ...**

માત્ર ૧૦ વર્ષની વયે શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વતીર્થે. ત્યાંથી પૂ. ગુરુદેવનો વિશિષ્ટ પરિચય અને સંયમપંથે જ સંચરવાનો દૃઢ સંકલ્પ, ઉપધાનતપના અંતે પૂ. ગુરુદેવ દ્વારા પુછાયું : "Gift માં શું જોઈએ ?" એ કહે : "ફક્ત શ્રી નાગેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા જ."

**• સિદ્ધગિરિરાજની નવાણું યાત્રા...**

માત્ર ૧૧ વર્ષની વયે પ્રથમવાર

**• દીક્ષા પૂર્વેનો ધાર્મિક અભ્યાસ...**

પાંચ પ્રતિક્રમણ - નવસ્મરણ - ૪ પ્રકરણ - ૩ ભાષ્ય - ૬ કર્મગ્રંથ - સિંદૂરપ્રકર - વીતરાગ સ્તોત્ર - વૈરાગ્યશતક તથા સો ઉપરાંત સ્તુતિ - સ્તવન - ચૈત્યવંદન - થોયજોડા આદિ



**• દીક્ષા પૂર્વેની તીર્થયાત્રા...**

સમેતશિખર-ગિરનાર-ચંપાપુરી-પાવાપુરી આદિ કલ્યાણકભૂમિ, શંખેશ્વર-ભીલડીયાજી-જીરાવલા-આબુદેલવાડા-પાટણ-તારંગા-કુંભારિયાજી-ડભોઈ આદિ ગુજરાત-રાજસ્થાનના અનેક તીર્થો.

**• દીક્ષા...**

વિ.સં.૨૦૭૬, ફાગણ વદિ-૨, તા.૧૧.૩.૨૦૨૦.
પૂ.આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે
મુંબઈ કાંદિવલી (પૂર્વ) શ્રી શાંતિનાથ ઝાલાવડ જૈન સંઘમાં.



## • માતા-પિતાદિની દીક્ષા...

નેમીનકુમારની દીક્ષાથી પ્રગટેલ
વૈરાગ્યજ્યોતમાંથી જ
પિતા શ્રેયાંસભાઈ,
માતા ભાવીબેન
(હેતલબેન),
લઘુબંધુ ધર્મ
અને cousin
બેન પ્રિયલે
સંયમ સ્વીકાર્યો.



## • દીક્ષાગુરુદેવ...

પૂ.આ.ભ.
શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.

## • વડીદીક્ષા...

વિ.સં.૨૦૭૬, આષાઢ શુદિ-૧૨. મુંબઈ,
જામલીગલી-બોરીવલી જૈન સંઘ

## • વિદ્યાગુરુ...

પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્નવિજયજી મ.

## • દીક્ષા પછીનો શ્રુતાભ્યાસ...

યોગશાસ્ત્ર - શાંતસુધારસ - પ્રશમરતિ - તત્ત્વાર્થ - દશવૈકાલિક - ઇન્દ્રિયપરાજયશતક - સંબોધસિત્તરિ - જ્ઞાનસાર - ધનંજયનામમાલા - સંસ્કૃત બે બુક - સંસ્કૃત ચરિત્રોનું વાંચન - પ્રકરણો + ભાષ્યો + કર્મગ્રન્થો + તત્ત્વાર્થાદિના અર્થ

## • તપશ્ચર્યા...

૫૦૦ આયંબિલ, માસક્ષમણ, ચોવિહાર છટ્ઠ સાથે સિદ્ધગિરિરાજ સાત યાત્રા, સિદ્ધગિરિરાજ નવાણું યાત્રા, વીશસ્થાનક ઓળી - વર્ધમાનતપ ઓળી - નવપદજીની નવ ઓળી - જ્ઞાનપંચમી - પોષદશમી તપ - તીર્થંકરવર્ધમાન તપ - વર્ષીતપપ્રારંભ આદિ

## • દીક્ષા પછીના વિહાર...

શ્રી શત્રુંજયગિરિરાજ - ગિરનારમહાતીર્થ - આબુતીર્થ - શંખેશ્વરજી - તારંગાજી - અમદાવાદ - વડોદરા - ડભોઈ - ભોયણી - પાનસર - શેરીસાદિ અઢળક તીર્થયાત્રા સાથે કુલ ૫૫૦૦ Kilometer વિહાર



## • પ્રથમ નજરે જ તરી આવે તેવા વિશિષ્ટ ગુણો...

શ્રી સિદ્ધગિરિરાજનું અદમ્ય-અનુપમ આકર્ષણ અને ભક્તિ, તન્મય પ્રભુભક્તિ, વિરલ કિસ્સામાં જ જોવા મળે તેવી ઉત્કૃષ્ટ ગુરુભક્તિ, ન સોંપાયેલ કાર્યો પણ કરી લેવાની સમુદાયભક્તિ, સહવર્તી સંયમીઓ માટે સેવાવૃત્તિ, કદી એક વાક્ય પણ ઊંચા અવાજે ન બોલ્યા હોય તેવી વિરલ સમતાવૃત્તિ, જરૂરી ભક્તિકાર્યો બાદ એક ક્ષણ પણ વેડફ્યા વિના શ્રુતાભ્યાસ, સદૈવ પ્રસન્નતાભર્યો Smiling face, કોઈ મહત્ત્વાકાંક્ષા વિના માત્ર ગુરુવચન 'તહત્તિ' કરવાની જ શ્રેષ્ઠ સમર્પણવૃત્તિ

## • અંતિમ ઈચ્છા...

કાયમ શ્રી સિદ્ધગિરિરાજનાં સાન્નિધ્યમાં રહેવાની.

## • અંતિમ તપ...

કાલધર્મના પૂર્વદિને પોતાના સમસ્ત સંયમી સાંસારિક પરિવાર અને કુલ ૧૨ સંયમીઓ સાથે વર્ષીતપ પ્રારંભ

## • અંતિમ વિદાય...

વિ.સં. ૨૦૮૨, ફાગણ વદ - ૯ (સૂર્યોદયથી તિથિ ગણવાની શાસ્ત્રીય પદ્ધતિ મુજબ તો ફાગણ વદિ - ૮ શ્રી આદિનાથ પ્રભુની જન્મ - દીક્ષા કલ્યાણકતિથિ જ અંતિમ તિથિ) તા.૧૨.૩.૨૦૨૬, નેશનલ હાઈવે નં. ૪૮, ભોરોલ પાસે

## • વિરલ યોગાનુયોગ...

અંતિમ વર્ષની વિહારયાત્રાનો પ્રારંભ શ્રી સંભવનાથની નિશ્રામાં પંકજ સંઘ - અમદાવાદથી અને અંતિમયાત્રા - પાલખીયાત્રાનો પ્રારંભ પણ શ્રી સંભવનાથની નિશ્રામાં વસઈ રોડ જૈન સંઘમાંથી

## • વિરાટ ગુણાનુવાદસભા...

વિ.સં.૨૦૮૨, ફાગણ વદિ - ૧૧, તા.૧૩.૩.૨૦૨૬, ભાયંદર-બાવન જિનાલય તીર્થે. તેમાં ૨૦૦૦ થી વધુ ભાવિકોની ઉપસ્થિતિ

## • કાલધર્મ મહોત્સવ...

વિ.સં.૨૦૮૨, ચૈત્ર વદિ ૨-૩-૪, તા.૪-૫-૬ એપ્રિલ ૨૦૨૬, કર્મભૂમિ શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘ કાંદિવલી - પૂર્વ, મુંબઈ

# મમતામયી માતાની અંતર-આશિષ સ્વહસ્તાક્ષરોમાં...



- ખુબ ખુબ પ્રભુભક્તિ કરો.
- ખુબ ખુબ ગુરુભક્તિ કરો.
- ખુબ પુણ્યશાળી - સૌભાગ્ય શાળી બનો --
- ગુરુના હૈયે વસનારા શિષ્ય બનો અને

ઘાતી-અઘાતી કર્મ ખપાવી જલ્દી થી
મોક્ષસુખ-શાશ્વતસુખને પ્રાપ્ત કરો.

—સા. હિતાર્થમિત્રા શ્રી

પોતાના બન્ને પુત્રમુનિવરોને પૂ. માતાસાધ્વીજી શ્રી હિતાર્થમિત્રાશ્રીજી મ.એ લખેલ હૃદયોર્મિભર્યાં આશિષપત્રના મહત્ત્વના અંશો

## પૂ. મુનિવર શ્રી નમ્રરત્નવિજયજી મ.નો શ્રી આદિનાથદાદા સાથે અજબ-ગજબનો ઋણાનુબંધ

**જન્મ...** Janma

અનંત સિદ્ધાત્માઓની સિદ્ધભૂમિ શ્રી શત્રુંજયગિરિનાં અને
શત્રુંજયેશ્વર દાદા આદિનાથનાં સાન્નિધ્યમાં...

**પ્રથમ દર્શન...** Pratham Darshan

જય તળેટીએ દાદા આદિનાથની ચરણ પાદુકાના..

**જીવનના ૧ થી ૭ વર્ષ...** 1 to 7 Varsh

મુંબઈ-મુલુંડ તાંબેનગર સંઘના
શ્રી અમીઝરા આદિનાથ દાદાની છાયામાં...

**જીવનના ૮ થી ૧૫ વર્ષ...** 8 to 15 Varsh

મુંબઈ-કાંદિવલી (પૂર્વ) શાંતિનાથ-ઝાલાવાડ સંઘના
શ્રી કેશરિયા આદિનાથ દાદાની છાયામાં...
(૧૫ વર્ષે દીક્ષા)

**દીક્ષાના ૬ વર્ષ...** Diksha Varsh

શ્રી શત્રુંજય આદિનાથ દાદાની તસવીરનાં સાન્નિધ્યમાં...

**અંતિમ ભાવના...** Antim Bhavna

શ્રી શત્રુંજયગિરિ-આદિનાથ દાદાનાં સાન્નિધ્યમાં રહેવાની

**અંતિમ તપશ્ચર્યા...** Antim Tapascharya

દાદા આદિનાથ પ્રણીત વર્ષીતપ પ્રારંભની


**જીવનનો અંતિમ દિન...** Antim Din

ફાગણ વદિ-૮ દાદા આદિનાથનો
જન્મ-દીક્ષા કલ્યાણકદિન...


**અને એક ઔર વાત** Aur ek Vaat

**પ્રભુ આદિનાથે માતા મરુદેવીને મોક્ષ અપાવ્યો...**

**આમણે માતા સહિત પૂરા પરિવારને સંયમ અપાવ્યો...**






આવું કરો
એ ન ચાલે,
મુનિવર !
હૃદયસ્પર્શી
સંવેદના-1
મુનિવર !
તમે તો ઔચિત્ય-વિવેક ગુણના ભંડાર હતા.
તમને ખબર જ છે કે
શ્રમણનો સંથારો ઉપાશ્રયમાં જ હોય, અન્યત્ર નહિ.
છતાં તમે સંથારો... એ ય કાયમી સંથારો
આમ સાવ સરેઆમ Road પર કેમ કરી દીધો ?
આપણે સહુ રોજ રાત્રે સંથારા પૂર્વે
પૂ.મોટા સાહેબજીને-પૂ. ગુરુદેવને 'મત્થએણ વંદામિ' કરતા.
પછી જ આપણો સંથારો થતો.
એ દિવસે તમે બેમાંથી કોઈને ય 'મત્થએણ વંદામિ'
કર્યા વિના કાયમી સંથારો કેમ કર્યો ?
મોટા સાહેબજી અને ગુરુદેવ, અમે સહુ શ્રમણો અને શ્રમણીગણ,
અરે ! ગચ્છાધિપતિઓ અને આચાર્યદેવો સહિત સકલ સંઘ
એ દિવસે આ કારણે કેટલું રડ્યો ? વ્યથિત થયો ?
તમે આવું કરો એ ન જ ચાલે, મુનિવર !

હૃદયસ્પર્શી
સંવેદના-2

# આવું કરો એ ન ચાલે, મુનિવર !






મુનિવર !
કાલધર્મના ત્રણેક દિવસ પૂર્વે તમે
તમારા માતા સાધ્વીજી સમક્ષ
ભાવ વ્યક્ત કર્યા હતા કે
'મને સિદ્ધગિરિરાજ પર કાયમી રહેવાની ઝંખના છે.'
શ્રી ગજસુકુમાલમુનિને મોક્ષની તીવ્ર ઝંખના હતી.
માટે દીક્ષાની રાત્રે જ દેહ ત્યાગી તેઓ મોક્ષે સિધાવ્યા.
શું તમે પણ તમારી તીવ્ર ઝંખનાવશ જ
આમ ઉતાવળે એકાએક દેહ ત્યાગીને ચાલી નીકળ્યા ?
પણ... સાંભળો મુનિવર !
શ્રી ગજસુકુમાલમુનિએ દેહત્યાગ પૂર્વે
શ્રી નેમિનાથપ્રભુની રજા લીધી હતી.
તમે દેહત્યાગ પૂર્વે પૂ. મોટા સાહેબજીની રજા કેમ ન લીધી ?
**તમે આવું કરો એ ન જ ચાલે, મુનિવર !**



હૃદયસ્પર્શી સંવેદના-૩

# આવું કરો એ ન ચાલે, મુનિવર !

મુનિવર !
પ્રાચીન કાળના મુનિવરો અનશન કરી દેહત્યાગ કરતા હતા
એ વાતનો તમને ખ્યાલ હતો.
કેમકે તમે અનેક સંસ્કૃત ચરિત્રગ્રન્થો વાંચ્યા હતા.
શું તમે પણ અનશન ચાહતા હતા એટલે જ
વર્ષીતપના ઉપવાસ પર એક પણ બિયાસણા વિના
અનશનની જ અવસ્થામાં દેહત્યાગ કર્યો ?
જો હકીકત આ છે તો મુનિવર ! અમારો પ્રશ્ન છે કે
તમે અનશનની વિધિ કેમ ન સાચવી ?
અનશનની વિધિમાં પૂ. ગુરુદેવની અનુજ્ઞા અને સહવર્તીઓને
'મિચ્છા મિ દુક્કડં' હોય છે.
જો તમે આ વિધિને અનુસર્યા હોત
તો અમે તમને ચોક્કસ જ અનશન કરતાં અટકાવ્યા હોત !
તમે ન સાચવી વિધિ, એમાં મોટું નુકસાન થયું સહુને.
**તમે આવું કરો એ ન જ ચાલે, મુનિવર !**



## હૃદયસ્પર્શી સંવેદના-4

# આવું કરો એ ન ચાલે, મુનિવર !



મુનિવર !
આપણા શ્રમણ Group નો
એક અચલ નિયમ છે કે
નિત્ય વહેલી પ્રભાતે ઊઠતાંવેંત
પૂ. મોટા સાહેબજીને
'મત્થએણ વંદામિ' કરવું
અને તેઓશ્રી સહુના મસ્તકે
હાથ મૂકી આશીર્વાદ આપે.
છેલ્લા કેટલાક દિવસોથી તમે
અમારી જેમ પૂજયશ્રીને
'મત્થએણ વંદામિ'
કરવા નથી આવતા.
એનાથી તમને પૂજ્યશ્રીના પ્રત્યક્ષ
આશીર્વાદ નથી મળતા,
તો પૂ. મોટા સાહેબજી
તમને પ્રત્યક્ષ નહિ જોઈ
દુઃખી દુઃખી થાય છે.
શું પૂજ્યશ્રીની પ્રત્યક્ષ
આશિષ વિનાનો દિવસ
તમને ગમે છે ?
શું પૂજ્યશ્રી દુઃખી થાય એ તમને ગમે છે ?
જો ના, તો તમે ગેરહાજર કેમ રહો છો ?
તમે આવું કરો એ ન જ ચાલે, મુનિવર !

# આવું કરો એ ન ચાલે, મુનિવર !




મુનિવર !
‘શ્રમણે માતા-પિતાદિની મમતાનો ત્યાગ કરવો’
એમ શાસ્ત્રો અવશ્ય કહે છે. પણ
‘માતા-પિતાદિને રડતા મૂકી ઠુકરાવી દેવા’
એવું તો એકે ય શાસ્ત્ર કહેતું નથી.
છતાં તમે
તમારા માતા-પિતા-ભાઈને... એ ય સંયમી બનેલને...
રડતા મૂકી-ઠુકરાવી સિદ્ધગિરિના સ્થાયી નિવાસે પહોંચી ગયા.
તમારી ચિરવિદાય બાદ માતા સાધ્વીજીએ કેવું કલ્પાંત કર્યું !
તો પિતાજી મ. અને ભાઈ મ.ની આંખના આંસુઓ થીજી ગયા !

મુનિવર ! તમે કયા શાસ્ત્રમાંથી બોધ તારવી લાવ્યા કે જેમાં
સંયમી માતા-પિતા-ભાઈને ય રડતા-ઝૂરતા બનાવી શકાય.
શું તમને શોભે છે આ અભિગમ ? ના-ના ને ના જ.
**તમે આવું કરો એ ન ચાલે, મુનિવર !**

## પરમ ગુરુદેવશ્રીની Feelings

"એમના કાળધર્મદિને અમારી અને એમના ગુરુદેવ આ.શ્રી રશ્મિરત્નસૂરિજીની Feelings એક સરખા હતી કે અન્ય શ્રમણો અલબત્ત સારા જ છે. પરંતુ આવા સમર્પિત અને સમજદાર શ્રમણો જલ્દી મળવા દુર્લભ છે."

- પૂ.આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.
(ગુજરાત સમાચાર-મુંબઈ. તા.૧૬.૩.૨૦૨૬. અમૃતની અંજલિ વિભાગ)




આ શબ્દોનો સાચો મર્મ સમજવો હોય તો આ પુસ્તકના પેજ નં.57+65 Continuity માં વાંચો.



# દારુણ અકસ્માત્‌ની ગોઝારી ક્ષણો

વિ.સં.૨૦૮૨, ફાગણ વદિ-૯, તા.૧૨.૩.૨૦૨૬ નો દિવસ. સલામતીના લક્ષ્યથી સમગ્ર શ્રમણવૃંદમાં જે વિહારપદ્ધતિ દાયકાઓથી નિશ્ચિત હતી તે જ રીતે સહુ શ્રમણો વિહાર કરી રહ્યા હતા. એટલે કે Divider હોય તે Road પર Wrong side પર જ ચાલવું. જેથી સામેથી આવતા વાહનો જોઈ શકાય. એ Side પર પણ વાહનો માટે Three-lane હોય. એ પૈકી Third-lane ની Border બહાર એકની પછી એક : આ પદ્ધતિએ શ્રમણો વિહાર કરતા હતા.



સ્વ. મુનિશ્રી જ્યાં વિહરતા હતા ત્યાં કુલ ચાર શ્રમણો હતા : આ. શ્રી હિતરત્નસૂરિજી, મુનિ શ્રી નમ્રરત્નવિજયજી, આ. શ્રી અક્ષયરત્નસૂરિજી, મુનિ શ્રી મોક્ષરત્નવિજયજી. સર્વપ્રથમ આ. શ્રી હિતરત્નસૂરિજી હતા. તેઓ લઘુનીતિ માટે Highway ની બાજુની કેડી પર ઊતર્યા ત્યારે ત્યાં ઊભા રહેલ શ્રી નમ્રરત્નવિજયજી એમના સૌથી પ્રિય વીતરાગસ્તોત્રનો સ્વાધ્યાય કરતા હતા. તે પછી નમ્રરત્નવિજયજી સૌથી આગળ થયા અને અન્યો પાછળ.

આ રીતે માંડ દશેક ડગલાં ચાલ્યા ત્યારે, First-lane માં પૂર ઝડપે દોડતી Four Wheeler એ Lane માં ઊભી રહેલ Truck સાથે Accident થી બચવા એકાએક Second lane માં દાખલ થઈ. એ ક્ષણે Second lane માં એટલા જ Force થી દોડતી Truck એ, Four Wheeler ને જોરદાર ટક્કર મારી. ભયાનક અવાજ થયો અને ધૂમાડાના ગોટેગોટા સર્જાયા. આ ઘટના વિહાર કરતા મુનિવરોથી લગભગ ૧૫0 Feet દૂર બની. ત્યાંથી Four Wheeler ભયંકર રીતે ફંગોળાઈ Third lane પર કિનારા તરફ આવી.

અકસ્માત્ થયાનો ખ્યાલ આવતા જ બૂમ લગાવી પાછળના ત્રણે ય શ્રમણોએ Road પરથી Side માં Jump લગાવ્યો. એ ત્રણે ય આબાદ બચ્યા. સ્વ. મુનિશ્રીની બાજુમાં ઝાડી હતી. એથી તેઓ ત્યાંથી Jump લગાવી ન શક્યા. ક્ષણાર્ધની જ આ બાજી હતી. એ પરત ફરવા ગયા ત્યાં Four Wheeler એ ધસમસતા આવી જોરદાર ટક્કર લગાવી. મુનિશ્રી ઉછળીને Road પર જોશભેર પટકાયા. અન્ય ત્રણ મુનિવરો વળતી જ ક્ષણે Road પર આવી ગયા. એક શ્રમણે Police-Ambulance વગેરે વ્યવસ્થા કરવા માંડી, બે શ્રમણો તે ક્ષણથી લઈ Hospital પહોંચ્યા ત્યાં સુધી નવકારમન્ત્ર-ક્ષમાપનાપાઠ આદિ સંભળાવતા રહ્યા. ડૉક્ટરે જોતાંવેંત કહ્યું કે 'જીવ નથી'. પછી નવકારશ્રવણ બંધ કરાયું.

છેલ્લે ત્યાં રહેલ શ્રમણોની વાત. એમણે કહ્યું કે "અમે 'Chance' લેવા જ નવકારમન્ત્રાદિ શ્રવણ કરાવ્યું. બાકી મુનિવર પટકાયા તે જ ક્ષણે આયુષ્ય પૂર્ણ થયું લાગ્યું. એમણે વેદનાનો એક ઊહકારો ભર્યો નથી. અમે નવકારની સાથે ચાર વાર નાડી અને શ્વાસ તપાસ્યા. બન્ને સાવ બંધ હતા. તેઓ વીતરાગસ્તોત્રના સ્વાધ્યાયમાં જ કાલધર્મ પામ્યા છે !!"

# ખાનદાન કુલ...
# નૈસર્ગિક વિનય...



**"સાહેબજી !**
**આપ મન પર ભાર ન રાખશો.**
**હું આપને અને ગુરુ મહારાજને**
**મારા ભાઈ મ. ની ખોટ નહિ પડવા દઉં,**
**ભાઈ મ. આપ બન્નેની જેવી સેવા-ભક્તિ કરતા હતા,**
**એવી જ સેવા-ભક્તિ હું કરીશ."**

સ્વ. મુનિશ્રીના કાલધર્મના બીજા જ દિવસે વસઈમાં સહજ ભક્તિભાવથી આ શબ્દો પૂ. મુનિરાજ શ્રી ધૈર્યરત્નવિજયજી મહારાજે ચરણસ્પર્શ કરીને કહ્યા ત્યારે, પૂ.આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ની આંખો અશ્રુઓથી છલકાઈ ઊઠી હતી કે કેવું કુલ ! આમને ભાઈ મ.ના ચિરવિયોગ કરતાં ય ગુરુદેવોની ચિંતા વિશેષ છે !



# 'નમ્ર'નજરાણાં


- પૂ. શતાધિક ગ્રન્થસર્જક પરમ ગુરુદેવ આ.ભ.
શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.

ઉત્તમ જિંદગીનું Barometer
બની રહે તેવી મજાની વાત એક
શાયરીમાં જણાવાઈ છે

**जिंदगी ऐसी बना,**
**जिंदा रहे दिलसाद तू ।**
**जब न हो दुनिया में,**
**दुनिया को याद आये तू ॥**

જેઓએ સેવા-પરોપકારની કે સુકૃતોની હારમાળા સર્જી હોય તેઓ લોકહૃદયમાં પ્રતિષ્ઠા પામે એ અલગ સ્તરની બાબત છે અને જેઓ અવ્વલ કક્ષાના વિશિષ્ટ ગુણોથી, આત્મકલ્યાણના લક્ષ્યની પ્રતિબદ્ધતાનો અહેસાસ કરાવે તેવી પરિણતિથી-પ્રવૃત્તિથી, વિચારક વ્યક્તિઓનાં હૃદયમાં પ્રતિષ્ઠા પામે એ એનાથી સાવ અલગ સ્તરની-ઉચ્ચતમ સ્તરની બાબત છે.

અમને એ લખતાં નિઃશંકપણે ગૌરવની લાગણી થાય છે કે અમારા પ્રશિષ્યરત્ન માત્ર ૨૧ વર્ષીય યુવામુનિવર શ્રી નમ્રરત્નવિજયજી અલ્પ આયુષ્યમાં-અલ્પ સંયમપર્યાયમાં દરેક ધર્મપરિચિત વ્યક્તિઓનાં હૈયે જે પ્રતિષ્ઠા પામ્યા એ બીજા પ્રકારના ઉચ્ચતમ સ્તરની બાબત છે. જેઓએ એમને નિકટથી જાણ્યા-માણ્યા છે તેઓ તો એમના વિશિષ્ટ ગુણવૈભવથી પ્રભાવિત છે જ. પરંતુ જેઓ એમના આકસ્મિક કાલધર્મથી અને તે સમયે પ્રસારિત એમના જ્ઞાનની-તપની માહિતીથી એમના પ્રત્યે અહોભાવિત થયા છે તેઓ એમના અભ્યંતર ગુણવૈભવથી પરિચિત થાય તે માટે અમે હવે પ્રસ્તુત કરીશું 'નમ્ર-નજરાણાં' અર્થાત્ શ્રી નમ્રરત્નવિજયજીનાં નજરાણાં સમા ઝળહળતા જીવનપ્રસંગો :



# ૧) પ્રભુભક્તિનજરાણું

'સિંદૂરપ્રકર' ગ્રન્થના એક શ્લોકમાં મજેદાર કલ્પના કરવામાં આવી છે કે માનવજન્મ એક લીલુંછમ વૃક્ષ છે અને છ વિશિષ્ટ આરાધના એના છ ઉત્તમ ફળો છે. એ છમાં ગ્રન્થકારે "જિનેન્દ્રપૂજા" શબ્દ લખીને પ્રથમ સ્થાન આપ્યું છે જિનપૂજાને-પ્રભુભક્તિને. અન્ય ગ્રન્થોમાં પણ "यस्य देवे परा भक्तिः" જેવી સદાબહાર પંક્તિઓ દ્વારા પ્રભુભક્તિને સર્વોપરિ સ્થાન અપાયું છે.

આ પ્રભુભક્તિ Normal Course માં નિયમિત થવી-ભાવથી થવી એ અલગ વાત છે અને અતિશય શારીરિક- માનસિક પરિશ્રમની સ્થિતિમાં ભાવપૂર્વક નિયમિત થવી એ અલગ વાત છે. એવી કસોટીની સ્થિતિમાં એક જિનાલયની ભક્તિ થવી અલગ વાત છે અને સંખ્યાબંધ જિનાલયોની ભક્તિ એકસરખી સ્થિરતાથી થવી અલગ વાત છે. એવી ભક્તિ પરિપક્વ વયની વ્યક્તિ દ્વારા થાય તે અલગ વાત છે અને બાળવયની વ્યક્તિ દ્વારા થાય એ અલગ વાત છે. અમે મુનિ શ્રી નમ્રરત્નવિજયજીનાં જીવનમાં આ ત્રણે ય વિશિષ્ટતાસભર પ્રભુભક્તિ નિહાળી વિ.સં. ૨૦૭૫ અને તેની આસપાસમાં.

એ વર્ષોમાં તેઓ તેર-ચૌદ વર્ષની વયે અમારી નિશ્રામાં મુમુક્ષુરૂપે સંયમની તાલિમ લઈ રહ્યા હતા. ત્યારે ઘણી વાર એવું બનતું કે સવારે પંદર-સત્તર-અઢાર Kilometer નો દીર્ઘ વિહાર હોય, ગામમાં પહોંચીને આવશ્યક કાર્યો બાદ તુર્ત સંયમીવૃંદને દર્શન માટે જવાનું હોય, ગામમાં બે-પાંચ-સાત-દશ જિનાલયો હોય અને એક જ દિવસની સ્થિરતા હોવાથી ભક્તિ એ જ દિવસે કરવાની હોય. એમાં ય મુમુક્ષુએ પ્રભુપૂજાદિ ભક્તિ બપોરે બાર-એક વાગ્યા સુધીમાં કરવાની હોય. અમે દરેક આવા પ્રસંગોમાં Mark કર્યું હતું કે મુમુક્ષુ નેમીન સ્વયંસ્ફૂર્ત ભાવનાથી ઉલ્લાસભેર આ પ્રભુભક્તિ કરે. એક બાળમુમુક્ષુ અઢાર Kilometer નો વિહાર કરે અને તે પછી આરામ વિના આઠ આઠ દશ દશ જિનાલયોમાં ભાવથી પ્રભુપૂજા-ચૈત્યવંદનાદિ ભક્તિ કરે એ જન્માંતરીય અને જન્મજાત સંસ્કારો વિના શે શક્ય બને ?

એ વિહારક્રમમાં યાદ આવે છે પાલનપુરનો દિવસ. સવારે ત્યાં આવી સાંજે તો વિહાર કર્યો. ગામમાં દશ જિનાલયો હતા અને એ ગરમ પ્રદેશમાં ગ્રીષ્મકાલીન એ દિવસની ગરમી પણ ભયાનક હતી. છતાં જરાય આરામ વિના નેમીને દરેક જિનાલયે ચડતા ભાવે પ્રભુપૂજા-ચૈત્યવંદનાદિ કર્યા ! આ લખવું કે વાંચવું જેટલું આસાન છે એટલું આસાન ભયાનક ગરમી અને પુષ્કળ વિહારો વચ્ચે આ હદનું પ્રભુભક્તિનું સુકૃત નથી જ.

***

**પ્રભુભક્તિના આ સંસ્કારો એમને માતા-પિતા તરફથી ગળથૂથીમાંથી મળ્યા હતા અને એમાં મુખ્ય કારણ હતું સૃષ્ટિશિરતાજ ભવજલધિજહાજ તારક તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ગિરિરાજ. પાલિતાણામાં જન્મ થયો હોવાનાં કારણે અને જન્મદિને માતાએ આઠ-આઠ કલાક માત્ર શ્રી શત્રુંજય**

ગિરિરાજ અને દાદા આદીશ્વર પ્રભુનું જ ધ્યાન ધર્યું હોવાના કારણે બાલમુમુક્ષુ નેમીનકુમારમાં શ્રી શત્રુંજય ગિરિરાજ પ્રત્યેની ભક્તિ અદ્ભુત-અવિહડ કક્ષાની હતી. આ ભક્તિના પ્રતિબિંબ સાવ બાલવયથી એમનામાં ઝિલાતા હતા.

એમના માતા-પિતા મુંબઈમાં વસતા હતા. પરંતુ પિતામહ વગેરેનું વતન પાલિતાણા. એથી અવારનવાર તેઓ પાલિતાણા રહેવા આવે. સાવ નાની વયે ય એવું બનતું કે પાલિતાણા આવે ત્યારે અચૂક એક-બે વાર તો ગિરિરાજની યાત્રા સ્વજનો કરાવે જ. થોડા મોટા થયા પછી એવું બનતું કે જેટલા દિવસ પાલિતાણામાં રહે તેટલા દિવસ તેઓ સ્વયં એકેક યાત્રા અવશ્ય કરે. કલ્પના કરો કે સાત-આઠ વર્ષના બાળકને બાળવયના મિત્રો સાથે રમવામાં-ફરવા જવામાં વધુ રસ હોય કે શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રામાં ? સ્વાભાવિક જ રમવામાં-ફરવા જવામાં. જૈનત્વના સંસ્કારવશ એ ગિરિરાજની યાત્રા કરે તો એકાદ-બે વાર, પછી તો એનું બાલમાનસ રમવામાં જ પરોવાય. પરંતુ નેમીનકુમારમાં આનાથી વિપરીત ઉચ્ચતમ ભક્તિના ભાવો વિલસતા હતા. માટે પ્રતિદિનની એકેક યાત્રા એ વયે શક્ય બની. આ જ ગિરિરાજભક્તિધારાએ માત્ર અગિયાર વર્ષની વયે એમને ગિરિરાજની નવાણું યાત્રા કરાવી. આ નવાણું યાત્રા દરમ્યાન જ એમની હૃદયવીણાના તાર ગિરિરાજ અને શ્રી આદીશ્વર પ્રભુ પ્રત્યે એવા દૃઢ જોડાયા કે જાણે પ્રભુ એમના પ્રિયતમ હોય અને એ પ્રભુને કહી રહ્યા હોય કે : -

**પ્રભુ ! તું નથી તો કાંઈ નથી, તું અસારે સાર છે;**
**તારા વિનાની જિંદગી, બિસ્માર છે બેકાર છે.**

***

પરમાત્મતત્ત્વ પ્રત્યેની ઉત્કટ ભક્તિ હોવી સારી વાત છે. પરંતુ એમાં સમજણનું સ્તર સમ્યગ્ હોવું એથી ય વિશેષ સારી વાત છે. પ્રભુ પ્રત્યેની ઉત્કટ ભક્તિ જો દૂધછલોછલ પાત્ર છે, તો સમજણનું સમ્યક્ સ્તર મેળવણ છે. એવું મેળવણ કે જે ભક્તિના દૂધને જમાવી દઈ-સ્થિર કરી દહીંમાં અર્થાત્ મુક્તિપ્રાપક યોગમાં રૂપાંતિરત કરે. મુનિશ્રીમાં આ સમ્યક્ સમજનું સ્તર કેવું શ્રેષ્ઠ હતું એની એક ઝલક શ્રી સિદ્ધગિરિરાજ સંબંધી જ નિહાળીએ :

વિ.સં.૨૦૮૦. નેવું પૂ. શ્રમણ-શ્રમણીભગવંતો સહિત અમારું સામૂહિક ચાતુર્માસ, ઉપધાનતપ-સામૂહિક નવાણું- પાંચ પદયાત્રા સંઘો આદિ અનુષ્ઠાનોયુક્ત પાલિતાણા-ચેન્નઈભવનમાં યોજાયું. સાત માસના આ સમયખંડમાં ચાતુર્માસ બાદ એક વાર મુનિ શ્રી નમ્રરત્નવિજયજી શ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાએ ગયા. રાયણપગલાં પાસે એમના માતા સાધ્વીજી શ્રી હિતાર્થમિત્રાશ્રીજી એમને મળ્યા. એમણે પુત્રમુનિને કહ્યું : “આ સ્થાન સાક્ષાત્ શ્રી આદીશ્વર દાદાના પવિત્ર દેહની સ્પર્શના પામેલ છે. અહીંની ઊર્જા સર્વાધિક ગણાય. તમે અહીં પાંચ Minutes ધ્યાન ધરો. હું પણ થોડે દૂર પાછળ ધ્યાન ધરું છું.” મુનિશ્રી સંમત થયા. બન્નેએ પાંચ Minutes ધ્યાન ધર્યું. એ પછી

માતાસાધ્વીજીએ પૂછ્યું : "શું વિચાર્યું આ ધ્યાનમાં ?" ઉત્તરમાં મુનિશ્રીએ એમનું Trademark જેવું મધુર હાસ્ય વેર્યું. માતાસાધ્વીજી સમજી ગયા કે એ પહેલો પ્રતિભાવ એમનો જાણવા ચાહે છે. તેઓ બોલ્યા : "મેં આદીશ્વર દાદાને એમ કહ્યું કે મને ભવોભવ તમારા જેવો દીકરો મળે કે જે સ્વયં દીક્ષા લે અને અમને સહુને દીક્ષા અપાવે." એક તો સ્ત્રી અને એમાં વળી માતા, એથી એમની પ્રભુ પ્રત્યેની વિચારણામાં ય થોડો પુત્રરાગ આવી જાય એ સહજ હતું.

મુનિશ્રીએ હવે પોતાનો ક્રમ આવ્યો જાણીને કહ્યું : "મેં તો માત્ર એટલું જ વિચાર્યું કે હે આદીશ્વર દાદા ! આપ અમને સહુને આપનાં ચરણમાં ને શરણમાં રાખજો." માતાસાધ્વીજીને ક્ષણાર્ધ એમ થયું કે મેં પુત્ર માટે વિચાર્યું, એણે મારા માટે કાંઇ ન વિચાર્યું ? માતાસાધ્વીજીના મનોભાવ પરખી ગયેલ મુનિશ્રીએ હવે વિવેકપૂર્વક કહ્યું : "તમે જે વિચાર કર્યો એ બરાબર ન કહેવાય. કેમ કે 'ભવોભવ તમારા જેવો દીકરો મળે' એનો અર્થ એ કે તમારે ભવોભવ સંસાર માંડવો પડે. તમે સાધ્વીજી છો. માટે આ વિચાર ન કરાય. મેં જે વિચાર્યું એવો જ વિચાર કરાય." માતાસાધ્વીજી પુત્રમુનિની આ સમ્યક્ સમજ પર ગૌરવથી પુલકિત બની ગયા !



***

વિ.સં.૨૦૮૨. ફાગણ વદિના અર્થાત્ મુનિશ્રીનાં જીવનના અંતિમ દિવસો. ત્યારે વર્ષીતપનો સર્વપ્રથમ વિચાર રજૂ કર્યો વિદ્વાન્ મુનિવર શ્રી પ્રશમરત્નવિજયજીએ. એમાં એક પછી એક કુલ આઠ શ્રમણો અને ચાર સાધ્વીજી મળી બાર સંયમીઓએ સામેલ થવાનું નિશ્ચિત કર્યું. તેમાં મુનિશ્રીનો સમગ્ર પરિવાર



પણ સામેલ થનાર હતો. શ્રમણોમાં હવે વાર્તાલાપનો વિષય વર્ષીતપ બની ગયો. એક શ્રમણ કહે : "આ વર્ષે વર્ષીતપ શરૂ કરીએ છીએ એ ખૂબ અનુકૂળ છે. કેમકે પૂ. મોટા સાહેબજીનાં શાસનકાર્યો વૈશાખ માસ સુધી પ્રાયઃ મુંબઈમાં રહેશે. વળી વિ.સં. ૨૦૮૩ નું ચાતુર્માસ સુરત છે. એથી કદાચ વહેલો વિહાર થાય તો ય વર્ષીતપમાં ઝાઝા વિહાર નહિ આવે." તુર્ત જ શ્રી નમ્રરત્નવિજયજી સહજ ભક્તિથી ગંભીરતાપૂર્વક બોલ્યા : "મને તો એ અફસોસ થાય છે કે જીવનનો પ્રથમ વર્ષીતપ કરીશ અને છતાં શ્રી શત્રુંજય ગિરિરાજને-ત્યાંના આદિનાથ દાદાને ભેટવાનું નહિ મળે. ખરેખર તો વર્ષીતપમાં શ્રી શત્રુંજય ગિરિરાજની-દાદા આદિનાથની સ્પર્શના થાય તો ખૂબ ખૂબ આનંદ થઈ જાય, વર્ષીતપ લેખે લાગે."

શું છે આ જવાબ ? શ્રી શત્રુંજય ગિરિરાજ-દાદા આદિનાથ પ્રત્યેની ઉત્કૃષ્ટ-ઉત્કટ ભક્તિનો બોલતો પુરાવો ! જાણે મુનિશ્રી તીર્થાધિરાજને-તીર્થાધિનાયકને કહી રહ્યા હોય કે :-

**હવે પરવડે નહિ રહેવાનું તારાથી દૂર, તારે રહેવાનું હૈયામાં હાજરાહજૂર;**
**તારાં સ્મરણોમાં ખોવાતો જાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી ! હું ભીંજાઉં છું.**

વર્ષીતપમાં ગિરિરાજને-જિનરાજને ભેટવાની તીવ્ર તમન્ના એમનાં હૈયે ઉભરાતી હશે. એથી જ જાણે પ્રથમ બિયાસણું પણ કર્યા વિના ગિરિરાજ- જિનરાજને ભેટવા તેઓ અચાનક નીકળી પડ્યા લાગે છે ! કદાચ શ્રી શત્રુંજય ગિરિરાજના અધિષ્ઠાયક દેવ બનીને તેઓ ત્યાં તીર્થભક્તિ-તીર્થંકરભક્તિ અદૃશ્યપણે કરી રહ્યા હશે !

એમના જીવનના અંતિમ દિનનો પ્રભુભક્તિ સાથે સંબંધિત એક ગજબ યોગાનુયોગ એવો કે મુનિશ્રીએ અમારી અંતિમ વાચના સાંભળી ફાગણ વદિ આઠમે સાંજે ૫.૪૫ થી ૬.૧૫ દરમ્યાન. સમૂહમાં સર્વ શ્રમણ-શ્રમણીભગવંતોને અપાયેલ એ વાચના પ્રભુભક્તિ સાથે સંબંધિત હતી ! જીવનના અંતિમ દિનની અને ગુરુદેવનાં મુખની અંતિમ વાચના એમના અત્યંત પ્રિય વિષયની હોય તે કેવો ગજબનો યોગાનુયોગ !

## ૨) ગુરુભક્તિનજરાણું

ગુરુતત્ત્વના બહુમાનના સંદર્ભમાં એક હૃદયસ્પર્શી વાક્ય મળે છે કે "જ્યોતિષશાસ્ત્ર કહે છે કે ગુરુગ્રહ જેનાં જીવનમાં ઉચ્ચ સ્થાને હોય એને ખૂબ ખૂબ સફલતા મળે. જૈન શાસ્ત્રો કહે છે કે ગુરુતત્ત્વ જેનાં જીવનમાં ઉચ્ચ સ્થાને છે તેને બાહ્ય-અભ્યંતર અદ્ભુત સફલતા મળે જ મળે." ગુરુ તો પથદર્શક છે, પથદાયક છે અને પરમપદપ્રદાયક છે. એથી જ 'સિંદૂરપ્રકર' ગ્રન્થમાં એમનાં માટે લખાયું છે કે "स्वयं तरंस्तारयितुं क्षमः परम्" મતલબ કે ગુરુ સ્વયં તો સંસારસાગર તરે છે, આશ્રિતોને સંસારસાગરથી તારે પણ છે.

ગુરુતત્ત્વના બહુમાનભાવને અનુલક્ષી 'પંચસૂત્ર' ગ્રન્થકાર અદ્ભુત વાત ફરમાવે છે કે "आयओ गुरुबहुमाणो अवंझकारणत्तेण अओ परमगुरुसंजोगो तओ सिद्धी असंसयं" ભાવાર્થ કે ગુરુતત્ત્વ પ્રત્યેનો બહુમાનભાવ ભાવિમાં અવન્ધ્ય કારણરૂપ બની પરમગુરુનો અર્થાત્ પરમાત્માનો સંયોગ કરાવે છે. એનાથી નિઃશંકપણે સિદ્ધિ પ્રાપ્ત થાય છે !

આ ગુરુતત્ત્વ પ્રત્યેનો વિનય, ગુરુની ભક્તિ-ગુરુ પ્રત્યે બહુમાનભાવ વગેરે વિવિધરૂપે આત્મસાત્ કરવાનો હોય. તો જ સાધનાજીવન સફલ ગણાય, અન્યથા નહિ. મુનિવર શ્રી નમ્રરત્નવિજયજીમાં આ વિનયગુણ, ભક્તિ-બહુમાન આદિ પાંચે ય પ્રકારે અતિશય ઉત્તમસ્વરૂપે કેવો ઝળહળતો હતો એના કેટલાક પ્રેરણાપ્રદ પ્રસંગો નિહાળીએ :

શ્રી ઉત્તરાધ્યયન આગમશાસ્ત્રના વિનયશ્રુત અધ્યયનમાં સુવિનીત શિષ્યનું-સાધકનું એક લક્ષણ આ દર્શાવ્યું છે કે "इंगियाकारसंपन्ने". મતલબ કે જે ગુરુની આજ્ઞાનું પાલન કરે તે ઉત્તમ શિષ્ય એમ નહિ, જે ગુરુની ઈચ્છાને અનુસરે તે ઉત્તમ શિષ્ય એમ પણ નહિ; સાચો-ઉત્તમ સુવિનીત શિષ્ય તે છે કે જે ગુરુની મુખાકૃતિ-હાવભાવ પરથી ગુરુની વણકહી ભાવના પરખી લઈ તે મુજબ પ્રવર્તે. મુનિવર શ્રી નમ્રરત્નવિજયજીમાં આ વિશિષ્ટ ગુણ કેવી સહજતાથી ઝળહળાયમાન હતો તેની પ્રતીતિ અમને થઈ એમની દીક્ષાના પ્રથમ જ વર્ષથી.

વિ.સં.૨૦૭૬. એમની દીક્ષાનું પ્રથમ ચાતુર્માસ બોરીવલી-મુંબઈના જામલીગલી સંઘમાં અમારી નિશ્રામાં હતું. એ ચાતુર્માસમાં એમનું આસન અમારી પાટથી ફક્ત પાંચ Feet દૂર હતું. એમનું લક્ષ્ય બે જ બાબતમાં વિશેષ કેન્દ્રિત રહેતું : અમારી ભક્તિમાં અને અભ્યાસમાં. અમે ઘણી વાર mark કર્યું કે અમે કાંઈ કહ્યું ન હોય છતાં તેઓ સ્વયંભૂપણે તે તે આવશ્યકતાની પૂર્તિ કરવા ખડે પગે તત્પર જ હોય એવી એમની ગુરુભક્તિ હતી. એમાંનું એક ઉદાહરણ લઈએ તો, અમારે પાણી વાપરવાની ઈચ્છા હોય, અમે પાણી હજુ માંગ્યું ન હોય ત્યાં તેઓ પાણીની પાત્રી ભરી ઉપસ્થિત થઈ જાય. આવું એક વાર નહિ, ઘણી વાર બન્યું ત્યારે અમે ગમ્મતમાં કહ્યું : "કેમ ? તમને મનઃપર્યવજ્ઞાન થયું છે ? તે વિના વગર કહ્યે અમારા મનના ભાવ તમને ક્યાંથી સમજાઈ ગયા ?" એ સસ્મિત બોલ્યા : "સાહેબજી ! આપ અર્ધો-પોણો કલાકથી સતત લખતા હો કે લોકસંપર્કમાં વ્યસ્ત હો : એથી મને ખ્યાલ આવી જાય કે હવે સાહેબજીને પાણીની જરૂર હશે, એથી હું આ કરું છું !" ક્યારે બને આ ? ઇંગિતાકારસંપન્નતા હોય તો જ, ગુરુ જીવનના કેન્દ્રમાં-વિચારોના કેન્દ્રમાં હોય તો જ. ખાસ ખ્યાલમાં રહે કે આ દીક્ષાના પ્રથમ ચાતુર્માસની ઘટના છે.



***

ઉત્તમ શિષ્યના સાત સરસ લક્ષણ એક શાસ્ત્રગાથા આ રીતે દર્શાવે છે કે :-

**अणुवत्तया विणीआ, बहुक्खमा निच्चभत्तिमंता य ।**
**गुरुकुलवासी अमुइ, धन्ना सीसा इअ सुशीला ॥**

ભાવાર્થ કે જે શિષ્યો
૧) ગુરુને અનુકૂલ પ્રવૃત્તિ કરનાર • ૨) વિશિષ્ટ વિનયસંપન્ન
3) ખૂબ ક્ષમાવંત • ૪) નિત્ય ભક્તિયુક્ત • ૫) સદા ગુરુકુલવાસમાં રહેનાર
૬) ગુરુને નહિ ત્યજનાર અને ૭) સુશીલ છે તે શિષ્યો ધન્ય છે.

શ્રી નમ્રરત્નવિજયજીમાં ધન્ય શિષ્યના આ સાતે લક્ષણ ખૂબ ઉચ્ચ સ્તરે વિલસતા હતા. પરંતુ અહીં આપણે એ પૈકી એક જ લક્ષણ નિહાળીશું 'अणुवत्तया' અર્થાત્ ગુરુદેવને અનુકૂળપણે વર્તનાર. અનુકૂળપણે વર્તનાર એટલે ? ગુરુદેવની માત્ર શારીરિક અનુકૂળતાઓ લક્ષ્યમાં રાખીને વર્તનાર એમ નહિ, બલ્કે એથી ય આગળ ગુરુદેવની માનસિક અનુકૂળતા-મનોરુચિને લક્ષ્યમાં રાખી વર્તનાર. આ માટે તે ઉત્તમ શિષ્ય પોતાની સ્વતન્ત્ર ઈચ્છા જ ન રાખે. પોતાની ઈચ્છાને એ કુરબાન કરે. આ અનુસંધાનમાં ઉત્તમ શિષ્યનું એક લક્ષણ અન્યત્ર આ અપાયું છે કે 'अणिच्छे' એટલે કે એ પોતાની સ્વતન્ત્ર ઈચ્છાથી રહિત હોય. ગુરુદેવની ઈચ્છામાં જ પોતાની ઈચ્છાનું વિલીનીકરણ એ કરી દે. મુનિશ્રીમાં આ લક્ષણ કેવું સરસ વિલસતું હતું એનો એક પ્રસંગ નિહાળીએ.

વિ.સં.૨૦૭૬ નો વૈશાખ માસ. મુનિશ્રીની દીક્ષાને ફક્ત બે માસ થયા હતા. એ દરમ્યાન વડીદીક્ષાના યોગ થયા. એમાં આયંબિલ આવે. મુનિશ્રીને આયંબિલની આદત ન હતી. એથી જરા કઠિનતા રહી. એ યોગ પૂર્ણ થયા ત્યાં થોડા દિવસોમાં અમને પાંચસો આયંબિલનો મનોરથ પ્રગટ્યો. અમારાથી એક આયંબિલ મુશ્કેલીથી થાય. એ સ્થિતિમાં એકાંતર પાંચસો આયંબિલની ભાવના જાગી એટલે અમારા તમામ શ્રમણો તેમજ કેટલાય શ્રમણી મળી કુલ ૫૮ સંયમીઓએ પાંચસો આયંબિલની ભાવના દર્શાવી. શ્રમણો તો તમામ હતા. એકમાત્ર આ નવદીક્ષિત માટે વિચારણા કરવાની હતી. અમે એમને પૂછ્યું શું ઈચ્છા છે તમારી ?"

એમણે અમારા મનોભાવ પરખી તુર્ત ઉત્તર આપ્યો : 'આપની ભાવના હોય તો હું પણ સહુની સાથે પાંચસો આયંબિલ કરીશ.' હવે એમના સહિત કુલ ૫૯ સંયમીઓના પાંચસો આયંબિલ થયા. દીક્ષાની શરૂઆતમાં જ અણધારી આટલી મોટી તપશ્ચર્યાની વાત આવે અને એને પોતાની કોઈ ઈચ્છા વચ્ચે લાવ્યા વિના તહત્તિ કરાય એ સ્વતન્ત્ર ઈચ્છાનાં વિલીનીકરણ વિના શે શક્ય બને ?

***



કેટલાક શિષ્યો એવા હોય કે જેઓ ગુરુભક્તિની વાતો કરવામાં પ્રવીણ હોય, ગુરુભક્તિ કરવામાં નહિ. શિષ્યો તે કહેવાય કે જેમનામાં બાહ્ય પ્રતિપત્તિ-સેવારૂપ પ્રથમ વિનયલક્ષણ ઝળહળતું હોય. મુનિવર શ્રી નમ્રરત્નવિજયજીમાં આ બાહ્ય પ્રતિપત્તિ-સેવારૂપ વિનયલક્ષણ અવ્વલ કક્ષાએ ઝળહળતું હતું. ભક્તિ માટે તેઓ અપ્રમત્ત વિદ્યાસાધક જેવા સાવધાન હતા. જે કાર્ય એમને સુપરત કરાયું હોય તે એ હંમેશા before time કરી દે. અમે ઘણી વાર ગમ્મતમાં કહીએ કે એમનો એક પગ અમારી પાસે હોય અને બીજો પગ એમના ગુરુદેવ અર્થાત્ અમારા પટ્ટશિષ્ય આ. શ્રી રશ્મિરત્નસૂરિજી પાસે હોય. આ minute પર તેઓ અમારી સેવામાં હોય, તો પાંચ minutes બાદ એ આ. રશ્મિરત્નસૂરિજીની સેવામાં હોય. અરે ! અમારી જ શા માટે ? સમુદાયનાં જે કાર્યો અન્યોનાં હોય તે પણ તેઓ સ્વયંભાવનાથી હસતા હસતા કરે. એમાં એમની નજરે તરી આવે તેવી વિશેષતા હતી પ્રસન્નતા. નાનાં-મોટાં કોઈ પણ સેવાકાર્ય પ્રસંગે એમની મુખમુદ્રા પ્રસન્નતાનીતરતી જ હોય.

***

અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ પૂજ્યપાદ યુગદિવાકર પરમ ગુરુદેવ આ.ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ માટે અમે સાતસો પેજનો મહાકાય 'યુગદિવાકર' જીવનગ્રંથ લખ્યો છે. એમાં એક હૃદયંગમ પ્રસંગ એ ટાંક્યો છે કે "શ્રી ધર્મસૂરીશ્વરજી દાદા જ્યારે માત્ર પાંચ વર્ષના અલ્પ દીક્ષપર્યાયી મુનિ હતા ત્યારે વિ.સં.૧૯૮૧ માં પ્રકાશિત 'ઉપદેશપદ' ગ્રન્થની સંસ્કૃત પ્રસ્તાવનામાં એમના ગુરુદેવ પૂજ્યપાદ સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજે (ત્યારે ઉપાધ્યાયજીએ) શ્રી ધર્મવિજયજી માટે આ શબ્દો લખ્યા હતા કે **"नैर्सगिककुलजविनयवैयावृत्त्यादिसद्गुणभाक्"** મતલબ કે મુનિ શ્રી ધર્મવિજયજી નૈસર્ગિક=સ્વાભાવિક અને કુલ-ક્રમાગત વિનય- વૈયાવચ્ચ વગેરે સદ્ગુણયુક્ત છે." પાંચ જ વર્ષના સંયમપર્યાયી મુનિવર માટે ગુરુવર આવો શબ્દપ્રયોગ કરે ત્યારે આપણે કલ્પના જ કરવી રહી કે એમનામાં વિનય-સેવા-ગુરુસમર્પણ કેવા શિખરસ્પર્શી હશે !

હવે નિહાળો આ જ બાબતનું પુનરાવર્તન મુનિવર્ય શ્રી નમ્રરત્નવિજયજીમાં. અમે વિહાર કરતા ગયા હતા વિ.સં. ૨૦૭૯માં પાનસર તીર્થે. શ્રી નમ્રરત્નવિજયજીની દીક્ષાનું એ ચતુર્થ વર્ષ હતું. બપોરે વાચનામાં વિનયના વિષયનાં નિરૂપણ સમયે અમારાં મુખમાંથી સહજ શબ્દો સરી પડ્યા કે "પૂ. ધર્મસૂરીશ્વરજી દાદા માટે જે શબ્દો ઉપદેશપદગ્રન્થની પ્રસ્તાવનામાં લખાયા છે એ શબ્દો શ્રી નમ્રરત્નવિજયજીને અક્ષરશઃ લાગુ પડે તેવા છે. એમનામાં કુદરતી-સ્વભાવગત અને કુલની ખાનદાનીજનિત વિનય છે !" એ દિવસે સહજભાવે બોલાયેલ એ શબ્દો આજે યાદ આવે છે ત્યારે આંખ- અંતર ભિંજાઈ જાય છે કે શ્રી નમ્રરત્નવિજયજીની યોગ્યતા-ખાનદાની કેવી ?

પૂ. ધર્મસૂરીશ્વરજી દાદા માટે ઉપદેશપદગ્રન્થની પ્રસ્તાવનામાં લખાયેલ એ શબ્દો હો કે અમારા દ્વારા વાચનામાં બોલાયેલ એ શબ્દો હો : શિષ્યની ઉચ્ચતમ યોગ્યતાના પ્રતીક એ શબ્દો પેલી ગાથાની સ્મૃતિ કરાવી જાય છે કે :-

**धन्ना ते जीअलोए, गुरवो निवसंति जस्स हिययम्मि ।**
**धन्नाण वि ते धन्नो, गुरुण हियए वसई जो उ ।**

ભાવાર્થ કે તે શિષ્યો ધન્ય છે જે ગુરુને હૈયે વસાવે છે. પરંતુ તે શિષ્યો તો ધન્યાતિધન્ય છે જે પોતાના ઉચ્ચતમ ગુણોનાં કારણે ગુરુનાં હૈયે વસી જાય છે !

***

ચોક્કસ અપેક્ષા લક્ષ્યમાં રાખીને 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થકારે ગુરુ માટે પંક્તિ લખી છે કે "तत्त्वेषु सर्वेषु गुरुः प्रधानम्". અર્થાત્ તમામ તત્ત્વોમાં ગુરુતત્ત્વ સૌથી પ્રધાન-મુખ્ય છે. આનો મુક્ત ભાવાનુવાદ ગીતપંક્તિરૂપે આવો કરી શકાય કે "મારો શ્વાસ તું... વિશ્વાસ તું... ભવોભવતણો આધાર તું..." મુનિવર શ્રી નમ્રરત્નવિજયજીએ આ ભાવના કેવી અસ્થિમજ્જાવત્ કરી હતી તે એમનાં જીવનમાં અંતિમ પત્રમાં અભિવ્યક્ત થાય છે. એ પત્ર લખાયો છે વિ.સં. ૨૦૮૨, ફાગણ વદ ૨, તા.૫.૦૩.૨૦૨૬, ગુરુવારે એટલે કે એમના કાલધર્મના બરાબર સાત દિવસ પૂર્વે. એ પત્ર લખી રહ્યા હતા ત્યારે એમને નાની શી કલ્પના ય ક્યાંથી હોય કે આગામી ગુરુવારે એ સમયે એમનું અસ્તિત્વ વિલીન થઈ જવાનું હતું ?

બન્યું હતું એવું કે અમદાવાદથી શ્રી ધર્મધામતીર્થ સુધીના વિહારમાં અમે સહુ સાથે હતા. ધર્મધામતીર્થે છ દિવસની સ્થિરતા અમારી હતી અને આ. રશ્મિરત્નસૂરિજીને summer vacationના સંપૂર્ણ (૪૭ દિવસીય) ઊપધાનતપમાં આરાધકોને પ્રેરિત કરવા ભાયંદર જવાનું હતું. એથી એમણે ફાગણ વદિ એકમે સાંજે ધર્મધામથી વિહાર કર્યો. એમણે નમ્રરત્નવિજયજીને કહ્યું કે "જેમણે જેમણે વર્ષીતપ કરવાનો છે એમણે પ્રથમ પચ્ચક્ખાણ પૂ. મોટા સાહેબજીના શ્રીમુખેથી લેવાનું છે. માટે તમે અહીં રહો." ગુરુસમર્પિત મુનિશ્રીએ 'તહત્તિ' કહ્યું. બીજા જ દિવસે (ફાગણ વદિ બીજે) એમનો સંયમજીવનના સાતમા વર્ષમાં પ્રવેશ થયો. હજુ ગઈ કાલે સાંજે જ તેઓ ગુરુદેવથી અલગ થયા હતા. છતાં એમની ઊછળતી ગુરુભક્તિએ દીક્ષાદિને એમની પાસે એક દીર્ઘ પત્ર લખાવ્યો. એક fullscape નો પત્ર એમણે pencil થી લખી આ. શ્રી રશ્મિરત્નસૂરિજીને પાઠવ્યો. ત્યારે ક્યાં કોઈને ખબર હતી કે આ એમનાં જીવનનો અંતિમ પત્ર હશે ?

એમના કાલધર્મના બે દિવસ બાદ આ. શ્રી રશ્મિરત્નસૂરિજીએ એ પત્ર અમને વંચાવ્યો. એમાં ગુરુદેવ માટે એમણે જે હૃદયોર્મિ વ્યક્ત કરી હતી એ ખરેખર લા-જવાબ હતી !



આ પુસ્તકના title-4 પર એમના જ હસ્તાક્ષરોમાં એ હૃદયોર્મિ યથાવત્ રજૂ કરાઈ છે. જે સ-હૃદય ભાવક એ પત્રાંશ સંવેદનાપૂર્વક વાંચશે એનું અંતર મુનિશ્રીના ભાવો પર ઓળઘોળ થયા વિના નહિ રહે. અમારી અને આ. શ્રી રશ્મિરત્નસૂરિજીની આંખોમાં અશ્રુ ઝળહળી ગયા. અમે કહ્યું : "મુનિવરની સમગ્ર પૂર્વજ ગુરુપરંપરા પોતાના ગુરુદેવ માટે તન-મન-જીવન કુરબાન કરવાનું જે ઉદાહરણીય સમર્પણ ધરાવે છે, "મારા ગુરુ... મારા ભગવાન" નો જે રોમેરોમ વ્યાપતો મુદ્રાલેખ ધરાવે છે એને મુનિશ્રીએ વારસારૂપે બરાબર ઝીલ્યો છે !" મુનિવરનાં જીવનના એ અંતિમ પત્રની ભાવના પેલી પંક્તિને અનુરૂપ છે કે :-

**गुरु का ध्यान गुरु का ज्ञान,**
**गुरु बिन हर दिन रात समान ।**
**गुरु की गरिमा गुरु की महिमा,**
**गुरु बिन जीवन धूल समान ॥**

## 3) પ્રશમ + ગાંભીર્યનજરાણું

શ્રી 'પંચસૂત્ર' ગ્રન્થના પ્રથમ પાપપ્રણિઘાત-ગુણબીજાધાનસૂત્રમાં ચતુઃશરણાધિકારમાં સાધુશરણ નિરૂપણ સમયે શ્રમણ માટે એકેકથી ચડિયાતા સાત વિશેષણવાક્યો પ્રસ્તુત થયા છે. એમાં પ્રથમ જ વિશેષણવાક્ય આ છે કે **"पसंतगंभीरासया"**. એટલે કે શ્રમણનો સ્વભાવ શાંત-પ્રશાંત અને ગંભીર હોય. કેટલીક વાર એવું નિહાળાય છે કે દીર્ઘકાલીન દીક્ષાપર્યાય પછી પણ સાધક સાવધાનીના અભાવે યા અનાદિકાલીન કુસંસ્કારોના સામર્થ્યવશ ન શાંત-પ્રશાંત રહી શકે, ન સ્વભાવની ક્ષુદ્રતા-તુચ્છતા ત્યજી શકે. આના મુકાબલે મુનિવર શ્રી નમ્રરત્નવિજયજી અલ્પ દીક્ષાપર્યાય છતાં આ બન્ને ગુણોનાં ક્ષેત્રે આદર્શ સ્થિતિ સર કરી શક્યા હતા. હવે આપણે એમનાં જીવનનાં એ પાસાં નિહાળીએ :

એમના કાલધર્મ બાદ ભાયંદર-બાવન જિનાલયતીર્થે યોજાયેલ ૨૦૦૦ થી વધુ ભાવિકોની વિરાટ ગુણાનુવાદ સભામાં અમે એમના અનેક હૃદયસ્પર્શી પ્રસંગો પ્રસ્તુત કરતાં એક વાત આમ કહી હતી કે :- "છ વર્ષનો સંયમપર્યાય અને બે વર્ષનો મુમુક્ષુપર્યાય મળી કુલ આઠ વર્ષ તેઓ અમારી નિશ્રામાં રહ્યા. આ આઠ વર્ષમાં અમે એમને એક પણ વાર એક પણ વાક્ય ઊંચા અવાજે (ગુસ્સાથી) કહ્યું હોય તેવું અમને યાદ આવતું નથી. એ જ રીતે આઠ વર્ષમાં એમણે એક પણ વાક્ય ઊંચા અવાજે કોઈને કહ્યું હોય એવું ય અમને યાદ આવતું નથી."


સમજાય છે આ વાક્યોનો સૂચિતાર્થ ? વાક્યોનો પૂર્વાર્ધ એ સૂચિત કરે છે કે એમનું જીવન એવું શિસ્તબદ્ધ-નિયમબદ્ધ-આજ્ઞાંકિત હતું કે એમને કોઈ વાતે ટકોર ન કરવી પડે, આક્રોશથી કહેવું ન પડે. એક વાર જે માર્ગદર્શન અપાયું એનો તેઓ પૂર્ણ નિષ્ઠાથી અમલ કરે. માન્યું કે આવો ગુણ અન્યોમાં પણ આસાનાથી હોઈ શકે. પરંતુ કોઈની સાથે એક પણ વાર ઊંચા અવાજે ન બોલવાની વાત ? એ ક્યાંથી શક્ય બને ? વિશાલ શ્રમણ સમુદાય, સહુએ સાથે રહેવાનું. એમાં વળી દીર્ઘકાલીન નિત્યના વિહારોમાં રોજ રોજ સ્થાન બદલાય, સ્થાનો નાનાં આવે, સાધનો અપૂરતા હોય. આ સ્થિતિમાં શાંત વ્યક્તિને ય ક્યારેક તેવાં નિમિત્તોમાં આવેશ આવી જાય. પરંતુ શ્રી નમ્રરત્નવિજયજીએ એક પણ વાર ઊંચો અવાજ ન કર્યો હોવાનું સ્મરણ એ દર્શાવવા સક્ષમ છે કે એમનો પ્રશમભાવ કેવો દૃઢ-મજબૂત હશે !

હજુ આમાં એક વાત ઓર. કેટલીક વ્યક્તિ સ્વભાવથી જ ઢીલી-પોચી હોવાથી કાંઇ ન બોલી શકે એવું ય બને. પરંતુ એવી વ્યક્તિ કષાયની ઘટના બાદ પોતે બોલી શકતી ન હોવાનાં કારણે મનોમન ઉદ્વિગ્ન-સંતપ્ત રહે. શ્રી નમ્રરત્નવિજયજી આ સ્તરના ન હતા. એ કાયમ સદાબહાર-ખુશમિજાજી અને પ્રસન્ન જ રહે. એમનાં સ્વભાવમાં-સ્મિતમાં એવી શક્તિ હતી કે તેઓ સહુની સાથે પ્રેમથી કામ લઇ શકે. અને... ક્વચિત્ એકાદ કાર્ય ન પણ થયું તો એ વાત મન પર ન લેતા. એમના સ્વભાવની આ લાક્ષણિકતા સાથે પેલી પંક્તિ ખૂબ બંધબેસતી બની રહે એવી છે કે :-

**કોઈનું નહિ ફરિયાદી ને, કોઈનું નહિ કાજી;**
**ફૂલ તો એની ફોરમ ઢોળી, થાતું રાજી રાજી...**

***

શ્રી દશવૈકાલિક આગમગ્રન્થમાં શ્રમણ માટે એક પંક્તિ આવે છે કે "अकोउहल्ले उ सया स पूज्जो". મતલબ કે જે શ્રમણ કુતૂહલવૃત્તિરહિત છે તે પૂજ્ય છે. ગંભીરતાગુણનો એક સંબંધ આ અકુતૂહલવૃત્તિ સાથે છે. જે વ્યક્તિ કુતૂહલી છે એ એના માટે બિનજરૂરી બાબતોમાં રસ લેશે, ચંચૂપાત કરશે અને અધૂરી જાણેલ વાતનો બહાર પ્રચાર કરશે. ગંભીર વ્યક્તિ ન પોતાના માટે અનાવશ્યક બાબતોમાં રસ લેશે, ન એમાં ચંચૂપાત કરશે કે ન એનો પ્રચાર કરશે. શ્રી નમ્રરત્નવિજયજીનું વ્યક્તિત્વ આ પ્રકારે ગંભીર હતું એનો અનુભવ અમને ડગલે ને પગલે થયા કર્યો છે.



બને એવું કે અમારે સતત જિનાલયો-ઉપાશ્રયો-વિહારધામો આદિ શાસનકાર્યો, સતત લેખન-પ્રવચન અને નિશ્ચિત સ્વાધ્યાય-જાપ હોય એટલે શ્રમણો અમારી બેઠકવ્યવસ્થા સમૂહથી જરા અલાયદી રાખે અને ત્યાં બદલાતા ક્રમે એક શ્રમણ રાખે. જેથી કાર્ય- વૈયાવચ્ચ વગેરેમાં ક્ષતિ ન પહોંચે. મહદંશે એ શ્રમણોમાં શ્રી નમ્રરત્નવિજયજીને આ લાભ વધુ અપાય. કારણકે એ કાર્યોમાં ચોક્કસ અને ખૂબ ગંભીર. ઘણી બધી વાર એવું બને કે એ અમારા પર નજર રહે એ રીતે બેસે. પણ નજીક નહિ, થોડે દૂર. એક વાર પાલિતાણામાં અમે કારણ પૂછ્યું તો કહે : "સાહેબજી ! આપની પાસે દાતાઓ આવે, સંઘો આવે, જિનાલયો વગેરેની યોજનાઓ વિચારાય. કોઇ વાત પાકી થઇ હોય, કોઇ અધૂરી હોય. ભૂલમાં મારાથી આવી વાત કોઇને કહેવાઇ જાય એનાં કરતાં હું એ ન સાંભળું એ જ શ્રેષ્ઠ. આપની પાસે શ્રમણ-શ્રમણીભગવંતો આવે, મુમુક્ષુઓ આવે, કોઇની દીક્ષા નક્કી થાય, કોઇની દીક્ષામાં વિલંબ થાય. આવી કોઇ વાત મારાથી બહાર બોલાઇ જાય એના કરતાં હું એ ન જાણું એ જ શ્રેષ્ઠ. આમ પણ મારે આ બધાથી શી નિસબત ? મારે તો અહીં આપની ભક્તિ માટે બેસવાનું છે. એ હેતુ સચવાઇ જાય એટલું જ બસ છે."

યાદ આવે અહીં શ્રી ચિદાનંદજી મહારાજના પદની પંક્તિ કે "સાગર જિમ ગંભીરા." સાધુ હોય સાગર સમ ગંભીર !

***

ગંભીરતાનો એક અર્થ છે પોતે કરેલ કાર્યનો યશ પોતે નહિ લેવાની અક્ષુદ્રવૃત્તિ. ક્ષુદ્રવૃત્તિ એ છે કે કાર્ય પોતે કર્યું હોય યા કાર્યમાં સાવ નગણ્ય યોગદાન આપ્યું હોય તો ય એનો યશ લઇ લેવાની ભારે ઉતાવળ. અક્ષુદ્રવૃત્તિની ગંભીરતા આનાથી સાવ સામા અંતિમની છે. શ્રી નમ્રરત્નવિજયજીની આ પ્રકારની ગંભીરતાનો એક પ્રસંગ હજુ હમણા જ-એમના કાલધર્મ પછી જાણવા મળ્યો. ઘટના એ આવી હતી.

વિ.સં.૨૦૮૧ નું અમારું ચાતુર્માસ અમદાવાદ-પંકજ સંઘમાં હતું. એમાં આવ્યો અમારા જન્મદિનનો મહોત્સવ. સામાન્યપણે આ તમામ કાર્યો મુખ્યતયા અમારા પટ્ટધર આ. શ્રી રશ્મિરત્નસૂરિજી સંભાળે. તેઓ અમદાવાદ-આંબાવાડી સંઘમાં ચાતુર્માસ હતા, જ્યારે શ્રી નમ્રરત્નવિજયજી અમારી સાથે ચાતુર્માસ હતા. એમનાં મનમાં થયું : "ગુરુમહારાજ ભલે આંબાવાડી સંઘમાંથી જવાબદારી સંભાળે. પરંતુ મારે ય કાંઇક કરવું છે." એ ચાતુર્માસમાં એમની પાસે જે યુવાનો આવતા, તેમની પાસે તેઓએ એક સરસ કાર્યક્રમ તૈયાર કરાવ્યો. એ કાર્યક્રમ જાહેરમાં ઉજવાયો. અમે સહુએ નિહાળ્યો. પરંતુ કાર્યક્રમ સમયે કે તે પછી અમને જરા ય ખ્યાલ ન આવ્યો કે એ કાર્યક્રમ મુનિશ્રીએ તૈયાર કરાવ્યો છે. તેઓના કાલધર્મ બાદ હમણાં આ પુસ્તક નિમિત્તે એમના માતાસાધ્વીજી પાસેથી અમે નોંધ લીધી ત્યારે એમાંના એક ઉલ્લેખ પરથી ખ્યાલ આવ્યો કે એ કાર્યક્રમ એમણે તૈયાર કરાવ્યો હતો. આ ઘટનામાં એમની ગંભીરતાનો એક અલગ અંદાઝમાં પરિચય થાય છે. આ ઘટના દ્વારા તેઓ જાણે કહી રહ્યા છે કે :-

**આદર મળે કે ના મળે, એ જાણવા ઇચ્છા નથી,**
**ફળ મળે કે ના મળે, એની કશી પરવા નથી;**
**ગુરુભક્તિ કરવા જન્મ આ, દિન-રાત એમાં રત રહી,**
**ગુરુદેવની ભક્તિરૂપે, કર્તવ્ય કરવું છે અહીં.**

## ૪) નિષ્ઠાનજરાણું

કટ્ટરતા અને નિષ્ઠા, આ બન્ને શબ્દો માન્યતાના મક્કમતાથી સ્વીકારના દ્યોતક છે. પરંતુ બન્ને શબ્દો સાથે જોડાયેલ પ્રતિચ્છાયામાં આસમાન-જમીનનો તફાવત છે. કટ્ટરતામાં આક્રમકતાની પ્રતિચ્છાયા જોડાયેલી છે, જ્યારે નિષ્ઠામાં સૌમ્યતા જોડાયેલી છે. કટ્ટરતામાં ઝનૂન જોડાયેલ છે, જ્યારે નિષ્ઠામાં વિવેકમંડિત અડગ દૃઢતા જોડાયેલ છે. કટ્ટરતા વાતાવરણમાં તોફાની પરિવર્તન લાવે, જ્યારે નિષ્ઠા હૃદયપરિવર્તન લાવે. એટલે અમે કટ્ટરતાને નહિ, નિષ્ઠાને પ્રાધાન્ય આપીએ છીએ. અમારી સાથેના મુમુક્ષુઓને શિક્ષણ એ રીતે આપીએ કે જેમાં ઝનૂનમંડિત કટ્ટરતા નહિ, દૃઢતામંડિત નિષ્ઠા હોય. મુનિશ્રીએ સંયમજીવનમાં તો આવી અનેક નેત્રદીપક નિષ્ઠાઓ આત્મસાત્ કરી જ હતી. પરંતુ આપણે અહીં લઈશું એમના મુમુક્ષુપણાની નિષ્ઠાની એવી ઘટના કે જેમાં એમના ગુરુજનોની પ્રત્યક્ષ ઉપસ્થિતિ ન હતી. ઉપસ્થિતિ હતી નિયમોમાં શિથિલતા લાવવા પ્રેરિત કરે તેવા સ્વજનોની.

બન્યું એવું કે મુમુક્ષુ નેમીનકુમારને નિકટના સ્વજનના લગ્નપ્રસંગમાં જવાનું થયું. ત્યાં જમણવારમાં દાળ-શાક વગેરેમાં ટમેટાનો ઉપયોગ થયો હતો. અમારી આચારપરંપરામાં તૈયાર થયા હોવાથી નેમીનકુમારે ના કહી કે "હું ટમેટાવાળું ભોજન નહિ વાપરું." લગ્ન હતા તે પરિવારના સ્વજનોએ કહ્યું : "અરે ! કેટલા ય સંયમી ભગવંતો પણ ટમેટાવાળી રસોઈ વહોરે જ છે. તો તું શા માટે નહિ વાપરવાનો આગ્રહ કરે છે ?" નેમીનકુમારે સૌમ્યતાથી ઉત્તર આપ્યો : "મને ખબર છે કે કેટલાક શ્રમણ સમુદાયોમાં ટમેટા વાપરી શકાય તેવી માન્યતા છે. પરંતુ મારી જે ગુરુપરંપરા છે તેમાં પૂર્વજ વડિલોના સમયથી ટમેટાનો નિષેધ છે. મારે એમને અનુસરવાનું છે. એથી હું ટમેટા નહિ વાપરું. વળી મારે કોઈ નવી સુવિધાની જરૂર નથી. ટમેટા વિનાની સૂકી ચીજ વાપરી લઈશ." એ સ્વજનો આમની સમજ અને મક્કમતાથી ખુશ થઈ ગયા. એમણે તે પછીના ટંકથી નેમીનકુમાર માટે ટમેટા વિનાની રસોઈ અલગ કાઢીને રાખી !

આ હૃદયંગમ ઘટના એમની નિષ્ઠાની દ્યોતક તો છે જ. ઉપરાંત એ એવો સંદેશ પણ આપી જાય છે કે **"आचारः प्रथमो धर्मः"** મતલબ કે આચાર પ્રથમ ધર્મ છે.

## ૫) ભાવિતતાનજરાણું

મહાન શાસ્ત્રકાર શ્રી ઉમાસ્વાતિજી ભગવંતે 'પ્રથમરતિ' પ્રકરણમાં આરાધક પુણ્યાત્માના બે એકદમ Perfect લક્ષણ દર્શાવ્યા છે કે ૧) બાહ્ય સ્તરે એ પુણ્યાત્મા ક્રિયાદિમાં ખૂબ Alert હોવો જોઈએ, અપ્રમત્ત હોવો જોઈએ. એનામાં આળસ-પ્રમાદ ન ચાલે. ૨) અભ્યંતર સ્તરે એ ભાવિત હોવો જોઈએ. એક વાચના દરમ્યાન અમે ભાવિતતાને આ ઉદાહરણ દ્વારા વ્યાખ્યાયિત કરી હતી કે પાણી ભરેલ બાલ્દીમાં વસ્ત્ર ઝબોળવામાં-ડુબાડવામાં આવે અને એના એક એક અંશ જે ઝડપથી ભિંજાઈ જાય-પાણીથી ઓતપ્રોત થઈ જાય તેના જેવી છે ભાવિતતા. વસ્ત્રના એક એક અંશ જેમ પાણીથી ભિંજાય, તેમ ભાવિતતામાં તે તે શુભ યોગોથી આત્માના પ્રદેશે પ્રદેશ ભિંજાય-તરબોળ થઈ જાય.

મુનિવર શ્રી નમ્રરત્નવિજયજીમાં આ ભાવિતતા ઊડીને આંખે વળગે તેવી હતી. અમારા પરિવારમાં નિત્ય સાંજે જિનાલયમાં શ્રમણોની ભક્તિસન્ધ્યા થાય. એમાં તેઓ ખૂબ ઓતપ્રોતતા અનુભવે. એથી જ ભક્તિગીતો ઝિલાવનારા શ્રમણો પાસે તેઓ અવનવી ફરમાઇશ કરે કે "હવે આ ગીત લેજો ને ? એમાં બહુ આનંદ આવશે." આ જ પુસ્તકમાં તે શ્રમણોએ એમના લેખમાં શ્રી નમ્રરત્નવિજયજી વિશેના આવા અનુભવો Share કર્યા છે, અમારી વાત કરીએ તો, તેઓ 'ચઉમાસી પારણું આવે' આ પૂજાઢાળ સ્તવનરૂપે પ્રતિક્રમણમાં ગાય ત્યારે અમને ખૂબ તન્મયતાની અનુભૂતિ થતી. તેઓ એની એકેક પંક્તિઓમાં ખોવાઈ જઈને એ સ્તવન ગાય. વળી મૂળભૂત રચના જ ભાવિતતાને-ભાવુકતાને કેન્દ્રમાં રાખીને થઈ છે. એથી તન્મયતા કાંઈક ઓર જ આવી જતી. અમે એમને અવારનવાર ફરમાઇશ કરતા કે આજે આ સ્તવન ગાશો. તેઓ અમારી ભાવનાવશ ખૂબ તન્મયતાથી-ભાવિતતાથી અવાર-નવાર આ સ્તવન ગાય. એમનો સ્વર અને લય પણ સરસ.

***

એમનું અલ્પ વય અને એમનો અલ્પ સંયમપર્યાય લક્ષ્યમાં લેતાં તેઓની ભાવિતતા/ભાવુકતા ગીત-સ્તવન વગેરે સ્વરૂપ પ્રભુભક્તિ સુધી સીમિત હશે તેવી અમારી ધારણા હતી. પરંતુ એમનાં જીવનના અંતિમ દિવસોમાં એમણે જે ભાવનાઓ અનાયાસે વ્યક્ત કરી તે અમને પણ વિસ્મિત કરી દેનાર નીવડી. શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથતીર્થે એમના કાલધર્મ પૂર્વે છ દિવસ સ્થિરતા થઈ ત્યારે એમણે વાત-વાતમાં સહજપણે બે ભાવનાઓ વ્યક્ત કરી :

• એમના માતાસાધ્વીજી શ્રી હિતાર્થમિત્રાશ્રીજીને એમણે કહ્યું : "મારી જન્મભૂમિ પાલિતાણા છે. પૂ. મોટા સાહેબજીએ એમની જન્મભૂમિ દર્ભાવતીતીર્થના ઉદ્ધાર માટે બહુ બધા કાર્યો કર્યા છે. મને થાય છે કે હું પાલિતાણા-શત્રુંજય ગિરિરાજ માટે કાંઈક મોટું કાર્ય કરું. હું મોટો થઈશ ત્યારે ચોક્કસ ત્યાં કોઈ મોટું તીર્થભક્તિકાર્ય કરીશ.' આ ભાવનાની અભિવ્યક્તિના પાંચમા દિવસે તેઓનો કાલધર્મ થયો ! આથી જ કાલધર્મના ઉછામણીસભા પૂર્વે માતાસાધ્વીજીએ આ પાર્શ્વભૂમિકામાં વલોવાતા હૈયે અમને વિનંતિ કરી કે "એમની સ્મૃતિ પાલિતાણામાં કાંઈક થાય તો મને શાતા થશે." અમે એ સ્વીકારીને પાલિતાણામાં અમારી પ્રેરણાથી નિર્માણાધીન વિરાટ ધર્મસંકુલ 'શત્રુંજય-સૂર્યોદય ધામ"માં એમની કોઈ પણ ઉચિત સ્મૃતિ કરવાની ઘોષણા ઉછામણીસભામાં કરી.

• એ જ દિવસોમાં એમના વિદ્યાગુરુ મુનિવર શ્રી પ્રશમરત્નવિજયજીને એમણે કહ્યું : "પૂ. મોટા સાહેબજીએ આ ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથતીર્થ કેવું ભવ્ય અને વિશાલ નિર્મિત કરાવ્યું છે ! મારી ઉપધાનતપની સ્મૃતિ-દીક્ષાના શરૂઆતનાં વર્ષોની સ્મૃતિ અહીં સંલગ્ન છે. મને એમ થાય છે કે આ તીર્થના જિનાલયાદિ એકદમ ઝળહળતા થાય તેવું કરાવું. પૂ. મોટા સાહેબજીએ આટલું બધું કર્યું છે તો હું ભવિષ્યમાં આવું કાંઈક કરીશ."

• આ જ પુસ્તકમાં અન્યત્ર ગત ચાતુર્માસમાં એમણે પોતાના માટે વિચારેલ વાતોમાં એક વાત આવી લખી છે કે "મારે આગળ જતાં વિદ્વાન-પરિણતિવંત-સમર્પિત સાધુ થઈને શાસનનું અને સમુદાયનું નામ ઉજ્વલ કરવાનું છે એમ વિચારી એ દિશામાં પુરુષાર્થ કરવો."

આવી આવી વાતો વાંચી ત્યારે મુનિવરની ભાવુકતા માટે આશ્ચર્ય પ્રગટ્યું કે એક નાના મુનિવરનું વિચારવિશ્વ કેવું વિરાટ અને કેવું વિશદ છે !



# અમારી અંતિમ ભાવના

ગુણવાન વ્યક્તિત્વો વિદાય થઈ જાય ત્યારની વિષાદક્ષણોને એક સંસ્કૃત સુભાષિત બહુ કલાત્મક રીતે વ્યક્ત કરે છે કે :-

**हंसा महीमण्डलमण्डनाय, यत्रापि तत्रापि गता भवन्ति ।**
**हानिस्तु तेषां हि सरोवराणां, येषां मरालैः सह विप्रयोगः ||**

ભાવાર્થ કે હંસો જ્યાં જાય ત્યાં સૃષ્ટિની શોભાવૃદ્ધિ જ કરે છે, પરંતુ નુકસાન એ સરોવરને થાય છે કે જેમને એ હંસોનો વિયોગ થાય છે ! શ્રી નમ્રરત્નવિજયજી અમારા માટે હંસ નહિ, રાજહંસ હતા. એમનો કાયમી વિયોગ અમારા શ્રમણ-શ્રમણીવૃંદને હાનિરૂપ છે. ખાસ તો એમના ગુણિયલ-શાંત-ભક્તિવંત વ્યક્તિત્વે ચિત્તને એટલું આવર્જિત કરી દીધું છે કે આંખ-અંતર વારંવાર આર્દ્ર થઈ જાય છે. એમાં વળી સાવ નાની વય અને અકસ્માત્‌મૃત્યુ : એથી વેદનાના ઘા જલ્દી રુઝાતા નથી !

એમના માટે એ જ અંતરઅભિલાષા છે કે તેઓ આયુષ્યની અંતિમ ક્ષણે વીતરાગસ્તોત્રનો સ્વાધ્યાય કરતા હતા, તો પરલોકમાં તેઓ જલ્દીમાં જલ્દી વીતરાગ બને ! છેલ્લા દિવસોમાં શ્રી શત્રુંજય ગિરિરાજમાં સ્થાયી રહેવાની ભાવના દર્શાવી, તો તેઓ વહેલી તકે શ્રી શત્રુંજય ગિરિરાજ પર સિદ્ધિપદ પામે !

છેલ્લે એક ઓર અંતરઅભિલાષા : મુનિશ્રીના કાલધર્મ દિને મોડી સાંજે પૂ.આ. શ્રી રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજે ઘટનાક્રમ અંગે અમારી સાથે સેવક દ્વારા ફોનથી દીર્ઘ વાર્તાલાપ કર્યો. એમાં અમે જણાવ્યું : "અમારા શ્રમણસમુદાયમાં આ First વાર અકસ્માત્‌કાલધર્મ છે." એમણે વાત વચ્ચેથી અટકાવી જણાવ્યું : "હું પ્રાર્થના કરું છું કે તમારા સમુદાયમાં આ Last અકસ્માત્‌કાલધર્મ હોય." આ જ વાક્યને થોડું વિસ્તૃત કરીને અમે એ પ્રાર્થના કરીએ છીએ કે "સમગ્ર પ્રભુશાસનના તમામ શ્રમણ-શ્રમણીમાં આ Last જ અકસ્માત્‌કાલધર્મ હોય ! કારણ કે શાસનચરણે સર્વસ્વ સમર્પિત કરી ચાલી નીકળનાર સંયમીઓના આવા મૃત્યુ નથી જોવાતા ! નથી સહન થતા !

# મુમુક્ષુ નેમીનકુમારની દીક્ષાપત્રિકા


**જા સંયમપંથે દીક્ષાર્થી !**
**તારો પંથ સદા ઉજમાળ બને...**
















# જા સંયમપંથે દીક્ષાર્થી !
# તારો પંથ સદા ઉજમાળ બને...

# જા સંયમપંથે દીક્ષાર્થી !
# તારો પંથ સદા ઉજમાળ બને...



આશિષ દેજો એવા મહાન... જેથી કરું આત્મશિલ્પના નિર્માણ...

પરમ ઉપકારી પૂજનીય માતા-પિતાદિ સર્વ સ્વજનો...!

શાલિભદ્ર અને સ્થૂલભદ્ર, મેતાર્ય અને મનક, પ્રસન્નચન્દ્ર અને પ્રભવ, અઈમુત્તા અને અનાથી, વજ્ર અને સ્વયં વીતરાગ વિભુ આદિ અનેકાનેક સત્ત્વશીલ મહાન આત્માઓએ જે શ્રેયસ્કર સંયમમાર્ગ મેળવ્યો હતો, એ સાધનામાર્ગ મને પ્રાપ્ત કરાવવાના પ્રાથમિક યશોભાગી જો કોઈપણ હોય તો કેવળ આપ જ છો. આપે મારું જીવનઘડતર તો સુપેરે કર્યું જ, પણ મારા આત્મશિલ્પના ઘડતરની ખેવના રાખીને મને સદ્‌ગુરુરૂપી શિલ્પીનો સંયોગ પણ કરાવી આપ્યો. આપની મારા આત્મકલ્યાણ માટેની એ દરકારનાં કારણે જ આજે સદ્‌ગુરુના સંપર્ક થકી પરમગુરુ (પ્રભુ)ના સંયોગની આ ભાગવતી ભૂમિકાનું સર્જન થઇ રહ્યું છે. માતા-પિતાના આશિષને શાસ્ત્રો પ્રવ્રજ્યાનું 'પ્રારંભમંગલ' કહે છે. એ મંગલ મને એવું ફળે કે જેથી હું સત્વર સંસારીમાંથી સંયમી અને સંયમીમાંથી સિદ્ધ બની શકું. આ માટે એ જ પ્રાર્થના કરીશ કેઃ-

સ્પૃહાને સાવ કરી કુરબાન,<br>
નિસ્પૃહતાના ધરી અરમાન<br>
પ્રભુના પંથે કરું પ્રસ્થાન,<br>
ને વેગે વરું હું મુક્તિસ્થાન

લિ. આપનો લાડકવાયો<br>
**નેમીન**

આ છે અમારી છેલ્લી વાત... ઘડજે તું આત્માના ઘાટ...

અવનવા વિચિત્ર ઘાટો (=વળાંકો)થી ભરપૂર સંસારને અલવિદા કરીને આત્માના ઘાટ ઘડવા માટે કટિબદ્ધ બનેલ વહાલા નેમીન...! તારા સિંહ શા સત્ત્વને લાખ લાખ નમન ને કોટિ કોટિ ધન્યવાદ. જીવનની અર્ધી યાત્રા સુધી જે અમે ન કરી શક્યા તે જીવનની ઊગતી ઉષાએ તું કરવા માટે તત્પર બન્યો છે. જીવનને અનુભવવા છતાં જે વાસ્તવિકતા અમે નથી સમજી શક્યા, એ તું જીવનની પ્રથમ વયે જ સમજી ચૂક્યો છે. દેવ-ગુરુના વિશિષ્ટ અનુગ્રહનું એ પરમ પરિણામ છે. એ અનુગ્રહને તું સંયમજીવનની પળેપળ એવો ઝીલજે કે જેથી તારી દીક્ષા કષાયનાશનું કારણ બને, વૃત્તિઓનું વારણ બને, મલિનતાનું મારણ બને, જીવદયાનું ઝરણ બને, સમતાનું સાધન બને અને કલ્યાણનું કિરણ બને. બસ, તારા માટે અમારી એ જ

જિનશાસનના પાવન ગગને, ધર્મધ્વજ લહેરાવજે;<br>
આત્મશ્રેય સાધીને જગમાં, શાસનઘોષ ગજાવજે...

લિ. માતા-પિતાદિ સ્વજનો



ઉત્સવરંગ વધામણાઃ<br>
મહોત્સવનો મંગલ કાર્યક્રમ

ફાગણ શુદિ-૧, તા. ૨૪/૨/૨૦ સોમવારે<br>
સવારે ૭:૦૦ કલાકે પૂજ્યપાદ ગુરુદેવોનું ભવ્ય સામૈયું-હૃદયસ્પર્શી પ્રવચન તેમજ ઉપસ્થિત શ્રી સંઘની નવકારશીભક્તિ થશે.

1 DAY — ફાગણ શુદિ-૧૨, તા. ૦૭/૩/૨૦ શનિવાર

સવારે ૬:૪૫ કલાકે : સ્ટાર પ્રવક્તા શ્રી સંજયભાઇ વખારિયા તેમજ સંગીતકાર હર્ષિત શાહના સંગે 'ભગવતીસૂત્રવંદના' નો અદ્‌ભુત કાર્યક્રમ ત્યારબાદ વિશિષ્ટ સંઘપૂજન.<br>
સવારે ૮.૦૦ કલાકે : 'કર્મની કિતાબ' નામે અદ્‌ભુત સ્ટેજ પ્રોગ્રામ તેમજ સંઘની પાઠશાળાના બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ મુમુક્ષુના ફૈબાઓ તથા બહેનો તરફથી.

2 DAY — ફાગણ શુદિ-૧૪, તા. ૦૮/૦૩/૨૦ રવિવાર

સવારે ૮:૪૫ કલાકે : ગુરુદેવશ્રીનું હૃદયસ્પર્શી ચાતુર્માસિક પ્રવચન.<br>
બપોરે ૨.૦૦ કલાકે : 'પ્રભુ પંથનો સથવારો' સમારોહ તથા દીક્ષાર્થીના વસ્ત્રો રંગવાનો વિધિ-છાબ અભિમન્ત્રણ વિધિ. સંગીતકાર હર્ષિત શાહ. લાભાર્થી : મુકુલાબેન પ્રદીપકુમાર વોરા, ભાવિન-ખ્યાતિ, સ્તુતિ-સંયમી તરફથી.<br>
રાત્રે ૮.૦૦ કલાકે : સ્ટાર પ્રવક્તા સ્મિત કોઠારી તેમજ વૈભવ શાહના સથવારે 'કેશરિયો રંગ જિનશાસનને મળજો' નામે ભવ્ય કાર્યક્રમ. લાભાર્થી : શ્રી પદ્માબેન પ્રવીણચંદ્ર

3 DAY — ફાગણ શુદિ-૧૫, તા. ૦૯/૦૩/૨૦, સોમવાર

સવારે ૬.૪૫ કલાકે : સ્ટાર વક્તા ભાવિક શાહ દ્વારા 'ચારિત્ર મુજ મનમાં વસો, ચારિત્રમાં મુજ મન વસો' નામે શાનદાર સંવેદના કાર્યક્રમ. લાભાર્થી : નીલાબેન બિપીનચંદ્ર મહેતા, ધર્મેશ-નેહા, અભિષેક-હરીતા * બપોરે ૨.૦૦ કલાકે : ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ.<br>
રાત્રે ૮.૦૦ કલાકે : જૈનમ વારૈયા અને ભાવિક શાહના સંગે હૃદયસ્પર્શી બાદશાહી વિદાય સમારોહ.

4 DAY — ફાગણ વદિ-૧, તા. ૧૦/૦૩/૨૦, મંગળવાર

સવારે ૬.૩૦ કલાકે : બાલમુમુક્ષુ નેમીનકુમારની જાજરમાન વર્ષીદાન યાત્રાનો અનેક વિશેષતાસભર ભવ્ય વરઘોડો. વર્ષીદાન યાત્રા સમાપન બાદ મુમુક્ષુ દ્વારા બેઠું વર્ષીદાન. તે પછી ઉપસ્થિતોની નવકારશીભક્તિ. લાભાર્થી : માતુશ્રી રમીલાબેન જીતેન્દ્રભાઈ શાહ, વિપુલ-જીજ્ઞા-ધરીત, પરેશ-પ્રીતિ-હેતવી.<br>
બપોરે ૧૨.૩૯ કલાકે : શ્રી સિદ્ધચક્ર મહાપૂજન. લાભાર્થી : માતુશ્રી નલીનાબેન શશીકાંતભાઈ મહેતા, પારસ-ધર્મી, જયપાલ-જલ્પા.<br>
સાંજે ૭:૧૫ કલાકે : સ્ટાર સંગીતકાર નીલેશ રાણાવતના સંગે ભવ્ય ભક્તિ ભાવના તેમજ મુમુક્ષુ દ્વારા સમ્રાટ કુમારપાલની મહાઆરતી.

5 DAY — ફાગણ વદિ-૨, તા. ૧૧/૦૩/૨૦, બુધવાર

સવારે ૫.૩૦ કલાકે : 'ધર્મ-સૂર્યોદય સંયમ વાટિકા'માં સ્ટાર પ્રવક્તા હાર્દિક શાહ તથા સર્વમંગલ પરિવારના સૂર અને સંગીતના સથવારે પાવન પદ પ્રદાન વિધિ તેમજ દિવ્ય દીક્ષા વિધિનો પ્રારંભ. ત્યારબાદ શ્રી સંઘ સાધર્મિક વાત્સલ્ય. લાભાર્થી : શ્રી વિલેપાર્લે શ્વે.મૂ. જૈન સંઘ-મલાડ મૂ. જૈન સંઘ એન્ડ ચેરિટીઝ (ઈ.) તથા શ્રી લબ્ધિનિધાન શ્વે.મૂ. જૈન સંઘ-મલાડ

6 DAY — ફાગણ વદિ-૩, તા. ૧૨/૦૩/૨૦, ગુરુવારે

સવારે ૭.૦૦ કલાકે : નૂતન બાલમુનિ સહિત પૂજ્ય ગુરુભગવંતોના અમારા આંગણે વાજતે-ગાજતે પગલા તથા પ્રવચન થશે.

મહોત્સવ દરમ્યાન પ્રતિદિન પ્રભુજીને ભવ્ય અંગરચનાઓ થશે તેમજ જીવદયા-અનુકંપાનાં કાર્યો થશે.











જા સંયમપંથે
દીક્ષાર્થી !
તારો પંથ સદા
ઉજમાળ બને...

# ‘નમ્ર’ સ્પંદન

- પૂ. ગુરુદેવ આ.ભ.
શ્રી વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.

શ્રી ગૌતમસ્વામીના રાસમાં ‘ધન્ય ગુરુ જેણે દિક્ખિયા એ’ આ પંક્તિ દ્વારા કવિએ મસ્ત વાત કરી છે કે પ્રભુમહાવીરદેવ ધન્ય હતા કે જેમણે ગૌતમસ્વામી જેવા મહાપુરુષને દીક્ષા આપી. આજે અમે અમારા દિવંગત શિષ્ય યુવામુનિવર નમ્રરત્નવિજયજી મ. માટે ગૌરવભેર કહી શકીએ કે એમના જેવા વિનયવંત-ભક્તિવંત-પરિણતિવંત શિષ્યના ગુરુ બનવાથી અમે ધન્ય બની ગયા !

એ જ્યારે આંખ સામે હતાં, ત્યારે એ અમને એક ક્ષણ ભૂલ્યા નથી અને આજે જ્યારે એ અમારી આંખ સામે નથી, ત્યારે અમે એમને એક ક્ષણ ભૂલી શકતા નથી ! ૧૧ માર્ચ ૨૦૨૦ ના દિવસે જ્યારે અંતિમ સ્નાન કરાવીને અમે એમને સંયમનાં વસ્ત્રો પરિધાન કરાવ્યા હતાં, ત્યારે સ્વપ્ને ય કલ્પના નહોતી કે ૧૨ માર્ચ ૨૦૨૬ ના દિવસે એ જ મુનિવરને કાળધર્મ બાદનું અંતિમ સ્નાન કરાવીને અમારે સંયમના વસ્ત્રો પરિધાન કરાવવાનો દિવસ આવશે ! અને એમાં ય ૧૧ માર્ચ ૨૦૨૦ માં તો એ અમારી સાથે જીવનભર રહેવાની પ્રતિજ્ઞા લઈને આવ્યા હતા, જ્યારે ૧૨ માર્ચ ૨૦૨૬ માં એ જીવનભરનો સાથ છોડીને ગયા હતા !



એ રોજ અમને બે વાર ગુરુવંદન કરતા હતાં. હવે ભલે એક પણ વાર એ એમને વંદન માટે નહિ આવે. પરંતુ અમને એમનું હરપળ-હરસ્થળ-મીઠું સ્પંદન થશે. એમના માટે એટલું જરૂર કહીશું... **‘લીધી ભલે વિદાય, દિલમાં રહેશો સદા ય !’**

# ૧) પાત્રતાસ્પંદન

અમારી યશસ્વી ગુરુપરંપરાના દરેક ગુરુભગવંતો જિનાગમસેવી, ચારિત્રનિષ્ઠ, પરિણત, પરમ શાસનપ્રભાવક અને આરાધક હતા એ જેટલું મહત્ત્વનું છે એનાં કરતાં ય અપેક્ષાએ વધુ મહત્ત્વનું એ છે કે તેઓ પોત-પોતાના આરાધ્ય ગુરુદેવના પરમભક્ત હતા. અમને એ બધામાંથી એ જ શીખવા મળ્યું છે કે :- **'ગુરુદેવ આપણા ભગવાન છે, ગુરુના ચરણ આપણા માટે સિદ્ધશિલા છે, ગુરુની ભકિત આપણા માટે આવશ્યક કર્તવ્ય છે, ગુરુના વચન આપણા માટે અમૃત છે, ગુરુકુલવાસ આપણા સંયમજીવનનું રક્ષણ કરતી Z-Security છે અને ગુરુની પ્રસન્નતા એ જ આપણી સાધનાનું લક્ષ્ય છે !'** જાણે કે ગુરુસમર્પણ-ગુરુભક્તિ અમારા એ મહાપુરુષોનો patent ગુણ છે !



પણ, મારે તો એમની વાત કરવી છે, જેમનામાં અમારાં સંસ્કારસિંચન પૂર્વેથી જ ગુરુભક્તિ-ગુરુસમર્પણના ભાવો ઝળહળતા હતા અને જેમની નિષ્કામ-શ્રેષ્ઠતમ ગુરુભક્તિએ અમારા તારક ગુરુદેવ પૂજ્યપાદ શાસનશણગાર આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. અને અમારાં ઃ બન્નેનાં હૃદયમાં ખૂબ વિશેષ સ્થાન મેળવ્યું હતું એ શ્રમણ ભગવંત એટલે અમારા શિષ્યરત્ન દિવંગત યુવા મુનિવર નમ્રરત્નવિજયજી મ. ! જો કે અમારા તમામ શિષ્યોમાં અમારા માટે ખૂબ સુંદર ભક્તિ છે જ, છતાં ય અમે એવું અનુભવ્યું છે કે એમનામાં 'Something different' હતું !

વિ.સં.૨૦૮૧ નું અમારું ચાતુર્માસ અમદાવાદમાં હતું, ત્યારે પૂ. ગુરુદેવશ્રીને વંદન કરવા માટે લગભગ દર અઠવાડીયે અમારે એક-બે વાર તો આંબાવાડીથી પંકજ સોસાયટી જવાનું થાય જ ! અમને એ અનુભૂતિ છે કે અમે આ રીતે ૨૫-30 વાર ત્યાં ગયા હોવા છતાં, દરેક વખતે એમની આંખોમાં અમને મળવાની એકસરખી પ્રતીક્ષા ને ઝંખના હોય. અમે ગમે તેટલા કલાકો પછી વિદાય લઈએ, કોઈ જ સૂચના વગર તે દરવાજા પાસે અમારી તમામ ઉપધિ લઈને હાજર જ હોય અને છેક ગલીના અંત સુધી અમને વિદાય આપવા આવી જ ગયા હોય !

એમની આ લાગણીનાં કારણે અમારે ક્યારે પણ કારણવશ પૂ. ગુરુદેવશ્રીથી અલગ વિહાર કરવાનો પ્રસંગ આવે ત્યારે અમારા મનમાં સૌથી પહેલા એમને સાથે લઈ જવાનો વિચાર આવે ! આ અકસ્માત્‌ની ઘટનાના સાત દિવસ પૂર્વે પણ અમારે ધર્મધામતીર્થથી વિહાર કરી ભાયંદર આવવાનું હતું, ત્યારે સર્વપ્રથમ પસંદગી એમની જ થઈ હતી. પરંતુ એમની વર્ષીતપપ્રારંભની ભાવના હોવાથી, પૂ. ગુરુદેવશ્રી પાસે સર્વપ્રથમ પચ્ચક્ખાણ લેવાનો અમે આગ્રહ કરીને અમારી સાથે ન લીધાં !

એમની પંકજસંઘનાં ચાતુર્માસમાં દેખાતી ઊછળતી ભક્તિ હો કે એમને સાથે રાખવાની અમારી અંતરની લાગણી હો : એમાં વ્યક્ત થાય કે નમ્રરત્નવિજયજીની ઉત્તમ પાત્રતા.

## ૨) તહત્તિસ્પંદન

શ્રી દશવૈકાલિક આગમમાં શિષ્ય-સાધક માટે મજાની ગાથા મળે છે કે :-

**अमोहं वयणं कुज्जा, आयरियस्स महप्पणो ।**
**तं परिगिज्झ वायाए, कम्मुणा उववायए ।।**

ભાવાર્થ કે આચાર્ય ભગવંતનાં વચનને અમોઘ-સફલ બનાવવું જોઈએ. એ વચનને ‘તહત્તિ’ જેવા શબ્દો દ્વારા ગ્રહણ કરવું જોઈએ અને એ વચનને સત્ય ઠેરવે તેવી પ્રવૃત્તિ દ્વારા તે વચન સાર્થક કરવું જોઈએ. શ્રી નમ્રરત્નવિજયજીએ આ આગમવચન પૂ. તારક ગુરુદેવશ્રીની વાચનામાં મુમુક્ષુપણામાં સાંભળ્યું હતું. પરંતુ એમણે એને માત્ર શ્રવણવિષય જ ન બનાવ્યો, બલ્કે આચરણમાં લઈ જબરજસ્ત સાર્થક પણ કર્યું હતું. એની પ્રતીતિ કરાવે તેવા કેટલાક પ્રસંગો એમના મુમુક્ષુપણાથી લઈ મુનિપણા દરમ્યાનના નિહાળીએ :

• એ જ્યારે મુમુક્ષુપણમાં હતા ત્યારે અમે નિત્ય રાત્રિની હિતશિક્ષામાં એક વાત શીખવી હતી કે “તારા ગુરુ કોણ બનશે એ પૂ. મોટા સાહેબજીના વિચાર મુજબ થશે. હું ભલે તને તાલિમ આપું-તૈયાર કરું. પણ એટલામાત્રથી તારે એમ ન માનવું કે હું જ તારા ગુરુરૂપે હોઈશ. કોઈ પણ પૂછે ત્યારે તારો ઉત્તર એ જ હોવો જોઈએ કે પૂ. મોટા સાહેબજી કહેશે એમનો શિષ્ય થઈશ.” મુમુક્ષુએ આ વાત જડબેસલાખ મનમાં સ્થિર કરી દીધી. દીક્ષામુહૂર્ત વધામણાં બાદ એમના વાયણાં શરૂ થયાં ત્યારે ઘણા સ્થળે સ્વજનો આ પ્રશ્ન પૂછતા. નેમીનકુમારનો ઉત્તર પૂર્વોક્ત રીતનો જ રહેતો. પરંતુ એમના માતા સાથે હોય ત્યારે બે-ત્રણ વાર માતા બોલી ગયા કે “એ ભલે આ શબ્દો કહે. પણ શિષ્ય તો એ પૂ.આ. રશ્મિરત્નસૂરિજી મ.નો થશે.” ગંભીર નેમીનકુમાર ત્યારે માતાનું ઔચિત્ય જાળવી કાંઇ ન બોલ્યા. પરંતુ ઘરે આવીને એમણે તુર્ત માતાને ટકોર કરી કે “મમ્મી ! આવું બોલવાની શી જરૂર ? ખુદ પૂ. રશ્મિરત્નસૂરિજી મ.ની જ આ હિતશિક્ષા છે. આપણાથી એની ઉપરવટ ન જવાય. હું તો પૂ. મોટા સાહેબજી જેમનો શિષ્ય બનાવશે એમનો જ શિષ્ય થઈશ !” આ હતી આચાર્યવચન અમોઘ બનાવવાની તત્પરતા.

• એમની દીક્ષા થઈ. પૂ. તારક ગુરુદેવશ્રીએ એમને અમારા શિષ્ય બનાવ્યા. એક તો શિષ્ય, એમાં વળી મુમુક્ષુપણાથી અમારી સાથે તીવ્ર લાગણીજોડાણ : એથી સ્વાભાવિક છે કે એમને ચાતુર્માસ અમારી નિશ્રામાં જ કરવાની ભાવના હોય. પરંતુ સમુદાયની અનુકૂળતાઓ-જવાબદારી ઉઠાવવાની એમની ક્ષમતા વગેરે લક્ષ્યમાં રાખી એમને બે વાર અમારાથી અલગ ચાતુર્માસ કરવાની વાત અમે કરી. એક વાર અમદાવાદ-પંકજ સંઘમાં પૂ. તારક ગુરુદેવશ્રીની નિશ્રામાં એમનું ચાતુર્માસ કરાવાયું, તો એક વાર વડોદરા-શ્રીસોસાયટી સંઘમાં મુનિવર્ય શ્રી પ્રશમરત્નવિજયજીની નિશ્રામાં એમને ચાતુર્માસના ઘણા દિવસો રખાયા. એમની લાગણી ભલે અમારી સાથે સંલગ્ન હતી. પરંતુ એમણે ચહેરાની એક રેખામાં પણ બદલાવ વિના જ્યાં ચાતુર્માસ મોકલ્યા ત્યાં રહેવાનું સ્વીકાર્યું. તેઓ જાણે આ દ્વારા કહી રહ્યા હતા કે **“ગુરુની Physical નિશ્રામાં રહેવું એ જ ખરી ગુરુનિશ્રા નથી. સાચી ગુરુનિશ્રા એ છે કે જેમાં ગુરુની હાર્દિક ઇચ્છા અનુસાર રહેવાનું હોય.”**

• નિત્યની વિહારયાત્રામાં તેઓ લગભગ કાયમ અમારી સાથે રહે. એમને એ ખૂબ ગમે. પરંતુ પરિસ્થિતિના સંદર્ભમાં આ વર્ષથી અમે નિયમ બદલ્યો કે "મોટા સાહેબજીને અનુકૂળતા રહે માટે હવેથી તમારે એમની સાથે જ વિહાર દરમ્યાન ચાલવું." અમદાવાદથી વિહાર શરૂ થયો તે પછી ઠેઠ ધર્મધામ તીર્થ સુધી આ જ ક્રમ રહ્યો. એ દરમ્યાન એમણે ઈશારાથી ય પોતાની કોઈ ઈચ્છા દર્શાવી નથી કે મારે આપની સાથે વિહારમાં રહેવું છે ! ધર્મધામ તીર્થ બાદ અમારે ઝડપથી ભાયંદર જવાનું આવ્યું ત્યારે આ. શ્રી હિતરત્નસૂરિજીના શિષ્ય મુનિરાજ શ્રી યુગરત્નવિજયજીને અમારી સાથે ત્યાં આવવાનું નિશ્ચિત થયું. એથી તેઓને એ ત્રણ દિવસ આ. શ્રી હિતરત્નસૂરિજી સાથે ચાલવાનું જણાવાયું. એમણે એ ય હસતા હસતા 'તહત્તિ' કર્યું અને આયુષ્યની અંતિમ ક્ષણ સુધી એમની સાથે જ વિચર્યા. ગુરુઈચ્છા સામે તેઓ જાણે સંજ્ઞી હોવા છતાં અસંજ્ઞી (મનરહિત જીવો) જેવા બની જતા. જેમાં પોતાની ઈચ્છાનો કોઈ અવકાશ ન હોય !

## ૩) આરાધનાસ્પંદન

એમની ઘણી ઘણી આરાધનાઓ એવી મૂઠીઉંચેરી હતી કે એમાંથી કોનો ઉલ્લેખ કરવો અને કોને જતી કરવી એની મીઠી મુંઝવણ થાય. એથી અમે અહીં માત્ર એમના મુમુક્ષુપણાનો જ એક આરાધનાપ્રસંગ લઈશું : અમારા શ્રમણસમુદાયની એક વિશિષ્ટતા એ છે કે એમાં સાંજની જેમ સવારનું પ્રતિક્રમણ પણ માંડલીમાં થાય. ગમે તેટલા દીર્ઘ વિહારો હોય તો ય પદ્ધતિ આ જ. જે મુમુક્ષુઓ હોય તેમના માટે નિયમ એ કે વિહાર ન હોય ત્યારે એમને સવારનું પ્રતિક્રમણ અવશ્ય કરવાનું. પરંતુ વિહાર હોય ત્યારે મુમુક્ષુને સવારનું પ્રતિક્રમણ કરવાનું ન રહે. મુમુક્ષુ નેમીનકુમાર માટે ય આ જ નિયમ હતો. પરંતુ પ્રારંભિક દિવસોમાં જ એ સામેથી કહેવા આવ્યા કે "સાહેબજી ! આપ રજા આપો તો મારે વિહારોમાં ય નિત્ય સવારનું પ્રતિક્રમણ સહુની સાથે કરવું છે. મને વહેલા જાગવામાં કોઈ તકલીફ નથી." નેમીનકુમારને એ મુજબ સંમતિ અપાઈ અને એમણે દીર્ઘ વિહારો છતાં ય નિત્ય સવારનું પ્રતિક્રમણ કર્યું ! મોક્ષસાધક ધર્મના ચાર લક્ષણોમાં એક લક્ષણ દર્શાવાયું છે "किरियासु अप्पमाओ". આ લક્ષણ મુનિશ્રીમાં મુમુક્ષુપણાથી જ કેવું ચરિતાર્થ થતું હતું તે આ ઘટનામાં હૂ-બ-હૂ જોવા મળે છે.



## ૪) અધ્યયનસ્પંદન

વિહારો દરમ્યાન જ્યારે Highway ન હોય-અંતરિયાળ માર્ગો હોય ત્યારે અમે અચાનક શ્રમણોને ગાથાઓ પૂછીએ, પ્રકરણો-કર્મગ્રન્થોના અર્થ પૂછીએ. જેથી જે શ્રમણો અભ્યાસમાં શિથિલ હોય એ તુર્ત પરખાઈ જાય. પછી એમની 'સારણા-વારણા' આદિ થાય. અમને બરાબર સ્મરણ છે કે એમાં ક્યાંય ઊણા ન ઉતરાય એ માટે શ્રી નમ્રરત્નવિજયજી સદા ય અભ્યાસ-સ્વાધ્યાયમાં તત્પર રહેતા. જ્યારે જે પૂછો તે બધું ઉપસ્થિત-કડકડાટ જ હોય. આ ક્ષેત્રે એમને ઠપકો આપવાનો પ્રસંગ બન્યો હોય



તેવું યાદ આવતું નથી. તેઓ **'નિત્યં સ્વાધ્યાયસંયમરતાનામ્'** વિશેષણ સાર્થક કરતા હતા. એમાં પણ એક દૃષ્ટિબિંદુ એમનું એ ખાસ અનુભવાતું કે 'મારો અભ્યાસ કાચો હશે તો ગુરુમહારાજને દુઃખ થશે. ગુરુમહારાજને દુઃખ થાય તેવી એક પણ બાબત મારા જીવનમાં ન જોઈએ.' આમ, એમનું અધ્યયન શ્રુતભક્તિનાં અને ગુરુભક્તિનાં મિશ્રણસ્વરૂપ હતું !

## ૫) પ્રજ્ઞાપનાસ્પંદન

૧૪૪૪ ગ્રન્થસર્જક પૂ. સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે 'અષ્ટકપ્રકરણ'માં ભાવશુદ્ધિનાં નિરૂપણમાં હૃદયસ્પર્શી પંક્તિ લખી છે કે **"પ્રજ્ઞાપનાપ્રિયાઽત્યન્તં, ન પુનઃ સ્વાગ્રહાત્મિકા".** મતલબ કે જેને પ્રજ્ઞાપના પ્રિય હોય અને જેનામાં સ્વાગ્રહ-જીદ ન હોય એનામાં ભાવશુદ્ધિ રહે. મુનિવરમાં આ પ્રજ્ઞાપનાપ્રિયતા કેવી હતી તેનો એક પ્રસંગ કાલધર્મના આઠ દિવસ પૂર્વેનો જોઈએ :

વિ.સં.૨૦૮૨ ની ફાગણ શુદિ પૂનમ. અમે સહુ વિહારમાં એ દિવસે શ્રી ધર્મ-સૂર્યોદયધામ તીર્થે આવ્યા હતા. મુંબઈ નિકટ આવ્યું એટલે મુનિવરના સ્વજનો ત્યાં વંદનાર્થે આવ્યા. નિયત સમય કરતાં સ્વજનો એમની સાથે વધુ બેસ્યા. અમને એમના સ્વાધ્યાયાદિમાં વધુ વિક્ષેપ થતો લાગ્યો. એટલે ઈશારો કર્યો કે બસ, હવે આ સહુને વિદાય કરો. વળતી જ ક્ષણે લેશ પણ નારાજગી કે ઉદાસીનતા વિના એમણે હસતા હસતા સ્વજનોને વિદાય કરી દીધા અને ત્રીજી ક્ષણે તો અમારી ચરણસેવા-ભક્તિ કરવા આવી ગયા ! બહુ ઓછા શ્રમણો આવા મળે કે જેમને ક્યારે ય કોઈની પણ સામે કાંઈ પણ કહેવાય-ઈશારો કરાય તો ય મનમાં રંજ ન હોય, બલ્કે ગુરુઈચ્છા સ્વીકારવાનો ઉલ્લાસ હોય.

## ૬) પ્રભુભક્તિસ્પંદન

અમારા તમામ શિષ્યો માટે અમે ચાર બાબતોનું વિશેષ ધ્યાન રાખ્યું છે :

૧. સતત જ્ઞાનાભ્યાસ ૨. ક્રિયામાં અપ્રમત્તતા ૩. નિર્ભેળ ગુરુસમર્પણ અને ૪. પ્રભુભક્તિમાં ભીનાશ. આ પૈકીની ત્રણ બાબતોના પ્રસંગો ઉપર જણાવાઈ ગયા. હવે આવે છે ચોથી બાબત. પ્રભુભક્તિમાં ભીનાશ તો અમે એમના જીવનમાં ઘણી વાર નહીં, પણ રોજ અનુભવી છે ! ભક્તિગીત-સ્તવન-સ્તુતિઓ વગેરે ભલે ને એકના એક હોય : પણ અમે પાછળ વળીને દૃષ્ટિ કરીએ ત્યારે હંમેશા અમે એમને ભક્તિથી ઝૂમતા-ભાવોમાં ભીંજાતા નીહાળ્યા છે ! એમના અર્ધાવનત પ્રણામ, એમની પ્રભુભક્તિ, એમનો નિત્ય જાપ : આ બધુ ભક્તિમાર્ગના પથિકો માટે આદર્શરૂપ હતું ! પેલી સ્તુતિમાં કહેવાયું છે ને કે **'ભગવાન તુજને પૂજનારા, પૂજનીય બની જાય છે !'** એ પંક્તિ એમનાં જીવનમાં ચરિતાર્થ થતી હતી. એથી જ એ જેટલી સરળતાથી પ્રભુભક્તિમાં મગ્ન-આકર્ષિત બની જતાં હતા, એટલી જ સરળતાથી લોકો પણ એમના પ્રત્યે મગ્ન-આકર્ષિત થઈ જતા હતાં !

## ૭) સંવેદનસ્પંદન

પણ... હવે આ બધી જ ઉત્તમ વાતો ભૂતકાળના સ્મરણો બની જવાની ! કાયમ માટે અમારી આજ્ઞા પ્રમાણે વર્તનારા એ શ્રમણભગવંત અમારી રજા ય લીધા વિના પરલોકની યાત્રાએ જતા રહ્યાં ! પંકજ સોસાયટીના ચાતુર્માસમાં અમને જોવાની જે પ્રતીક્ષા તેમનાં મનમાં રહેતી, શું અમને મળવાની એ પ્રતીક્ષા ત્યારે તેમના મનમાં નહીં હોય કે જેથી અમારા પુનર્મિલનના ત્રણ જ દિવસ પૂર્વે તેઓ અમને આજીવન છોડીને ચાલ્યા ગયા ? આ પુસ્તકના Title -4 માં અમારા માટે જે ભક્તિથી છલકાતો તેમનો પત્ર દર્શાવવામાં આવ્યો છે તે અવશ્ય વાંચજો. તો આવા લાયક શિષ્યને ગુમાવવાનું દુઃખ એક ગુરુ તરીકે અમારાં મનમાં કેવું હશે તેનો ખ્યાલ આવશે ! તેઓ અમારો શાસનપ્રભાવનાનો ભાર ઓછો કરવાના મનોરથ રાખતા હતા, પરંતુ હવે તેમની ગેરહાજરી-તેમની વિરહનો જે ભાર અમારા દિલમાં છે તેને કોણ હળવો કરશે ? તેમની ખોટ કોઈ પૂરી નહીં શકે !

જો કે, આ રીતે તેમના વિયોગમાં આર્ત થઈ નિષ્ક્રિય બની જવું એ પણ સંયમી અને ગુરુનાં સ્થાન પર રહેલા અમારા માટે યોગ્ય નથી. માટે યથાશક્ય પ્રયત્નો દ્વારા તેમને શ્રદ્ધાંજલિ-સ્નેહાંજલિ આપી, તેમના નિમિત્તે પ્રભુને પ્રાર્થના કરીએ : ૧) તેમની આરાધના ભવાંતરમાં તેમને-જલ્દીથી પરમપદની પ્રાપ્તિ કરાવનાર બને અને ૨) તેમનું પ્રકૃષ્ટ પુણ્ય સમુદાય અને પૂ. ગુરુભગવંતને સર્વ પ્રકારે લાભ કરાવનાર બને !

આ
અવસરે અમે અમારા
પૂ. તારક ગુરુદેવશ્રીના ચરણોમાં
પણ અહોભાવપૂર્વક વંદન કરીને આભાર પ્રગટ
કરીએ છીએ કે તેઓએ કોઈ જ કચાશ રાખ્યા વિના, બલ્કે
ઉત્કૃષ્ટ સદ્ભાવથી-વાત્સલ્યથી દિવંગત મુનિશ્રીની સ્મૃતિ માટે
કાળધર્મ બાદના ઉછામણી સમારોહ-પાલખીયાત્રા-ગુણાનુવાદસભાથી
લઈ આ નયનરમ્ય પુસ્તક સુધી સવાયો પુરુષાર્થ-સમયભોગ આપવો વગેરે
બધું જ કર્યું ! શાસનદેવ પૂ. ગુરુદેવશ્રીને તમામ શાસનકાર્યોમાં અચિંત્ય
સફળતા અપાવવામાં સહાયક બને અને અમે પણ એમાં અમારે
ઉચિત પૂરેપુરું યોગદાન આપીએ એ જ મંગળ ભાવના.




# 'નમ્ર'સૌરભ

- પૂ. સાહિત્યરત્ન આ.ભ.
શ્રી અક્ષયરત્નસૂરીશ્વરજી મ.સા.

જેમનાં જીવનમાં વિવિધ સદ્‌ગુણોનો અદ્‌ભુત મેળો રચાયો હતો એ મુનિવર શ્રી નમ્રરત્નવિજયજી માટે મારા અંતરમાં હંમેશા ફરિયાદ રહેશે. કારણકે તેઓ સૌને Smile આપીને ગયા. પરંતુ મને તેઓ એક નહિ, બલ્કે બબ્બે અફસોસ આપીને ગયા : (A) અમારી દૈનિક સાન્ધ્યભક્તિમાં તેમણે મારી પાસે છેલ્લે છેલ્લે બે પ્રભુભક્તિગીતો ગાવાની માંગણી કરેલી. એક, સિદ્ધાચલ દરબાર જાજરમાન લાગે છે... અને બે, ઋષભજી બોલાવે છે... મારા દ્વારા તેમની ઈચ્છા અનુસાર એક ગીત તો ગવાયું. પરંતુ, બીજું ગીત ગવાય એ પૂર્વે જ મુનિવર ચાલી નીકળ્યા : જાણે અધીર બનીને સ્વયં તેઓ જ ઋષભજીને બોલાવવા નીકળી પડ્યા ન હોય ! અને (B) અકસ્માત્ સમયે હું તેમનાથી માત્ર વીશ કદમ પાછળ હતો. છતાં ય તેમનાં રક્ષણનાં સૌભાગ્યથી વંચિત રહ્યો. આવા આશાસ્પદ યુવાન અને ગુણિયલ મુનિવરને કરાલ કાળનો કોળિયો બનતા વિવશતાથી જોઈ રહ્યો. ચંદ ક્ષણોમાં માર્ગ ઉપરના દૃશ્યો બદલાઈ ગયા. કર્મની કુટિલતા પ્રત્યક્ષ જોવા મળી અને 'સમયં ગોયમ ! મા પમાયએ' એ પ્રભુવચન ત્યારે કર્ણપટલ પર જોરશોરથી ગાજી રહ્યું.



અફસોસની પૂર્વોક્ત આગમાંથી ઉઠેલી ધૂમ્રસેરો આજે પણ અંતરમાં યથાવત્ વહી રહી છે. એ ધૂમ્રસેરોમાંથી વિવિધ સદ્‌ગુણોરૂપે પ્રગટતી સુવાસને અહીં નામ આપ્યું છે 'નમ્રસૌરભ'. આવો, પ્રસ્તુત પ્રકરણના પાને પાને એ 'નમ્રસૌરભ'ને માણીએ અને કરીએ 'નમ્ર'સ્મરણમ્...'



## ૧) સમર્પણસૌરભ

પુષ્પ ગમે તેટલી સરસ સાજસજ્જા ધરાવતું હોય-સૌંદર્યભરપૂર હોય. પરંતુ એ જો મહેંક પ્રસરાવવા અક્ષમ હોય તો એ પુષ્પની સાચા અર્થમાં કોઈ કિંમત નથી. બસ એ જ રીતે **શિષ્ય અનેક વિશેષતાઓ ધરાવતો હોય-ઉપદેશાદિ શક્તિઓ ધરાવતો હોય. પરંતુ એ જો સદ્ગુરુ પ્રત્યે સમર્પણભાવશૂન્ય હોય તો એ શિષ્યની પણ સાચા અર્થમાં કોઈ કિંમત નથી. ખરું શિષ્યત્વ સમર્પણની મહેંકથી તર-બ-તર જ હોય.**

સમર્પણ એને કહેવાય જેમાં ગુરુની ઈચ્છા જ નહિ, ઈશારા પ્રમાણે વર્તવાની તત્પરતા હોય અને સ્વયંની ઈચ્છામાત્રનો પણ જેમાં અવકાશ ન હોય. નિઃશંકપણે કહી શકાય કે આવા ઉત્કૃષ્ટ સમર્પણથી નિતાંત વાસિત હતું મુનિવર શ્રી નમ્રરત્નવિજયજી મ.નું જીવન. આ માટે મને યાદ આવે છે તેમની દીક્ષાના ત્રણ માસ પૂર્વે સર્જાયેલી હૃદયસ્પર્શી ઘટના :

સંસારી અવસ્થામાં તેમનું નામ હતું નેમીનકુમાર. દીક્ષાનું મંગલ મુહૂર્ત આવ્યા બાદ તેઓ સપરિવાર દક્ષિણ ભારતના બેંગ્લોરમાં વિરાજમાન તેમના ફઈ મહારાજ સા. શ્રી પુણ્યયશાશ્રીજી મ.ના આશીર્વાદ મેળવવા માટે ગયા. દર્શન-વંદનાદિ અને ઔપચારિક વાર્તાલાપાદિ બાદ શ્રમણીભગવંતે સહજતાથી પંદર વર્ષીય મુમુક્ષુ નેમીનકુમારને પૂછ્યું : "દીક્ષા ગ્રહણ કર્યા બાદ કોનો શિષ્ય બનીશ ?"

નેમીનકુમારે તત્ક્ષણ ઉત્તર પાઠવ્યો : "એ મારે વિચારવાનું ન હોય. મોટા ગુરુદેવ કહે તેમનો શિષ્ય બની જઈશ." શ્રમણીભગવંત પણ વિસ્મયવિભોર બની ગયા નાનાકડા બાળકનો આ પરિપક્વ ઉત્તર સાંભળીને...

થોડી ક્ષણો પછી નેમીનકુમાર સાધ્વીજીભગવંત પાસેથી વિદાય લઈ રહ્યા હતા. ત્યારે ફઈ મહારાજે સુખડના કેટલાક વિશિષ્ટ સંયમઉપકરણો તેમની સમક્ષ રાખીને કહ્યું : "આ ઉપકરણો તને સંયમજીવનમાં ઉપયોગી બનશે. તારા ગુરુ મહારાજને આપજે અને દીક્ષા લીધા બાદ વાપરજે." પરંતુ નેમીનકુમાર કોનું નામ ? મન મોહી લે તેવા સુખડ ઉપકરણોનો સ્પષ્ટ નિષેધ તેમણે એમ કહીને કર્યો કે "ક્ષમા કરજો. પણ ગુરુદેવશ્રીની આજ્ઞા વિના હું આમાંથી એક નાનકડી વસ્તુ પણ ગ્રહણ નહિ કરી શકું." મુમુક્ષુ નેમીનના ઉત્તરમાં રહેલી સમર્પણસૌરભ દ્વારા સાધ્વીજી ભગવંતનો અંતરકક્ષ પણ સુવાસિત બની ઉઠ્યો.



મુનિવર શ્રી નમ્રરત્નવિજયજી મ.નાં જીવનમાં સમર્પણશીલતા આવી અદ્ભુત હતી. દીક્ષા લીધા બાદ નહિ, દીક્ષા પૂર્વે પણ હતી. કૃત્રિમ નહિ, પણ સહજ હતી... એટલે જ તો કરાય છે ને 'નમ્ર'સ્મરણમ્



## ૨) વિનયસૌરભ

રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં select થવું એ જેટલું મુશ્કેલ છે, એના કરતા પણ selection બાદ મહત્ત્વની match માં શતકીય ઈનિંગ રમવી વધુ મુશ્કેલ છે... બસ એ જ રીતે સદ્‌ગુરુનું સાન્નિધ્ય મળવું જેટલું કઠિન છે, એના કરતા પણ સદ્‌ગુરુનું સાન્નિધ્ય આત્મસાત્ કરવું વધુ મુશ્કેલ છે. સદ્‌ગુરુ તરફથી અનુકૂળતા મળે કે પ્રતિકૂળતા મળે, નીતરતું વાત્સલ્ય અનુભવાય કે અકારણ કડકાઈ અનુભવાય. છતાં ય હરદમ સદ્‌ગુરુ જ ગમતાં રહે, સદ્‌ગુરુની નિશ્રામાં જ શીતલતા અનુભવાય, સદ્‌ગુરુની કઠોર વાણી પણ અમૃતસમી લાગે. ત્યારે માનવું પડે કે સદ્‌ગુરુ માત્ર મળ્યા જ નથી, તેમનું સાન્નિધ્ય આત્મસાત્ પણ થયું છે. આ પરિપ્રેક્ષ્યમાં નિહાળીએ વિનયશીલ મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ની નમસ્કરણીય ઘટના :

મુમુક્ષુ અવસ્થામાં ગુરુભગવંતની નિશ્રામાં તેમનું પ્રથમ ચાતુર્માસ. એક દિવસ બપોરે ગુરુદેવની આજ્ઞાથી તેઓ એક શ્રાવકનાં ઘરે વાપરવા ગયા. પરિવારે બહુમાનપૂર્વક તેમની ભક્તિ કરી. પરંતુ, વાપરવાનું પૂર્ણ થતા જ શ્રાવકે બાલમુમુક્ષુ સમક્ષ સાવ નવી જ રજૂઆત કરી. તેમણે કહ્યું : "નેમીનભાઈ... ! અમે આ સ્થાન છોડીને હવે નવાં સ્થાને રહેવા જવાના છીએ. એ નવું ઘર થોડા દૂરના વિસ્તારમાં છે. ત્યાં કોઈ મહાત્મા પધારે તેવી શક્યતા નથી. તેથી મારી તમને વિનંતિ છે કે તમે પણ મહાત્મા બનવાના જ છો ને ? તો આજે તમે અમારા એ નવાં સ્થાનમાં પગલા કરીને પછી જ ઉપાશ્રયે પધારો..." બાલમુમુક્ષુએ તરત વિવેકસભર ઉત્તર આપતા કહ્યું :"જુઓ, હું બે કારણથી તમારા નવાં ઘરે આવી શકું તેમ નથી : ૧. ગુરુદેવની આજ્ઞા વિના મારાથી એક કદમ પણ આગળ- પાછળ ન જવાય. તમારા આ ઘરે આવવાની જ એમની આજ્ઞા હતી. તેથી નવા ઘરે ન અવાય. અને ૨. રોજ અડધો કલાકમાં વાપરીને ઉપાશ્રયે પરત ફરવાનો મારો નિયમ છે. તેથી હવે વધારે સમય મારે ઘરે ન રહેવાય."

અલબત્ત, નેમીનકુમારની તેજસ્વી અને તર્કબદ્ધ વાણી સાંભળીને કોણ જાણે શું થયું કે એ ભાઈનો આગ્રહ જાણે જીદમાં પલટાઈ ગયો. તેમણે ઘરનું દ્વાર બંધ કરી દેતા કહ્યું :"નેમીનભાઈ ! એ હું કાંઈ ન જાણું. તમારે મારા નવા ઘરે પગલા કર્યા વિના જવાશે નહિ એ નક્કી સમજજો."

બાલમુમુક્ષુની સમજાવટ નિષ્ફળ ગઈ અને પૂર્વોક્ત શ્રાવક ધરાર તેમને પોતાનાં નૂતન ઘરે લઈ ગયા ઃ પગલા કરાવવા માટે જ સ્તો. આનું પરિણામ એ આવ્યું કે નેમીનકુમારને ઉપાશ્રયે ગુરુભગવંત પાસે પહોંચવામાં પૂરા બે કલાકનો વિલંબ થઈ ગયો. ઉપાશ્રયમાં ગુરુભગવંત પણ ક્યારના તેમની રાહમાં જ હતા. અતિશય વિલંબ થવાનાં કારણે નેમીનકુમાર આવ્યા એ સાથે જ ગુરુદેવે તેમને કડક ઠપકો આપવા માંડ્યો. નેમીનકુમાર જાણે તૈયાર જ હોય એમ જરાય અકળાયા વિના ગુરુભગવંતની નિગ્રહકૃપા (=ઠપકા)નો આસ્વાદ લઈ રહ્યા: એ પણ ખુલાસાનો એક પણ અક્ષર પ્રકાશ્યા વગર.



સાંજે પેલા શ્રાવકભાઈ ઉપાશ્રયે આવ્યા, ગુરુભગવંતને મળ્યા અને કહ્યું : "સાહેબ ! મિચ્છા મિ દુક્કડં. કારણ કે આજે બાલમુમુક્ષુના સખત ઈન્કાર વચ્ચે હું મારા સ્વાર્થ ખાતર તેમને પરાણે દૂરના વિસ્તારમાં રહેલા મારા નૂતન ઘરે પગલા કરાવવા લઈ ગયેલો અને એમના પરત ફરવાના નિયત સમયમાં બે કલાક વધી ગયા.

ગુરુભગવંતનું અંતર દુઃખી થઈ ગયું તેમની વાત સાંભળીને. બાલમુમુક્ષુને અકારણ ઠપકો અપાયો તેનો વસવસો તેમના હૃદયમાં રમી રહ્યો. રાત્રિ થઈ. પ્રતિક્રમણ બાદ બાલમુમુક્ષુ નેમીનકુમાર ગુરુદેવના ચરણસ્પર્શ માટે આવ્યા ત્યારે ગુરુભગવંતે તેમનાં મસ્તક પર વાત્સલ્યથી હાથ પ્રસારીને કહ્યું : "તેં મને જણાવ્યું નહિ કે ભૂલ તારી નહોતી ?"

બાલમુમુક્ષુએ અદ્ભુત ઉત્તર આપ્યો : "ગુરુનાં વચનને નતમસ્તકે સાંભળવાનું જ હોય ને ? એમાં ખુલાસાની શી જરૂર ?" ગુરુદેવે ફરી પૂછ્યું : "પણ એ તો કહે કે જ્યારે મારો ઠપકો તને મળી રહ્યો હતો ત્યારે તારાં મનમાં શેનો વિચાર હતો ?" "સાહેબજી ! આપે જ તો શીખવાડ્યું છે કે ગુરુમહારાજનો ઠપકો એ પણ એક પ્રકારની નિગ્રહકૃપા કહેવાય. હવે જ્યારે ગુરુની કૃપા મળતી હોય ત્યારે કોઈ વિચાર કરવાનો હોય ખરો ? ભલે ને એ કૃપા કોઈ પણ સ્વરૂપની હોય ?" બાલમુમુક્ષુએ વિનયથી ઝળહળતો લાજવાબ ઉત્તર પાઠવ્યો. શાસ્ત્રમાં કહ્યું છે કે **વિનયના નિર્મળ પરિણામથી મોહનીયકર્મનો ક્ષયોપશમ થાય છે અને અનેક ગુણોના દ્વાર ખૂલી જાય છે. મુનિવર શ્રી નમ્રરત્નવિજયજી મ.ના જીવનમાં શૃંખલાબદ્ધ સદ્ગુણો ઝળહળતા જોવા મળે છે તેનું એક મહત્ત્વનું કારણ છે તેમનાં અંતરમાં અત્તરની જેમ વ્યાપેલી વિનયની સૌરભ.** એ સૌરભને વારંવાર માણવાનું મન થયા કરે છે અને હૈયામાં ગુંજે છે 'નમ્ર'સ્મરણમ્...

## 3) ગુરુકૃપાસૌરભ

'પુત્રના લક્ષણ પારણામાં' આવી પંક્તિ સાંભળી છે અનેક વાર... પરંતુ સાક્ષાત્ અનુભવી છે એક વાર. વિ.સં.૨૦૭૬, ફાગણ વદિ-૨, તા.૧૧.૩.૨૦૨૦ ના એ મંગલમય દિવસે વહેલી સવારે પ્રારંભાયો હતો બાલમુમુક્ષુ નેમીનકુમાર (વર્ષ ૧૫) નો શાનદાર દીક્ષાસમારોહ. ભવ્ય શમિયાણામાં પ્રવ્રજ્યાનો પાવન વિધિ જારી હતો. બાલમુમુક્ષુ નેમીન વસ્ત્રપરિવર્તન અને અંતિમ સ્નાન માટે પધાર્યા હતા. તેઓ નવદીક્ષિતનો વેશ સજીને વાજતે-ગાજતે મંડપમાં પધાર્યા. ગુરુદેવશ્રીની આશિષ લઈ સ્વસ્થાને પધાર્યા. પરંતુ... ત્યારે નવદીક્ષિતનું આસન ક્યાંક અન્યત્ર મુકાઈ જતાં મળતું નહોતું. શ્રમણો તેને શોધી રહ્યા હતા. લોચનો મુહૂર્ત સમય સાવ નિકટ હોવાથી ત્વરા કરવી અનિવાર્ય હતી. અને તે સમયે થયું એક વિરલ ઘટનાનું સર્જન.

આસન ન હોવાનાં કારણે નૂતન બાલમુનિ સ્વસ્થાને એમ જ ઊભા રહ્યા. ત્યારે પૂજ્યપાદ ગુરુદેવ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. તુરત પોતાનાં સ્થાનેથી

ઊભા થયા અને સાથેના શ્રમણને પોતાનું આસન આપીને તેમણે કહ્યું :- "નૂતન બાલમુનિને તુરત આ આસન ઉપર બિરાજમાન કરો અને મુહૂર્ત સાચવવાનું હોવાથી તુર્ત જ વિધિનો પ્રારંભ કરો."

"પણ ગુરુદેવ ! આ તો આપનું આસન... અમે એમને અમારા આસને બિરાજિત કરી દઈએ..."

"ના, આ જ આસન ઉપર એમને બેસાડો. સમય ન જવા દો."

અને નૂતન બાલમુનિને ખરેખર પૂ. ગુરુદેવના આસન ઉપર બિરાજિત કરીને આગળનો વિધિ પ્રારંભાયો. ઉક્ત ઘટના બની ત્યારે લોચ બાદ પૂ. ગુરુદેવશ્રીએ રસપ્રદ ઘોષણા પણ કરી કે "અચાનક પૂર્વઆયોજન વિના બનેલી આ ઘટના એ વાતનું સૂચન કરે છે કે પૂ. ગુરુદેવનો વારસો જેમ અમને મળ્યો છે. એમ ભવિષ્યમાં એ વારસો આ બાલમુનિ સંભાળશે..." પૂજ્યશ્રીની ઘોષણાની બે-ચાર ક્ષણોમાં જ બાલમુનિનું નૂતન આસન મળી ગયું. એ પછી તેમણે પોતાનાં આસન પર જ તમામ પ્રવ્રજ્યાવિધિ પૂર્ણ કરી.



પુત્ર મોટો થઈને કેવો બનવાનો છે તેના લક્ષણ 'પારણા'માં જ પરખાઈ જાય. મુનિ શ્રી નમ્રરત્નવિજયજી ભવિષ્યમાં ગુણવાન બનવાના હતા તેનાં લક્ષણ તેમના દીક્ષા દિવસે જ નિહાળવા મળ્યા : આખરે ગુણવાન વ્યક્તિનું આસન ગુણવાન વ્યક્તિને જ મળી શકે ને ?

પ્રસ્તુત ઘટનાના અનુસંધાનમાં મારે કરવી છે સૌના મનમાં રમતા મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી સાથે હૈયામાં રમતી કેટલીક વાતો :

• મુનિવર ! મને નથી લાગતું કે દીક્ષાદિને પૂ. ગુરુદેવે તમને પોતાનું આસન આપેલું. આસનના બહાને ખરેખર તો તેઓએ તમારા ઉપર બેહદ કૃપાવૃષ્ટિ કરેલી. દીક્ષાદિને જ તમને મળેલી આ ગુરુકૃપાની સૌરભ પછી તો યાવજ્જીવ તમારા જીવનકક્ષમાં અવિરત પ્રસરેલી જ રહી.

• મુનિવર ! મને નથી લાગતું કે પ્રવ્રજ્યાદિને પૂ. ગુરુદેવે તમને પોતાનાં આસન ઉપર બિરાજિત કરેલા. આસન ઉપર બિરાજિત કરવાનાં બહાને ખરેખર તો તેઓએ તમને તેમના સદ્‌ગુણોના વારસદારરૂપે સ્થાપિત કરેલા. તમારા પુનીત જીવનમાં પછી તો નિરંતર સદ્‌ગુણવૃદ્ધિ થતી જ ગઈ.

• મુનિવર ! છેલ્લા ઘણા વર્ષોથી મેં જોયું છે કે તમે ગુરુદેવનાં હૈયે અને હોઠે ચડેલા છો. મને લાગે છે કે એની શરૂઆત તમે મહાભિનિષ્ક્રમણદિને ગુરુદેવના આસને ચઢીને કરેલી. ખરું ને ?


• અને છેલ્લે... મુનિવર ! આચાર્ય ગુરુદેવ જે આસન ઉપર બિરાજમાન થાય એ આસન ઉપર તમે સંયમસ્વીકારદિને જ બિરાજી ગયા. ભવિષ્યમાં 'સૂરિપદ લીધા વિના જ જવાનું છે' એની શું તમને કોઈ એંધાણી મળેલી ? શું કહો છો મુનિવર ?

વારંવાર આવી વાતોની મનમાં સ્મૃતિ થાય છે અને થઈ જાય છે 'નમ્રસ્મરણમ્...'

## ૪) આદીશ્વરભક્તિસૌરભ

ભમરાને ફૂલ જેટલું ગમે એટલું બીજું કાંઈ ન ગમે... મોરને મેઘ જેટલો ગમે એટલું બીજું કાંઇ ન ગમે... એમ અમારા યુવામુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ને પ્રભુ આદિનાથ જેટલા ગમે એટલું બીજું કોઈ ન ગમે...

એટલે જ જ્યારે જ્યારે ઋષભની વાત આવે ત્યારે તેમનાં પ્રતિસ્પંદનો એવા વિશિષ્ટ અનુભવાય કે સાંભળનાર અથવા જોનારને એમ જ લાગે કે જાણે નેમ અને રાજુલની જેમ એમની પ્રભુ આદિનાથ સાથે ભવોભવની પ્રીત જામી ન હોય !!! મને યાદ આવે છે આ સંદર્ભમાં તેમનાં બાળપણની એક પ્રેરણાસ્પદ ઘટના :



સાંસારિક અવસ્થામાં બાળવયમાં એક વાર તેઓ જિનાલયે પ્રભુપૂજા માટે ગયા. જિનાલય ઘરની નિકટ જ હતું. પરંતુ એ દિવસે બાળ નેમીનને રોજ કરતા જિનાલયમાં ઘણો ઘણો સમય લાગ્યો. આથી તેમના માતા હેતલબેન તેમને શોધવા માટે જિનાલયે આવ્યા અને જિનાલયમાં જ્યાં નજર કરી ત્યાં વિસ્મયવિભોર બની ગયા. કારણ કે તેમની આંખોના તારા સમાન તેમનો બાળપુત્ર આનંદમાં આવીને પ્રભુ આદિનાથ સમક્ષ ચામરનૃત્ય કરી રહ્યો હતો.

માતાએ ઘરે આવીને નેમીનની આવી અદ્‌ભુત ભક્તિથી ખુશ થઈને તેને પ્રોત્સાહન રૂપે ૨૦૦ રૂપિયા આપ્યા. સાંજ પડી ત્યારે તેમની માતાને પુનઃ સવારની એ અદ્‌ભુત ઘટના યાદ આવી અને નેમીનને પાસે બોલાવીને તેમણે પૂછ્યું : "બેટા ! સવારે મેં તને ૨૦૦ રૂપિયા આપ્યા હતા તારી ઉત્તમ ભક્તિથી ખુશ થઈને. શું કર્યું એનું ? બજારમાં વાપર્યા ?" બાળ નેમીને જે સુંદર પ્રત્યુત્તર આપ્યો એમાં એના રોમરોમમાં ખૂબ સહજતાથી વ્યાપેલી ઋષભભક્તિની મહેંક અનુભવાઈ રહી. નેમીને કહ્યું : "મમ્મી ! હું આદિનાથની ભક્તિ કરતો હતો એટલે જ તેં મને ઈનામ આપેલું ને ? બસ, એ રૂપિયા મેં આદિનાથની ભક્તિ માટે જ વાપર્યા. જઈને આદિનાથના ભંડારમાં સમર્પિત કરી આવ્યો."

નેમીનની માતાની આંખોમાં આ સાંભળીને હર્ષાશ્રુનાં તોરણો રચાયા. તેમનાં હૃદયમાં આદિનાથ પ્રભુ માટેની ભક્તિ-આદિનાથ પ્રત્યેનો પ્રેમ કદાચ એક નહિ, અનેક ભવોથી એવો સહજતાથી ઘુંટાયો હતો કે નેમીનથી લઈને નમ્રરત્નવિજયજી સુધીની અને બાલ્યાવસ્થાથી લઈને યુવાવસ્થા સુધીની પ્રત્યેક ઘટનામાં અને ક્ષણોમાં તેમનાં જીવનમાં પ્રભુ આદિનાથ જ કેન્દ્રમાં રહ્યા.

આદિનાથ પ્રભુ પ્રત્યેના આ અદ્‌ભુત પ્રેમ અને ભક્તિના પ્રભાવે જ તેમનાં જીવનમાં આદિનાથ સાથેના એક નહિ, બલ્કે અનેક વિરલ સંયોગ રચાયા. આપણે એ વિરલ સંયોગોનું અહીં વિહંગાવલોકન કરીએ...

- શત્રુંજયની છાયામાં-આદિનાથની નિશ્રામાં પાલિતાણામાં તેમનો જન્મ થયો.
- મુંબઈ-મુલુંડના અમીઝરા આદિનાથ પ્રભુની નિશ્રામાં તેમનો ઉછેર થયો.
- મુંબઈ-કાંદિવલી (ઈ)માં કેસરિયા આદિનાથ પ્રભુની નિશ્રામાં તેમને સંયમપ્રાપ્તિ થઈ.

• દીક્ષાના માત્ર દોઢ માસમાં જ તેઓ પૂ. દાદાગુરુદેવ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા. આદિ ૫૯ સંયમીભગવંતોની સાથે સામૂહિક ૫૦૦ આયંબિલતપમાં જોડાયા. તપનો પ્રારંભ દિન હતો વિ.સં.૨૦૭૬, વૈશાખ વદિ-૬ નો દિવસ અને એ દિવસ એટલે ગિરિરાજ ઉપર આદિનાથ પ્રભુની સાલગિરિનો દિવસ. ટૂંકમાં, દીક્ષા બાદનો પ્રથમ મહાતપ પ્રભુ આદિનાથની સાલગિરિ દિને પ્રારંભાયો.

• સમગ્ર જીવનનો સૌથી કઠિન તપ મહામૃત્યુંજય તપ પ્રભુ આદિનાથની નિશ્રામાં-ગિરિરાજની ગોદમાં વિ.સં.૨૦૮૦ માં થયો.

• જીવનના છેલ્લા દિવસોમાં ઋષભદેવ પ્રભુ સંબંધી બે ભક્તિગીતોના શ્રવણની તેમનાં મનમાં તીવ્ર ઇચ્છા રહી : ૧. સિદ્ધાચલ દરબાર જાજરમાન લાગે છે... અને ૨. ઋષભજી બોલાવે છે, એના સપનાં આવે છે...

• છેલ્લા દિવસોમાં શત્રુંજય અને આદિનાથ માટે કાંઈક વિશેષ કરવાના મનોરથો તેમણે ખૂબ સેવ્યા.

• જીવનના છેલ્લા મહાતપ સ્વરૂપે પ્રભુ આદિનાથે કરેલો વર્ષીતપ પ્રારંભ્યો. પ્રભુ આદિનાથે દીક્ષા બાદના પ્રથમ તપ સ્વરૂપે વર્ષીતપ કર્યો, તો એમણે દીક્ષાજીવનનાં અંતિમતપ સ્વરૂપે વર્ષીતપ શરૂ કર્યો.

• આદિનાથની નિશ્રામાં પ્રથમ શ્વાસ લીધા. આદિનાથનાં તપમાં અંતિમ શ્વાસ લીધા.

• અને છેલ્લી વાત : સામાન્યથી તિથિની ગણત્રી આપણે ત્યાં સૂર્યોદયથી સૂર્યોદય પર્યંત થાય. એટલે કે આજના સૂર્યોદયથી આવતીકાલના સૂર્યોદય સુધીની એક જ તિથિ ગણાય. વિ.સં.૨૦૮૨, ફાગણ વદિ-૮ ના દિને તેમણે વર્ષીતપનો પ્રથમ ઉપવાસ કર્યો. બીજે દિવસે વહેલી સવારે સાડા પાંચ કલાકે તો તેમનો કાળધર્મ થયો. પૂર્વોક્ત સૂર્યોદયથી સૂર્યોદય પર્યંતની ગણત્રી પ્રમાણે એ સમયે પણ વાસ્તવિક રીતે ફાગણ વદ-૮ ગણાય. એટલે કે આદિનાથની નિશ્રામાં તેમણે પ્રથમ શ્વાસ લીધા અને આદિનાથના દીક્ષા કલ્યાણક દિને અંતિમ શ્વાસ લીધા.

## ૫) શ્રમણસ્નેહસૌરભ

વિ.સં.૨૦૮૧ નાં ચાતુર્માસમાં મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ. અમદાવાદ-પંકજ જૈન સંઘમાં પૂ. દાદાગુરુદેવશ્રીની નિશ્રામાં-તેમની સેવામાં હતા. એ વર્ષે પૂજ્યશ્રી દ્વારા અમદાવાદમાં સામૂહિક માસક્ષમણની હૃદયસ્પર્શી પ્રેરણા જારી હતી. ધીરે ધીરે માહોલ એવો અદ્ભુત બન્યો કે અમદાવાદમાં મૃત્યુંજયતપની જાણે કે મહાભરતી આવી. આ અદ્ભુત માહોલ પંકજ સંઘમાં જ ચાતુર્માસસ્થિત એક નવદીક્ષિત મુનિવરને સ્પર્શી ગયો. તેઓ પણ માસક્ષમણ કરવાના મનોરથો સેવવા લાગ્યા.

તેમના આ મનોરથો જાણીને અન્ય એક મુનિવરે તેમણે ચેતવ્યા કે "જુઓ, તમારો તપસાધના કરવાનો ભાવ ચોક્કસ શ્રેષ્ઠ છે. હું તમારા ભાવોની ખૂબ અનુમોદના કરું છું. પણ સાથે તમને સાવધાન પણ કરું છું. કારણકે મારા સહિત લગભગ અહીં ચાતુર્માસસ્થિત તમામ મુનિવરો પૂ. ગુરુદેવશ્રી-આચાર્યદેવશ્રી આદિની વૈયાવચ્ચમાં તેમજ અન્ય આવશ્યક કાર્યોમાં એવા વ્યસ્ત છે કે તપમાં તમારી વૈયાવચ્ચ માટે તેઓ કદાચ પૂર્ણપણે ઉપલબ્ધ નહિ રહી શકે. આવી પરિસ્થિતિમાં તમે આટલો મોટો તપ કઈ રીતે પૂર્ણ કરશો."



સાંભળનાર મુનિવર નવદીક્ષિત હતા. તેઓ આ સાંભળીને અત્યંત ચિંતિત થઇ ગયા. 'આ પરિસ્થિતિમાં મારું માસક્ષમણ પરિપૂર્ણ થશે કે નહિ ?' એવી દ્વિધામાં અટવાઈ ગયા. અને આ સમયે તેઓની પાસે પધાર્યા મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મહારાજ. પૂર્વોક્ત વાત જાણી તેમણે કહ્યું : "જુઓ મુનિવર ! તમે આ વૈયાવચ્ચ વગેરેની ચિંતા ન કરો. માત્ર તપ કરવાનો શુભ સંકલ્પ કરો. જરૂર પડશે તો વૈયાવચ્ચનું તમામ કાર્ય હું સંભાળી લઇશ. પરંતુ વૈયાવચ્ચનાં કારણે તમારો તપ અટકવો ન જોઇએ. શુભ મનોરથો ખૂબ મુશ્કેલીથી થાય છે. તમને થયા છે તો તેને જાળવી રાખો." નવદીક્ષિત મુનિવરને આ આત્મીય વચનોથી એવું સરસ પ્રોત્સાહન મળ્યું કે તેમનો માસક્ષમણ સંકલ્પ સાકાર બનીને જ રહ્યો.

વાસ્તવમાં મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ. સ્વયં પણ દાદાગુરુદેવશ્રીની વૈયાવચ્ચભક્તિમાં વ્યસ્ત હતા. અને છતાંય તેમણે સહવર્તી પ્રત્યેના પ્રેમનાં કારણે આ વધારાની વૈયાવચ્ચ સ્વીકારવાની પણ તત્પરતા દર્શાવી. એટલું જ નહિ, અવસરે એ વૈયાવચ્ચની જવાબદારી બખૂબી નિભાવી પણ ખરી.

આ જ માસક્ષમણના પ્રારંભના દિવસોમાં મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ., પોતે પણ આંતરે આંતરે વીશસ્થાનક તપના ઉપવાસ કરતા હોવા છતાં પારણામાં મિષ્ટાન્ન-ફરસાણાદિ વાપરતા નહોતા.

તપસ્વી નવદીક્ષિત મુનિવરને આ ખબર પડતાં તેમણે તેનું કારણ પૂછ્યું અને મુનિવર નમ્રરત્નવિજયજીએ તપધર્મ તેમજ સહવર્તી પ્રત્યેનો આદર વ્યક્ત કરતો મસ્ત ઉત્તર આપ્યો : "અમદાવાદમાં અત્યારે તમારા સહિત સેંકડો તપસ્વીઓએ માસક્ષમણની મહાસાધનાનો પ્રારંભ કર્યો છે. હું માસક્ષમણ તો તમારી સાથે કરતો નથી. પણ તમારા સૌના તપ નિર્વિઘ્ને થાય અને તમારા સૌની અનુમોદનાનો મને લાભ મળે એ માટે મેં કેટલાક દિવસો માટે મિષ્ટાન્ન-ફરસાણનો સંપૂર્ણ ત્યાગ કર્યો છે..." હકીકત એ હતી કે શ્રી નમ્રરત્નવિજયજીએ પૂર્વવર્ષે જ માસક્ષમણ તપ કર્યો જ હતો.

મુનિવરનો શ્રમણપ્રેમ અને તપપ્રેમની મહેંકથી તર-બ-તર કેવો અદ્ભુત ઉત્તર !!!

નદીની કિંમત પાણી વગર ન હોય... અગરબત્તીની કિંમત સુવાસ વગર ન હોય... એમ જીવનની કિંમત સદ્ગુણ વગર ન હોય...

આવા સદ્ગુણોથી છલકતું જીવન સર્જવા માટે કરીએ 'નમ્ર'સ્મરણમ્...



# 'નમ્ર'વૈભવ

- પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્નવિજયજી મ.સા.

ઈ.સ.૨૦૨૦ ના Lockdown ના દિવસો. મલાડ-જિતેન્દ્ર રોડ સંઘમાં અમારી સ્થિરતા. એક દિવસની વાત. હું પહેલે માળેથી બીજે માળે જઈ રહ્યો હતો અને શ્રી નમ્રરત્નવિજયજી મ. મને અર્ધરસ્તે મળ્યા. મળતાં જ એમણે એમનું સદાબહાર smile આપ્યું. મેં લાગણીથી હાથ લંબાવ્યો અને એમણે એ લાગણીથી થામી લીધો. મેં હળવાશથી પૂછ્યું, "ક્યાં સુધી હાથ પકડશો ?" અને મુનિવરે હોંશથી કહ્યું : "જિંદગીના છેલ્લા શ્વાસ સુધી !" એમના આ શબ્દોએ અંતરને હર્ષથી તર-બ-તર તો કરી દીધું.પણ અફસોસ એ વાતનો છે કે એ સમયે હું ખુલાસો માંગવાનો ભૂલી ગયો કે 'કોની જિંદગીના છેલ્લા શ્વાસ સુધી ?' જેમના માટે ભાવિના શાસનધુરીણ સૂરિભગવંતની કલ્પના કરી શકાય એ મહાત્માને નિયતિએ માત્ર ૬ વર્ષના અલ્પ સંયમપર્યાયમાં અમારાથી દૂર કરી દીધા. પણ, એ અલ્પકાળમાં ય એમના જે ભવ્ય ગુણવૈભવનો પરિચય થયો તેની ઝલક અહિં પ્રસ્તુત કરાઈ છે !

## ૧) ઋષભપ્રીતવૈભવ

**"કોઈ મને પૂછે કે ક્યાં તું ખોવાણો ? હું કહું જ્યાં મારો નાથ મળવાનો !"**

**"તું આદિનાથ ત્યારે મળે છે"** પાંચેક માસ પૂર્વે મારા દ્વારા રચિત આ ભક્તિગીતમાં ઉપરોક્ત પંક્તિઓ સહજતાથી ગુંથાઈ ગઈ હતી. પણ આજે એવું પ્રતીત થાય છે જાણે કે મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ. આ પંક્તિઓ આપણા સહુની સમક્ષ ગાઈ રહ્યા છે ! ૨૧ વર્ષની નાનકડી વયમાં આપણા સહુ વચ્ચેથી ચાલી નીકળેલા એ મુનિવરને હજારો ભાવિકોના હૃદય આ સવાલ પૂછી રહ્યા છે કે "તમે અચાનક આમ ક્યાં જતાં રહ્યા ?" અને તેઓ જાણે કહી રહ્યા છે "હું મારા હૃદયેશ્વર-પ્રાણપ્યારા ઋષભદેવ ભગવાનને મળવા ગયો છું !"

મેં ન મીરાને જોઈ છે, ન પૂ. આચાર્યદેવ શ્રી કલાપૂર્ણસૂરિજી મ.ને ! પણ નમ્રરત્ન મ.ને જોયા પછી એક ભક્તહૃદય પરમાત્મા પ્રત્યે ભક્તિથી કેવું છલકાતું હોય એનો અંદાજ મેળવ્યો છે ! એ મહાત્મા ચરિત્રગ્રન્થોનું વાંચન કરે, તો એમના વહાલા પ્રભુની છબી એમની સામે હોય ! એ જાપ કરે, તો દૃષ્ટિ માત્ર એમના પ્રાણવલ્લભ પ્રભુ પર કેન્દ્રિત હોય. અરે ! એ સંથારે, તો એમના વીંટીયા પર ઋષભપ્રભુની છબી હોય અને એમનું મસ્તક પ્રભુના ખોળામાં હોય !

અમારા સહુનું વિ.સં.૨૦૮૦ નું ચાતુર્માસ પાલિતાણા-ચેન્નઈ ભવનમાં હતું. આષાઢ શુદિ પૂનમે તેઓ મને કહે : "પ્રશમરત્ન મહારાજ ! હવે ચાર-ચાર મહિના આદિનાથ પ્રભુના સાક્ષાત્ દર્શન નહીં થાય. માટે ગુરુ મ. હા કહે તો સંપૂર્ણ મિઠાઈ અને ફરસાણનો ત્યાગ કરવો છે !" મેં આત્મીયતાથી વાર્યા : "ના ! એવું ન કરતા. શરીર નબળું પડી જશે !" એમણે ઉછળતા ભક્તિભાવે પ્રત્યુત્તર આપ્યો : "પ્રભુના વિરહમાં તો ઉપવાસ જ કરવાના હોય. પણ એ નથી કરી શકતા તો કમ-સે-કમ આટલો તો ત્યાગ કરીએ !" હું તેમની ભાવનાને નમન કરી રહ્યો.

પછી આવ્યો બેસતા વર્ષનો દિવસ. તેઓ ઉછળતા ઉમંગે મને આવીને કહે : "હવે માત્ર ૧૫ દિવસ બાકી !" મેં હળવાશથી પૂછ્યું : "શેના માટે ? મેવા અને ભાજીપાલા માટે ?" અને એમણે કહ્યું : "ના, મારા દાદાને મળવા માટે !" પછી તો તેઓ રોજ સવારે મને ૧૪-૧૩-૧૨-૮-૫ એમ દિવસો ગણાવે ! અને કાર્તિક શુદિ પૂનમે દાદાના મુખને જોતા એમના મુખ ઉપર જે આનંદ છવાયેલો હતો એ જોતાં 'ઋષભ જિનેશ્વર પ્રીતમ મારો' (એમનું પ્રિય સ્તવન) આ પંક્તિના ભાવો જાણે Facial expression દ્વારા વ્યક્ત થતાં હોય એમ લાગ્યું ! પ્રભુ આદિનાથે સંયમજીવનના પ્રથમ અને અંતિમ દિને ઉપવાસ કર્યો હતો, તો એમના પરમભક્ત આ મુનિરાજે પણ 11 March 2020 ના સંયમસ્વીકારના પ્રથમ દિને અને 11 March 2026 ના સંયમના અંતિમ દિને ઉપવાસ કર્યો હતો ! ઋષભના પ્રેમે તેમને ઋષભસમ બનાવ્યા !



## ૨) શત્રુંજયસત્કારવૈભવ

“નમ્રરત્ન મ.! તમે રોજ રાત્રે ૧૦.૩૦ - ૧૧.૦૦ વાગ્યે ધર્મશાળાની બહાર પગથિયા પર ઊભા રહીને શું કરતા હો છો ?” વિ.સં.૨૦૮૦ ના અમારા પાલિતાણા-ચેન્નઈભવનના ચાતુર્માસમાં ચોમાસી ચૌદશ પછી સતત ૧૦-૧૨ દિવસ સુધી યુવામુનિવરની વિલક્ષણ પ્રવૃત્તિ જોયા પછી મેં એક દિવસ પૂછ્યું અને એમણે જે જવાબ આપ્યો એ સાંભળીને દિલ બાગ-બાગ થઈ ગયું ! એ બોલ્યા : “હું નાનો હતો ને જેટલી વાર પાલિતાણા-અમારા સંસારિક કાકાના ઘરે આવું તેટલી વાર એક પણ દિવસ શત્રુંજયની યાત્રા છોડી નથી. આજે એટલી કમનસીબી છે કે પાલિતાણામાં હોવા છતાં યાત્રા નથી કરી શકતો. માટે રોજ રાત્રે ગિરિરાજને ઠપકો આપવા અને વિનંતિ કરવા જાઉં છું કે “હે ગિરિરાજ ! તારાથી આટલો પાસે બોલાવ્યા પછી પણ તું મને તારા સ્પર્શથી વંચિત રાખે છે ? જલ્દી એવો દિવસ લાવ કે હું તારી સ્પર્શના કરી શકું !” ગિરિરાજ સાથેનું એમનું કેવું અનન્ય જોડાણ હશે કે એમના મનમાં આવા ઉત્તમ ભાવો પ્રગટતા હશે.



પ્રભુ ઋષભદેવ આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર અને એ જ ભવના અંતે મોક્ષે જનારા પરમ પુરુષ હતા. તે ઘટના ખૂબ દીર્ઘકાલીન પૂર્વેની છે. પરંતુ જો કોઈ સચોટ આધાર વિનાની માત્ર કલ્પના કરવાની મને છૂટ મળે તો હું એવું કહી શકું કે નમ્રરત્ન મ. પૂર્વજન્મમાં ઋષભદેવ ભગવાનની સાથે શ્રમણરૂપે હશે અને એ જન્મમાં પ્રભુની સાથે પૂર્વનવ્વાણું વાર ગિરિરાજની યાત્રા કરી હશે. ત્યારે જ એમનામાં પ્રબળપણે ગિરિરાજયાત્રાના સંસ્કારો એમનામાં નિર્મિત થયા હશે. માટે જ માત્ર તળેટીસ્પર્શનાથી સંતોષ ન પામતાં, તેમણે શત્રુંજયની સંપૂર્ણ યાત્રાનો જ ઉમળકો રહેતો. રોજ વહેલી પ્રભાતે તેઓ શત્રુંજયના ૧૦૮ નામોનું સ્મરણ કરે. એક વાર તેઓ બોલ્યા : “મને માતા સા. હિતાર્થમિત્રાશ્રીજીએ કહ્યું છે કે તમારે રોજ સવારે ૧૦૮ નામોનો સ્વાધ્યાય કરવાનો. ખરેખર મને એમાં ખૂબ જ આનંદ આવે છે !”

પાલીતાણાના એ ચાતુર્માસ બાદ એમણે પોતાની ભાવના અનુસાર નવ્વાણુંનો પ્રારંભ કર્યો જ હતો. પણ ૧-૨ દિવસ બાદ તેમણે મને કહ્યું : “પ્રશમરત્ન મ. ! અત્યારે પૂ. મોટા સાહેબજી હસ્તકના ચાર-ચાર પદયાત્રાસંઘોમાં આપણે સહુએ બે વિભાગમાં જવાનું-આવવાનું થશે. એટલે સમય ઓછો છે અને યાત્રાઓ વધારે છે. માટે રોજની ૩-૪ યાત્રાઓ કરવી જ પડશે. બે દિવસના અનુભવ બાદ એવું લાગે છે આવી ઝડપ કરવામાં મારું ગિરિરાજ સાથે જોડાણ પણ બરાબર નથી થતું અને ચૈત્યવંદનમાં પણ યોગ્ય ભાવો નથી આવતા. માટે આપને યોગ્ય લાગે તો હું આવતીકાલથી આપની સાથે ૧-૧



યાત્રા કરું અને ઈ.સ.૨૦૨૯ માં જ્યારે ગુરુદેવના સંયમજીવનના ૫૦ વર્ષ નિમિત્તે ફરી પાલિતાણા આવવાનું થાય ત્યારે ઉતાવળ વિના ભાવથી અદ્‌ભુત રીતે નવ્વાણું કરશું !" આ સિવાય અન્ય એક મુખ્ય કારણરૂપે એમણે એ ભાવ પણ દર્શાવ્યા કે "અન્ય શ્રમણો વધુ યાત્રા કરે છે. હું જો એક યાત્રા કરીને આવી જઉં અને નીચે ગુરુભગવંતોની સેવામાં રહું તો એમની અનુકૂળતાઓ વિશેષ રહે." તેમના પ્રસ્તાવને મેં સંમતિ આપી અને પછી અમારી સંયુક્ત યાત્રાનો પ્રારંભ થયો !

જો કે, તેમના શત્રુંજયપ્રેમ સામે મારો ભક્તિભાવ ખૂબ ફિક્કો લાગે. મેં જ્યારે પ્રથમ વખત 'પ્રભુ તારા વિના' આ ગીત તેમણે જોવા આપ્યું ત્યારે એ ખૂબ રાજી થઈને બોલ્યા : "મારા જ ભાવોને આપે ગીતમાં લખ્યા છે ! સાચે, માત્ર ગુરુદેવો અને સહવર્તીની ભક્તિ માટે હું નીચે આવું છું બાકી મારું મન ચોવીસે કલાક ગિરિરાજ પર જ હોય છે ! ખરેખર ત્યાં વીતાવેલી તમામ ક્ષણો મારી માટે લાખેણી હોય છે !"

તેમણે એક વાર મને કહ્યું હતું : "જ્યારે-જ્યારે 'ઐસી દશા હો ભગવન્' સ્તવન બોલું ત્યારે-ત્યારે ભગવાનને પ્રાર્થના કરું કે મારો ક્યારે મોક્ષ થશે એ ખબર નથી. પણ જ્યારે મળે ત્યારે શત્રુંજય પરથી જ મોક્ષ મળે !" હું તેમને ઘણી વાર આત્મીયતાથી કહેતો : "તમે શત્રુંજય પરથી મોક્ષે જવાના હો ત્યારે મને યાદ કરજો અને સાથે લઈ જજો !" અને તેઓ બોલ્યા : "આપણે બન્ને સાથે જ મોક્ષમાં જઈશું !" પ્રભુને પ્રાર્થના છે કે મારી અને એમની, બન્નેની ઈચ્છા તેઓ પૂરી કરે...

## ૩) ગુરુસમર્પણવૈભવ

**ગુજરાતી ભાષામાં એક ઉક્તિ આવે છે : "મોરના ઈંડાને ચીતરવા ના પડે !" હું ખરેખર આ ઉક્તિ માટે દૃષ્ટાંત આપું નમ્રરત્નવિજયજી મ.નું ! પૂર્વે જેમ મારા પરમતારક ગુરુદેવશ્રી પૂ.આ.દે. શ્રી રશ્મિરત્નસૂરિજી મ.એ કહ્યું તેમ** અમારી ગુરુપરંપરાના તમામ ગુરુભગવંતોની ઓળખાણ જ 'ગુરુભક્ત' તરીકેની છે ! ગુરુપારતન્ત્ર્ય, ગુરુકુલવાસ, ગુરુસમર્પણ, ગુરુભક્તિ, ગુરુકૃપાની દુનિયામાંથી અમારા ગુરુદેવો ક્યારેય બહાર જ નથી આવ્યા. 'ગુરુભગવંતોના ચરણોમાં સર્વસ્વ સમર્પણ અને જીવનમાં મળતી તમામ સફળતાઓનું કારણ માત્ર ગુરુકૃપા' : અમારી ઉજ્જવળ ગુરુપરંપરાના તમામ મહાપુરુષોના મનની આ અડગ માન્યતા હતી અને સહજ છે કે જ્યાંનું વાતાવરણ-ઈતિહાસ બધું જ 'ગુરુકેન્દ્રિત' હોય ત્યાં વસતા શ્રમણોની ગુરુભક્તિ બેમિસાલ જ હોય ! પણ, છતાં ય એવું કહીશ કે ગુરુસમર્પણના વિષયમાં નમ્રરત્ન મ. અમારા તમામ ગુરુભગવંતોની 'હમસકલ' હતા ! માટે જ તો તેમનો કાળધર્મ થયો તે દિવસ પણ 'ગુરુ'વાર હતો... અરે ભૂલ્યો ! તેમના તો સંયમસ્વીકૃતિના પ્રથમદિનથી જ તમામ 'ગુરુ'ના વાર હતા ! તેમના વિચાર-વચન-વર્તન-પત્રો વગરે બધામાં ગુરુબહુમાનભાવ છલકતો દેખાય.

**તેમની દીક્ષાના ટૂંકા જ સમયગાળામાં તેમના લઘુસંસારીબંધુ 'ધર્મકુમાર'ને દીક્ષાનું મુહૂર્ત** પ્રદાન ત્યારે મેં હળવાશથી કહ્યું : "હવે તો તમારા જ ભાઈ દીક્ષા લેતા હોવાથી ગુરુમહારાજ

(પૂ. રશ્મિરત્નસૂરિ મ.)ની જેમ અને એમનાથી પણ પહેલા (માત્ર ૧-૨ વર્ષના સંયમપર્યાય) તમે ગુરુ બની જશો !" અને તેમણે મારી વાતનો મસ્ત પ્રત્યુત્તર આપ્યો : "આપ લાગણીથી મારા માટે ભલે જે વિચારો. પણ હું તો એમ માનું છું કે (૧) મોટા સાહેબજી જેમને નક્કી કરશે તે ધર્મના ગુરુદેવ બનશે અને મને સાહેબજીનો કોઈ પણ નિર્ણય પસંદ આવશે. (૨) મારા સંસારીભાઈને સંયમજીવનનો મનોરથ પ્રગટાવવામાં, ઘડતર કરવામાં સંપૂર્ણ પુરુષાર્થ ગુરુમહારાજનો છે. માટે હું નહીં એ જ એના ગુરુદેવ બનવા માટે યોગ્ય છે (૩) મને ગુરુ નહીં, સાચા શિષ્ય બનવામાં જ વધારે રસ છે. માટે આટલા ઓછા પર્યાયમાં ગુરુ ન બનું એમાં જ મારું હિત છે !" માત્ર બે વર્ષના સંયમપર્યાયમાં આવું કાબિલેદાદ સમર્પણ જોઈને મન હર્ષથી તર-બ-તર થઈ જાય !

જો કે, એમના સમર્પણની ખરી પરીક્ષા તો એમના સંયમજીવનના અંતિમ ચાતુર્માસમાં થઈ. પહેલેથી જ તેમની લોકપ્રિયતા ખૂબ વિશેષ પ્રમાણમાં રહેતી. વિ.સં.૨૦૮૧ ના અમદાવાદ-પંકજ સંઘના ચાતુર્માસમાં માસક્ષમણસમયે માત્ર એમનો મનોહર દેખાવ અને સામાન્ય તપપ્રેરણાઓથી આકર્ષાઈને પાંચ નવયુવાનો રોજ રાત્રે જિજ્ઞાસાનિરાકરણ માટે એમની પાસે આવવા લાગ્યા. ધીમે-ધીમે માધુર્યસભર પ્રેરણાથી એ તમામ નવયુવાનો પાસે તેમણે હિંસક Mobile Gamesના પચ્ચક્ખાણ લેવડાવ્યા અને નવયુવાનો એમને 'ગુરુદેવ'ની દૃષ્ટિથી જોવા લાગ્યા ! જ્યારે આંબાવાડી સંઘમાં ચાતુર્માસ બિરાજમાન અમારા ગુરુદેવને આ વાતની ખબર પડી ત્યારે શિષ્યના ભાવહિતની ચિંતાથી તેમણે કડક શબ્દોમાં નમ્રરત્ન મ.ને એ તમામ યુવાનો સાથે સંપૂર્ણ સંપર્ક સ્થગિત કરી દેવા જણાવ્યું ! ખરેખર, હું તેમના જીવનની એકેક અંગત બાબતો જાણતો હોવાથી એ યુવાનો એમની સાથે જે હદ સુધી જોડાયેલા હતા એ જોતાં ગુરુમહારાજની આજ્ઞાને સરળતાથી સ્વીકારી લેવી અશક્ય હતી. પણ હું સાક્ષી છું આ વાતનો કે ત્યારે ગુરુદેવશ્રીની સમક્ષ કે પરોક્ષ ઃ કોઈ પણ પ્રકારનો અણગમો દર્શાવ્યા વિના એમણે એ તમામ યુવાનો સાથેનો સંપર્ક નહિવત્ કરી નાંખ્યો ! મારી દૃષ્ટિએ તો આ તેમનું અંતિમ નહીં પણ અગ્રિમ સમર્પણ હતું !

એ મને ઘણીવાર હળવાશમાં કહેતા કે "હું ગુરુ બનવાનો નથી, મારે માત્ર સાચા શિષ્ય બનવું છે !" અને એમની ભાવનાને અનુરૂપ જ નિયતિનું નિર્માણ થયું !

## ૪) સહવર્તી-ભક્તિવૈભવ

ઘણા જીવોને જ્ઞાનયોગ સાથે સ્નાન-સૂતકનો ય સંબંધ ન હોય અને ઘણા જ્ઞાનયોગના એવા આશિક થઈને બેઠાં હોય કે એમને વૈયાવચ્ચયોગમાં ખર્ચાતો સમય 'waste of time' લાગે !




પ્રમાદ, અણઆવડત, પ્રશંસાની ભૂખ, વળતરની અપેક્ષા વગેરે પરિબળો એમને કાં તો વૈયાવચ્ચની દુનિયામાં પ્રવેશ જ ન કરવા દે અથવા જલ્દીથી eject કરી દે ! એમાં પણ, પોત-પોતાના ગુરુભગવંતોની સેવા કરવામાં હજી ઉલ્લાસ પ્રગટે. પણ સહવર્તીઓની ભક્તિ કરવા મન જલ્દી તૈયાર ન થાય. જ્યારે આપણા નમ્રરત્ન મ. આ બધામાં ખૂબ નિરાળા હતા !

સૌ પ્રથમ તો એમની નજર ખૂબ દીર્ઘ હતી. કયા સમયે-કયા શ્રમણ ભગવંત અથવા વૃંદને કઈ વસ્તુની આવશ્યકતા હોય એ એમને તુર્ત જ ખ્યાલ આવી જાય અને કાયમ યાદ રાખે. વળી એમનું અવલોકન પણ જોરદાર હતું. ઉપાશ્રયના કયા ભાગમાં કઈ શ્રમણોપયોગી ચીજ રહેલી છે એનું એમને ખૂબ આગવું ધ્યાન હોય. એમને ક્યારેય કોઈ choice ના હોય. મતલબ કે "આ મારા ભાઈ, ગુરુભાઈ, મિત્ર છે માટે એમનું ધ્યાન રાખું' એવું એમને ક્યારેય ન હોય. બલ્કે, એ બધાની એટલી સુંદર ભક્તિ કરે કે એ ખુદ અન્ય શ્રમણભગવંતોની first choice બની જાય !

વિ.સં. ૨૦૮૧ની અમારી કચ્છની વિહારયાત્રાની પૂર્ણાહુતિ સમયે અમે ધ્રાંગધ્રા પહોંચ્યા અને એ દિવસે, જેમને અમે 'ચોથા આરાનો જીવ' રૂપે સંબોધીએ છીએ એ ૧૨૩૭ આયંબિલના ઘોર તપસ્વી મુનિરાજ માર્દવરત્નવિજયજી મહારાજની પાણીની ભક્તિ હતી. ઉનાળાના દિવસો, પાણી ઠારવાનાં સ્થાનની અનુકૂળતા ઓછી અને પાણીનું પ્રમાણ વિશેષ : આ બધાથી ચિંતિત થયેલા મુનિએ મનોમન નક્કી કર્યું કે 'આજે બિયાસણાના સમય સુધી નહીં પહોંચી શકાય. માટે આજે એકાસણું જ કરવું પડશે !' હજુ પચ્ચક્ખાણ લેવાનું બાકી હતું. પણ મનોમન નિર્ણય કરીને મુનિશ્રી ભક્તિમાં મશગૂલ થઈ ગયા.

થોડો સમય થયો અને નમ્રરત્ન મ.ને વિચાર આવ્યો : 'ગોચરી આવવાનો સમય થઈ ગયો છે પણ આ મહાત્મા કેમ હજી પાત્રાની પ્રમાર્જના વગેરે કરતા નથી ?' અને તેઓ દોડતાં-દોડતાં આવીને તપસ્વી મુનિરાજને કહેવા લાગ્યા : 'માર્દવરત્ન મ. ! હમણા ગોચરી આવી જશે. પચ્ચક્ખાણ પારો !' તપસ્વી મુનિશ્રીએ પોતાનો નિર્ણય સંભળાવ્યો અને જ્યાં નમ્રરત્ન મ.ને એમના એકાસણાની ખબર પડી કે તુર્ત તેઓ બોલ્યા : 'ના, એવું નહીં થઈ શકે. તમે હમણા જ તો દીર્ઘ ઓળીનું પારણું કર્યું છે ને એકાસણું કરશો ? તમે ચિંતા ન કરો. તમારી બાકી રહેલી પાણીની બધી ભક્તિ હું સંભાળી લઈશ !' તપસ્વી મુનિરાજે ૨-૩ વાર આનાકાની કરી. પણ આખર એમની તીવ્ર ભાવના સામે એમને ઝૂકી જવું પડ્યું અને બિયાસણું કરવા પધાર્યા. નમ્રરત્ન મ.એ તે પછી કલાક-સવા કલાક પાણીભક્તિમાં ગાળીને શેષકાર્ય સંપન્ન કર્યું !

આવા નાના-મોટા બે ચાર પ્રસંગોએ તપસ્વીમુનિના મનમાં એમના માટે એવો આદર પ્રગટાવ્યો કે એમના કાળધર્મના કેટલાય દિવસો સુધી મુનિરાજ મને કહે : 'નમ્રરત્ન મ. સતત યાદ આવ્યા કરે છે. એ ભૂલાતા નથી !'



• કાપ બીજા કાઢે અને સુકાવાયેલી પરાત-બાલ્દી વગેરે રાત્રિના સમયે નમ્રરત્ન મ. વગર સૂચને, વગર જવાબદારીએ વ્યવસ્થિત સ્થાને ગોઠવી દે. વૃંદના common ઉપયોગમાં આવતા અશુદ્ધ વસ્ત્રને (ભૂમિલૂંછણને) તેઓ પોતાના વસ્ત્રોથી ય વધુ ઉજળા કરી દે ! એ કાપ કાઢે એટલે અમારા વૃંદના કોઈ પણ શ્રમણ તે દિવસે તો કમ-સે-કમ એ ભૂમિલૂંછણનો ઉપયોગ કરતાં શરમાય જ !

• મારી શારીરિક પ્રતિકૂળતાના સમયે હું સ્વયંનો કાપ કાઢવા જ્યારે અસમર્થ હતો ત્યારે એમના કાળધર્મના ૪-૫ દિવસ પૂર્વે પણ તેઓ મારી પાસે કાપની ભક્તિ માટે આગ્રહપૂર્વક વિનંતિ કરવા આવ્યા : ‘સાહેબ ! છેલ્લી વાર મને લાભ આપો. પછી ક્યારેય નહીં માંગું !" જીવનના અંતિમ દિવસોમાં પણ નજરે ચડી આવતી એમની આ ઉત્તમ સહવર્તી ભક્તિ ભવાંતરમાં એમનાં દ્રવ્ય-ભાવ આરોગ્યનું કારણ બની રહેશે...!

## ૫) શ્રેષ્ઠ ઋણાનુબંધવૈભવ

નમ્રરત્ન મહારાજની Personality એક Celebrity થી કમ ન હતી. એમનો દેખાવ મનોહર, વાણી મીઠી, સ્વભાવ ઠંડો, Million dollar smile અને પુણ્ય પરાકાષ્ઠાનું : એનાં કારણે અમારા કરતા પર્યાય, ઉંમર, પરોપકાર વગેરેમાં પાછળ હોવા છતાં માત્ર એક-બે વારના સંસર્ગથી એ લોકોના દિલમાં કાયમી વસી જાય. એમના કાળધર્મના દિવસે પૂ. ગુરુદેવશ્રી સાથે ચિરપરિચિત એક શ્રાવક આંખમાં આંસુ સાથે મને કહેવા આવ્યા : “સાહેબજી ! બે વર્ષ પહેલા આ જ મહાત્માને મેં પાણી વહોરાવ્યું હતું. એમનો જે હસમુખો ચહેરો હતો તે જોતાં એમનો આ રીતે કેમ કાળધર્મ થયો હશે ! ખૂબ દુઃખ થાય છે !” તેમની એકેક નાની પ્રવૃત્તિની નોંધ લેવાતી.



મારા સંયમજીવનના પ્રારંભના ૬ વર્ષોમાં પૂ. મોટા સાહેબજી જ્યારે પણ રાત્રે સંથારા માટે પધારે ત્યારે અલગ-અલગ શ્રમણોને જાહેરાત કરતા નિહાળ્યા હતા કે “સાહેબજી આરામ માટે પધારે છે. બધા ભક્તિ કરવા માટે પધારજો !” પણ જ્યારથી પ્રથમવાર નમ્રરત્ન મ.એ પોતાના માધુર્યસભર લયમાં ‘પધારજો’નો નાદ કર્યો ત્યારથી પૂ. મોટા સાહેબજીએ જ અમને સહુને કહી દીધું કે આજથી રોજ નમ્રરત્ન મહારાજ જ તમને મીઠાશભર્યું આમન્ત્રણ આપશે ! આ વાત એક વખત ધર્મધામતીર્થમાં ઉપધાન કરી રહેલા બાળઆરાધકોને ખબર પડી અને એમણે નમ્રરત્ન મ. માટે **‘હરિણૈગમેષી’** નામ પસંદ કર્યું ! પૂ. મોટા સાહેબજીના પરમભક્ત રમેશભાઈનો દૌહિત્ર મોક્ષ તો હંમેશ માટે તેમને ‘Neil Armstrong' કહીને બોલાવતો ! એ બાળક પણ નમ્રરત્નવિજયજીના કાળધર્મના સમાચાર સાંભળીને ધ્રુસકે-ધ્રુસકે રડ્યો હતો !

પણ... હું વિશ્વાસથી કહું છું કે નમ્રરત્નવિજયજી મહારાજ ભલે ખૂબ લોકપ્રિય હતા. પરંતુ એમનો ગુરુદેવ પછીનો શ્રેષ્ઠ ઋણાનુબંધ મારી સાથેનો હતો અને મારો એમની સાથેનો હતો. પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રન્થના અર્થોથી લઈને સંસ્કૃતનો સંપૂર્ણ અભ્યાસ એમને કરાવવાનો લાભ ગુરુકૃપાથી મને મળ્યો હતો. પણ પાઠના કલાકો સિવાય અમારો સંબંધ ક્યારેય વિદ્યાગુરુ અને વિદ્યાર્થીનો નહોતો, બલ્કે મિત્રતાનો હતો.

હું ચોક્કસપણે કહી શકું કે એમણે દીક્ષા બાદ ૬ વર્ષમાં પોતાના સગા ભાઈ મહારાજ સાથે પણ જેટલી વાત નહીં કરી હોય એટલી વાત મારી સાથે Share કરી હશે. એમની સાથેના આ આત્મીયતાના કારણે જ મેં એવો નિશ્ચય કર્યો હતો કે કોઈ પણ ગીતની રચના કર્યા બાદ સૌપ્રથમ મારા ગુરુદેવને અને પછી નમ્રરત્ન મ.ને દેખાડવું અને ત્યાર બાદ જ અન્ય શ્રમણોને નિહાળવા આપવું. વળી, તેઓ પણ મારા ગીત માટે એટલા ઉલ્લસિત હોય કે લોકસમક્ષ એ ગીતો રજૂ થયા પછી એની Views કેટલી છે એ જાણવાની ઉત્કંઠા મારા કરતા એમની સવિશેષ હોય !

એ વાતમાં કોઈ બે મત નથી કે એમની વિદાયથી એમની ખોટ પૂ. ગુરુદેવો, એમના માતાજી-પિતાજી-ભાઈ-બેન મહારાજ, એમનાં સંસારી સ્વજનોને તો થઈ જ છે. પણ એ બધાથી વધારે મારે થઈ છે ! અને એમણે એવા સમયમાં વિદાય લીધી કે જેથી મને ખૂબ આઘાત મળ્યો ! તપના ક્ષેત્રે સાવ જ નબળું સત્ત્વ અને મનોબળ ધરાવતાં મને જ્યારે વર્ષીતપ કરવાની ભાવના થઈ ત્યારે મેં હળવાશથી નમ્રરત્ન મ.ને કહ્યું હતું : "નમ્રરત્ન મ. ! હું વર્ષીતપ કરું તો એમાં મારી સાથે ધૈર્યરત્ન મ. હશે એની તો guarantee લઈ શકું. પણ તમારી ઈચ્છાની મને ખબર નથી !" અને તેઓ હસીને બોલ્યા હતા : "સાહેબજી ! એટલી વાત પાક્કી છે કે આપ વર્ષીતપ કરતા હો અને જો કોઈ આપની સાથે વર્ષીતપ નહીં કરે તો ય હું તો અવશ્ય કરીશ ! હું માત્ર આદિનાથ પ્રભુ અને આપના માટે વર્ષીતપ કરીશ !"

એમના કાળધર્મ બાદ, એમની સાથે સંસારીપણામાં 'મુમુક્ષુ' તરીકે સાથે વાપરવા જનારા એક સંયમીએ મને કહ્યું કે : "અમારો તે સમયે નિયમ રહેતો કે ભોજનમાં 'ઢોસા' વાપરીએ એટલે વિદાય લેવાની. જ્યારે જ્યારે ગુરુકુલવાસમાંથી ઘરે જવાનું થાય એના પૂર્વદિને કુદરતી રીતે જ અવશ્ય 'ઢોસા' હોય !" જીવનની છેલ્લી ગોચરીમાં ય સહજપણે એવું બન્યું હતું કે વર્ષીતપ પૂર્વેના ઉત્તરપારણાની એમની ગોચરી વહોરવા હું ગયો હતો અને એમાં આ જ પુનરાવર્તન થયું ! ત્યારે તો કલ્પના પણ ક્યાંથી હોય કે સંસારીપણાનો તેમનો નિયમ જીવનના ક્ષેત્રે ય પ્રવર્તમાન થશે !

ભાવિભાવોને તો હું જાણતો નથી. પરંતુ એમની સાથેની ઘનિષ્ઠ આત્મીયતાના બળે એટલું જરૂરથી કહેવા ચાહું છું કે "અત્યાર સુધી અમે ભેગા મળીને અને એ મારા માટે વર્ષીતપ કરવાના હતા, પરંતુ હવે અમે ભેગા ભળીને અને એ મારામાં અવતરીને મને વર્ષીતપમાં સાથ આપશે. એમને અંતરથી ભાવભીની સ્નેહાંજલિ આપતા એટલું જ કહીશ કે : "તમારી વિદાય એ આપણી આત્મીયતા માટે પૂર્ણવિરામ નહીં, પણ અલ્પવિરામ છે. મોક્ષમાં ના જઈએ ત્યાં સુધી પ્રભુ, પ્રભુનું શાસન, આપણા તારક ગુરુદેવો અને તમે : ભવોભવ મળતા રહો એ જ પ્રભુનાં ચરણે પ્રાર્થના છે !"

# 'નમ્ર'પ્રેમ

- પૂ. મુનિરાજ
શ્રી મોક્ષરત્નવિજયજી મ.સા.



મને યાદ આવે છે થોડા સમય પૂર્વેનો મારા ગુરુદેવ સાથેનો વાર્તાલાપ. મુનિરાજ નમ્રરત્નવિજયજીની વાત નીકળતા, તેમણે ત્યારે નિખાલસતાથી કહ્યું હતું : " જો તમારે અન્યત્ર ચાતુર્માસિક આરાધના કરાવવા જવાનું બને અને ત્યારે મોટા ગુરુદેવ મારી સાથે નમ્રરત્નવિજયજીને આરાધના માટે પાઠવે તો એ ચોક્કસ મને અનુકૂળ જ આવે." "એ કઈ રીતે ગુરુદેવ ?" મેં પૂછ્યું. અને સરસ જવાબ મળ્યો : "જુઓ, જેમના અંતરમાં અને આંખોમાં સૌના માટે પ્રેમ હોય ને, એમના માટે સૌને પણ પ્રાયઃ પ્રેમ જ હોય. ઉપરાંત એમનામાં ગંભીરતાદિ ગુણો પણ સુંદર છે..." આ સાંભળીને મારું અંતર ઝૂકી ગયું મુનિવર પ્રત્યે. કારણ તેઓ આ રીતે મારા ગુરુદેવના જ નહિ, પરંતુ સૌના પ્રેમપાત્ર હતા.

અલબત્ત, સૌનો પ્રેમ હતો તેમના પ્રત્યે. પરંતુ તેઓનો ઉત્કૃષ્ટ પ્રેમ વહેતો હતો પ્રભુ આદિનાથ પ્રત્યે. એટલે જ વર્ષીતપપ્રારંભના બે દિવસ પૂર્વે તેમણે વાતવાતમાં કહ્યું હતું કે "વર્ષીતપ તો સરસ થશે. પરંતુ સમગ્ર વર્ષીતપમાં ગિરિરાજ પર પ્રભુ આદિનાથ પાસે જવા નહિ મળે..." સામાન્યજનો વર્ષીતપ પૂર્ણતાના આરે આવે ત્યારે પ્રભુ આદિનાથની યાત્રાએ જાય. પણ મુનિવર... તેઓ જાણે રહી ન શક્યા પ્રભુ આદિનાથ વિના અને વર્ષીતપનો પ્રથમ દિવસ પરિપૂર્ણ થાય એ પૂર્વે જ પ્રયાણ કરી ગયા દૈવી શરીરે પ્રભુઋષભને ભેટવા.

આવો, પ્રસ્તુત પ્રકરણમાં પ્રેમભીનાં હૈયે આલેખાયેલા મુનિવરના ઋષભપ્રેમ, ગુરુપ્રેમ, સહવર્તીપ્રેમ, સદ્ગુણપ્રેમ વગેરેને પ્રેમનીતરતી આંખે નિહાળીએ અને કરીએ 'નમ્ર'સ્મરણમ્.

# ૧) ગુરુભક્તિપ્રેમ

દૈનિક ક્રિયાનાં આવશ્યક સૂત્રોમાં જેનો સમાવેશ થાય છે તેવું એક સૂત્ર એટલે 'પુક્ખરવર'. આ સૂત્રની ચોથી ગાથામાં શબ્દો લખાયા છે : "નંદી સયા સંજમે..." અર્થાત્ કે 'સંયમમાં હંમેશા આનંદ જ હોય છે." આ શબ્દો જ્યારે પણ બોલાય છે-વંચાય છે-સંભળાય છે કે વિચારાય છે ત્યારે આંખો સમક્ષ તરવરી ઉઠે છે એક પ્રેમભર્યો-સ્નેહભર્યો-લાગણીભર્યો-આનંદમઢ્યો ચહેરો. એ પ્રસન્નતામય ચહેરાનું સરનામું બીજું કોઈ નહિ, પરંતુ અમારા સદ્‌ગુણસંપન્ન મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.સા. છે.

જ્યારે પણ એમને જોઈએ ત્યારે હંમેશ માટે એક smilling face જ જોવા મળે. ના કદી કોઈ ઉચાટ કે ના કોઈ ઉકળાટ, ના કોઈ ઉદાસીનતાનો ભાવ કે ના કદી દીનતાનો ભાવ. પ્રસન્નતા તો એમના માટે status હતી અને આનંદ એમની ઓળખ હતી. મને લાગે છે કે કદાચ એટલા માટે જ સદ્‌ગુણોનો સમૂહ એમના જીવનમાં કાયમ નિવાસ કરતો હતો. એમાં જીવનનાં ગુંજારવ કરતા સદ્‌ગુણોમાંથી એક ઉત્તમ ગુણ છે ગુરુભક્તિ અને પ્રભુભક્તિ.

વિ.સં.૨૦૮૦ નું પાલિતાણાનું ચાતુર્માસ પૂર્ણ થતા કારતક પૂનમથી ગિરિરાજની ૯૯ યાત્રાની શરૂઆત થઈ. અમે કુલ ચૌદ મહાત્માઓએ પણ ૯૯ યાત્રાની ભાવનાથી પ્રારંભ કર્યો. બધાની ૯૯ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણતાના આરે હતી. એમાં એક વાર મુનિરાજ શ્રી નમ્રરત્ન વિ. મ. સાથે વાત-વાતમાં મેં એમને પૂછ્યું : "નમ્રરત્ન મહારાજ ! તમે આ વખતે નવ્વાણું કેમ ન કરી ? તમે તો ચોમાસા પહેલા કહેતા'તા કે મારે નવ્વાણું કરવાની ઘણી ઈચ્છા છે... તો કેમ ન કરી ? અને દીક્ષા પછી તો આ પહેલી જ વાર હતી ને..."

તેમણે પ્રત્યુત્તર વાળ્યો : "મોક્ષરત્ન મહારાજ ! તમારી વાત સાચી છે. મેં કહ્યું હતું, મારે કરવી પણ હતી અને દીક્ષા પછી પહેલી વાર હતી. પણ છતાં મેં ન કરી તેમાં બે કારણ હતા. (૧) આપણા ૧૪ મહાત્માઓ નવ્વાણું કરી રહ્યા છે તેથી મને વિચાર આવ્યો કે,'એમના ભાવ છે તો એ બધા ભલે કરતા. હું નીચે રહીને મોટા ગુરુદેવની-ગુરુમહારાજની ભક્તિ કરીશ અને પાણી-ગોચરી વગેરે ભક્તિમાં સહાય કરીશ.' અને (૨) જો હું નવ્વાણું કરું તો રોજની ૩ અથવા ૪ જાત્રા કરવી પડે. તેમાં સમય ઘણો જાય, દાદાની વિશેષ ભક્તિ કરવા પણ ન મળે અને દાદા પાસે બેસવા પણ ન મળે. આ વિચારથી મેં ૯૯ ન કરી. પણ નિત્ય ભાવથી યાત્રાનો લાભ મને મળ્યો જ છે. દાદાની ભક્તિ કરવા પણ મળી અને દાદા પાસે બેસવા પણ મળ્યું. કેમકે હું બનતી શક્યતાએ ગિરિરાજની એક યાત્રા ઉપરાંત નિત્ય ગિરિરાજની તલેટીયાત્રા કરું છું અને અહીં ઉપાશ્રયમાં આદિનાથદાદાની તસવીર સામે આરાધના કરું છું."

તેમની આ ઉત્તમ કક્ષાની પ્રભુભક્તિ અને ગુરુભક્તિ સામે હું નતમસ્તક થઈ ગયો. 'આવા સમજદાર સહવર્તી વારંવાર મળો' એવી મનોમન પ્રભુને પ્રાર્થના થઈ ગઈ. આ ઘટના જ્યારે યાદ આવે છે ત્યારે મનમાં પ્રગટી ઉઠે છે 'નમ્ર'સ્મરણમ્.

## ૨) શ્રમણસેવાપ્રેમ

અમારા અનંતોપકારી ભવોદધિતારક ગુરુદેવ. શતાધિક શ્રમણ-શ્રમણીઓના યોગક્ષેમની ઉત્તમ જવાબદારી તેઓશ્રી વહન કરે છે. વિહારોમાં-સ્થિરતાના દિવસોમાં-ચાતુર્માસમાં-પર્વતિથિનાં દિવસોમાં ગુરુદેવ વારંવાર વાચના પ્રદાન કરે. સંયમજીવનોપયોગી-આત્મોત્થાન માટેની-દોષનાશ અને ગુણવિકાસની-વ્યવહાર અને નિશ્ચય વગેરે વિષયોને આવરી લેતી ગુરુદેવની વાચનાઓ જીવન માટે માર્ગદર્શક અને આનંદદાયક બને છે.

આવી જ એક વાચનામાં ગુરદેવે ‘સાધુ’ની અલગ-અલગ વ્યાખ્યાઓમાંથી એક વ્યાખ્યા કહી ‘સહાય કરે તે સાધુ’. આ વ્યાખ્યાને સંપૂર્ણ વાચનામાં ખૂબ વિસ્તાર અને ઊંડાણપૂર્વક ગુરુદેવે સમજાવી. ગુરુદેવના એ શબ્દોને અને સહાયકતા- સાધુસેવા-શ્રમણભક્તિના એ ગુણને મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.સા.એ જાણે અક્ષરશઃ ચરિતાર્થ કરી હોય તેવી ઘટના તેમના દીક્ષાના પ્રથમ બે મહિનામાં જ બની :

મલાડ-જિતેન્દ્ર રોડ લબ્ધિનિધાન સંઘમાં ગુરુદેવ બિરાજમાન હતા. ગુરુદેવ સહિત બધા શ્રમણો પહેલા માળે બિરાજમાન હતા. ઉપરનો બીજો માળ સાધુ ભગવંતો કાપ કાઢવા માટે વાપરતા હતા. જેથી અન્ય મહાત્માઓને તેમની આરાધનાદિમાં ખલેલ ન પહોંચે. એક વાર એવું બન્યું કે એક જ દિવસમાં ઘણા મહાત્માઓએ કાપ કાઢ્યો. તે જ દિને સન્ધ્યાસમયે હું કાર્યવશ ઉપર બીજા માળે આવ્યો. ત્યાં નૂતન દીક્ષિત મુનિરાજ નમ્રરત્નવિજયજી મ. કાપની પરાત-બાલ્દી વગેરે ભેગું કરીને વ્યવસ્થિત એક સ્થાને ગોઠવતા હતા. ત્યાં પહોંચીને મેં તેમને પ્રશ્ન કર્યો, “નમ્રરત્ન મહારાજ ! તમે પણ આજે કાપ કાઢ્યો ?” “ના, ના, મોક્ષરત્ન મહારાજ ! હું તો હજુ શીખ્યો પણ નથી...”“તો પછી તમે આ બાલ્દી-પરાત વગેરે વ્યવસ્થિત મૂકી રહ્યા છો ને ? આ કાર્ય તો જેમણે કાપ કાઢ્યો હોય તેઓ પોતાની જવાબદારીપૂર્વક કરી જ લેતા હોય છે.”

તેમણે ખૂબ સરસ પ્રત્યુત્તર આપ્યો : “એવું છે કે મેં મોટા ગુરુદેવની વાચનામાં એક વાર સાંભળ્યું હતું કે ‘ગુરુની ભક્તિ તો સૌથી પ્રથમ નંબરે છે જ. પરંતુ જ્યારે જ્યારે અવસર મળે ત્યારે અન્ય સહવર્તીઓની ભક્તિ-સેવાનો લાભ પણ અવશ્ય લેવો જોઈએ. કારણકે જો સાધુનું દર્શન પણ પુણ્ય અપાવે તો સાધુની સેવાનું કાર્ય તો કેટલું ઉત્તમ ફળદાયક હોય...’ આવી વાતો સાંભળી ત્યારથી મેં વિચાર્યું હતું કે ‘હું તો હજુ નાનો અને નવો છું. માટે મને ગોચરી-પાણીની ભક્તિનો લાભ તો ન મળે. હું માંગું તો પણ કોઇ ન આપે. માટે મેં નક્કી કર્યું કે આવી નાની-નાની જે જે ભક્તિનો લાભ મને દેખાશે તેને હું ચૂકીશ નહી. કાપ તો ભલે કોઈએ પણ કાઢ્યો હોય, પણ આ બધી વસ્તુઓ તો શ્રમણો માટેની જ છે ને ? માટે મેં આ જોયું તો તરત આ સેવાનો લાભ લઈ લીધો...” તેમની ઉત્તમ મનોભાવનાને હું મનોમન વંદી રહ્યો. સંયમજીવનના ખૂબ અલ્પ સમયમાં કેવી અને કેટલી અવ્વલ કક્ષાની પરિણતિ તેમણે પ્રાપ્ત કરી હતી. કાળધર્મના એક દિવસ પૂર્વે અમારી સ્થિરતા ધર્મધામ નાગેશ્વરપાર્શ્વનાથ તીર્થે હતી. ત્યાં પણ મેં આ દૃશ્ય જોયું હતું. ખૂબ ઉલ્લાસથી તેઓ આ અને આવી ઘણી ભક્તિ કરતા હતા. તેમની આવી ઉત્તમ કોટિની ભક્તિની સ્મૃતિ થાય છે અને મનમાં રણકી ઉઠે છે ‘નમ્ર’સ્મરણમ્.

## ૩) વિનયપ્રેમ

વિનય !! સઘળા સદ્‌ગુણોનું ઉદ્‌ગમસ્થાન વિનય જ કહેવાય છે. એમ કહેવાય છે કે મુક્તિ પ્રાપ્ત ત્યારે જ થાય જ્યારે ચારિત્ર અંગીકાર કર્યું હોય, ચારિત્ર ત્યારે મળે જ્યારે તેના વિશેનું જ્ઞાનાર્જન કર્યું હોય અને જ્ઞાન અર્થાત્ વિદ્યા પણ ત્યારે જ મળે છે જ્યારે જીવનમાં વિનય ગુણ જામી જાય છે. આનો મતલબ પણ એ જ થયો કે મોક્ષ પામવો હોય તો પણ વિનય એ most necessary છે.

આ વિનયગુણ મુનિ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના જીવનમાં કેવો શોભતો હતો તેની એક ઘટના નિહાળીએ : તે દિવસે પૂ. ગુરુદેવ સાથે અમે સહુ શ્રમણો વિહાર કરીને પાનસર તીર્થે પહોંચ્યા હતા. બપોરના સમયે પૂ. ગુરુદેવની વાચના શરૂ થઈ. જેમાં ગુરુદેવે વિનયના વિવિધ પ્રકાર-વિનય આચરવાના લાભ-ન આચરવાના નુકસાનાદિ ઘણી અવનવી વાતો સમજાવી. તેમાં અંતે પૂ. ગુરુદેવે તેમના દાદાગુરુ અને મહાન શાસનજયોતિર્ધર પૂજ્યપાદ આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની એક ઘટના કહી. "જ્યારે તેઓશ્રી મુનિપણામાં હતા તે સમયે તેમના ગુરુદેવ પૂજ્યપાદ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મહારાજે (તે સમયે ઉપાધ્યાય) પૂજ્યપાદ સૌવીરપાયી આ.ભ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ.સા. રચિત ટીકાથી અલંકૃત 'ઉપદેશપદ' મહાગ્રંથનું સંપાદન કર્યું હતું. તે મહાગ્રંથની પ્રસ્તાવના, સંપાદક તરીકે પૂ.આ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.એ લખી હતી અને તેમાં પૂ. ધર્મસૂરીશ્વરજી દાદા (તે સમયે મુનિ) માટે શબ્દો લખ્યા હતા, "नैसर्गिककुलजविनयवैयावृत्त्यादिसद्‌गुणभाक्" અર્થાત્ પ્રાકૃતિક અને કુલક્રમાગત વિનય-વૈયાવચ્ચ વગેરે સદ્‌ગુણોના ધારક મુનિ શ્રી ધર્મવિજયજી. આવી ઉત્તમ વિનયશીલતા તેમની હતી જેના કારણે તેઓ પોતાના ગુરુનાં હૃદયમાં વસવા દ્વારા ધન્યાતિધન્ય શિષ્ય બન્યા હતા."

વિ.સં.૧૯૮૧ ની આ ઘટનાનું અનુસંધાન કરતા પૂ. ગુરુદેવે કહ્યું, "કુલક્રમાગત વિનયાદિના ધારક યુગદિવાકર ગુરુદેવ જેવો જ વિનયગુણ મુનિ નમ્રરત્નવિજયજીમાં પણ ખૂબ સુંદર જોવા મળે છે..."

પૂ. યુગદિવાકર ગુરુદેવને યાદ કરતા કરતા પૂ. ગુરુદેવને મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.નો વિનયગુણ સ્મૃતિમાં આવી જાય, આ જ વાત પૂરવાર કરે છે કે તેમનો વિનય કેવો ઉત્તમ હશે. તેમનો આવો વિનય જોઈને હૈયે સરગમ વહે 'નમ્ર'સ્મરણમ્...



માસક્ષમણની શોભાયાત્રામાં મુનિશ્રી



## ૪) વ્રતનિષ્ઠાપ્રેમ

શ્રવણ-સમજણ અને આચરણ. ત્રણે ય ક્રિયાઓ પરસ્પર એકબીજા કરતાં મુશ્કેલ છે. સાંભળવું જેટલું easy, તેના કરતા સમજવું વધારે hard અને સમજાયેલી વાતનું પાલન-આચરણ તો તેનાથી પણ વધારે hard. અને તે પાલન-આચરણ કેવું હોય ? તે નિહાળીએ...

મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.સા. કે જેમનું સંસારી નામ હતું નેમીન. ગુરુદેવના સત્સંગ અને ગુરુકુલવાસ બાદ તેમના દીક્ષાના ભાવો દૃઢ થયા. મુહૂર્ત નીકળતા પૂર્વે તેઓ પરિવાર સાથે ઊટી-મૈસુર-હૈદ્રાબાદ વગેરે સ્થળે ફરવા માટે ગયા હતા. દરેક સ્થળે રહેવાની અને જમવાની વ્યવસ્થાઓ પરિવારે હોટલમાં જ કરી હતી. હોટલનું ભોજન એટલે સંપૂર્ણ અભક્ષ્ય. ત્યારે મુમુક્ષુ નેમીનભાઈની પરીક્ષા થઈ. જેમાં તેઓ First Class First રીતે પાસ થયા. તેમણે એ સંપૂર્ણ પ્રવાસ દરમ્યાન પણ પોતાના વ્રત-નિયમોનું સુંદર પાલન કર્યું. સર્વત્ર ઉકાળેલું પાણી જ વાપર્યું. શક્ય હતું ત્યાં સુધી હોટલમાં જમવાનો ત્યાગ કર્યો અને જ્યાં અન્ય કોઈ વ્યવસ્થા ન થઈ અને હોટલમાં જ જમવું પડે એમ હતું ત્યારે જરૂરી ૨-૪ દ્રવ્યોનો જ ઉપયોગ કર્યો. જેમાં એમણે અભક્ષ્યનો તો નિષેધ ખરો જ, ઉપરાંત ટામેટાવાળી વાનગીનો પણ નિષેધ કર્યો. કોઈએ પૂછ્યું, "ટામેટામાં શું તકલીફ છે ?" તેમણે જવાબ આપ્યો, "હું જે ગુરુદેવ પાસે દીક્ષા ગ્રહણ કરવાનો છું તેઓ ટામેટાનો ઉપયોગ નથી કરતા. માટે હું પણ નથી વાપરતો." આવી હતી તેમની વ્રતપાલનની તત્પરતા.

પ્રવાસ દરમ્યાન પણ દરરોજ તેઓ બંને સમયના પ્રતિક્રમણ કરતા હતા. બીજું કોઈ કરે કે ન કરે પણ નેમીનભાઈ તો કરે જ. જો સાંજે ૬-૭ વાગે પ્રવાસ હોય તો પહેલા પ્રતિક્રમણ કરે અને જો લાંબો અને વહેલો પ્રવાસ હોય તો ત્યાં પહોંચીને પણ પહેલું કાર્ય 'પ્રતિક્રમણ', પછી બીજુ બધું. આવી ઉંચી તેમની વ્રતનિષ્ઠા હતી.

આવી તો કેટકેટલી બાબતો હતી જેમાં તેઓ હંમેશા મક્કમ અને દૃઢ રહેતા હતા. માત્ર મુમુક્ષુ અવસ્થામાં જ નહિ, પરંતુ દીક્ષા પછી પણ તેમની વ્રતનિષ્ઠા તેવી જ ઉત્તમ હતી.




## ૫) આચારપ્રેમ

સંયમજીવન ! Life time માટેનું ઈચ્છારહિત જીવન અને અપેક્ષારહિત જીવન. 'જે મળશે તે ચાલશે અને જે મળશે તે ગમશે...' આવા ભાવથી ભાવિત થયેલું જીવન. ન કાંઈ ખાવાની ઈચ્છા કે ન કાંઈ પીવાની ઈચ્છા. ન કોઈ હરવા-ફરવાની કે ન કાંઈ કરવાની ઈચ્છા. ગુરુના ઈશારે ચાલવું અને પ્રભુની આજ્ઞાનું પાલન કરવું, એ જ જેનું એકમાત્ર લક્ષ્ય છે તેવું જીવન !!!

આ વાતને નેમીનકુમારે જાણે મુમુક્ષુપણાથી જ આત્મસાત્ કરી હોય તેવી એક ઘટના તેમના મુમુક્ષુકાળ દરમ્યાન ઘટી હતી :

એ દિવસે ખૂબ લાંબો વિહાર કરીને મુંબઈના જ એક સંઘમાં અમે સહુ પહોંચ્યા ત્યારે ઘણા શ્રાવકો ગોચરીની વિનંતિ અને સાથે-સાથે મુમુક્ષુનો લાભ આપવા વિનંતિ કરતા હતા. છેવટે એક પરિચિત શ્રાવક મુમુક્ષુને ઘરે લઈ ગયા. મુમુક્ષુ વાપરવા બેઠા અને શ્રાવકે પૂછ્યું : "શું વાપરશો ?" "જે તમારા ઘરે બનાવ્યું હોય તે..." ફરી સવાલ કર્યો : "વિશેષ કાંઈ ? જે તમને ભાવતું હોય..." મુમુક્ષુએ ખૂબ સરસ પ્રત્યુત્તર આપ્યો : "ના. જે હશે તે બધું જ ચાલશે." શ્રાવકે ઘણો આગ્રહ કર્યો ત્યારે એમણે કહ્યું : "જો દીક્ષા પછી મારે મારી ઈચ્છા પ્રમાણે નહીં પણ ગોચરીમાં જે આવે તે વાપરવાનું છે, તો અત્યારથી જ શા માટે એ રીતે ન રહું ?" શ્રાવક મુમુક્ષુના આ ઉત્તરથી આશ્ચર્યચકિત થઈ ગયા.

મુમુક્ષુ વાપરતા હતા ત્યારે ઘરના સભ્યો વાતચીત કરતા હતા અને વચ્ચે મુમુક્ષુને પણ સવાલો કરતા હતા. મુમુક્ષુએ વાપરવાનું પૂર્ણ કર્યા પછી જ ઉત્તર આપ્યો. શ્રાવકે વાપરવા સમયે ન બોલવાનું કારણ પૂછતા મુમુક્ષુએ જવાબ આપ્યો : "વાપરતા સમયે ન બોલાય માટે..." "પણ પાણીથી મુખ શુદ્ધ કરીને તો બોલાય ને ?" "એ તો માત્ર અપવાદરૂપે. જો કાંઈ અત્યંત આવશ્યકતા હોય તો જ. નહીંતર કારણ વિના માત્ર વાતો કરવા માટે ન જ બોલવું, તે અમારો નિયમ છે." શ્રાવક મુમુક્ષુની સમજણશક્તિ અને નિયમ પ્રમાણે જ રહેવાની વૃત્તિ પર ફિદા થઈ ગયા.

સંયમ ગ્રહણ કરતા પૂર્વે જ સંયમજીવનની મર્યાદાઓને કેવી હૃદયસ્થ કરી હશે તેની માત્ર ઝાંખી આ ઉપરોક્ત ઘટનામાં થાય છે. કેટલી હદે તેમને પોતાનાં મનને સંયમજીવનના ભાવોથી ભાવિત કર્યું હશે તે અહીં દેખાય છે. તેમના હૃદયનાં આવા ઉંચા ભાવો જોવા મળે છે અને હૈયામાંથી ધ્વનિ ઉઠે છે 'નમ્ર'સ્મરણમ્.

# પિતૃહૃદયનાં સ્પંદનો

- પૂ. મુનિરાજ શ્રી શૌર્યરત્નવિજયજી મ.

(પિતા મ.)





'ઉત્તમ આત્માઓ જે માતાની કુક્ષિમાં પધરામણી કરે છે તે માતા પણ ધન્ય બની જાય છે અને ઉત્તમ આત્માઓનું અવતરણ જે પિતાના કુલમાં થાય છે તે પિતા પણ ધન્ય બની જાય છે...' શાસ્ત્રસૂચિત આ વાત જ્યારથી મારા જાણવામાં આવી છે ત્યારથી મને એક 'ધન્ય પિતા' હોવાનો અહેસાસ ચોક્કસપણે થયા કરે છે. કેમકે મારા આંગણે આવા એક નહિ, બલ્કે બબ્બે પુણ્યાત્માઓનું અવતરણ થયું છે. એ બંને ગુણિયલ અને સંસ્કારી પુણ્યાત્માઓ એટલે સાંસારિકપક્ષે મારા પુત્રમુનિવરો મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મહારાજ તથા મુનિરાજ શ્રી ધૈર્યરત્નવિજયજી મહારાજ. આ બંને પુત્રમુનિવરો પૈકી આજે મારે વાત કરવી છે જેમના પગલે મારું સંયમનું લક્ષ્ય સુનિશ્ચિત બન્યું છે તે દિવંગત સદ્‌ગુણસંપન્ન મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મહારાજ સાથે મેં માણેલા-અનુભવેલા વિશિષ્ટ જીવનપ્રસંગોની અને રજૂ કરવા છે છેલ્લા કેટલાય દિવસોથી અંતરમાં અનવરત વહેતા 'નમ્ર'સ્પંદનોને...

(૧)

'જય ગિરિરાજ... જય આદિનાથ'ના જયઘોષો માત્ર ગિરિરાજ ઉપર કે જયતળેટીએ જ સાંભળવા મળે છે એવું નથી. આવા જયઘોષો મેં મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના રોમે રોમે ગુંજતા અનુભવ્યા છે. કદાચ એટલે જ જન્મ લેતાની સાથે જ તેમને શત્રુંજયસંયોગો સુલભ બન્યા હતા :

• પાલિતાણામાં તેમનો જન્મ થયો ત્યારે સૌપ્રથમ મેં તેમને હાથમાં લીધા હતા અને Hospital ની જે બારીમાંથી શત્રુંજય સ્પષ્ટ દેખાતો હતો, ત્યાં લઈ જઈ સૌપ્રથમ શત્રુંજયના દર્શન કરાવ્યા હતા.

• Hospital માં ત્રણ દિવસ જ્યારે જ્યારે હું તેમની પાસે ગયો ત્યારે ત્યારે શત્રુંજયની જ અલગ અલગ સ્તુતિઓ સંભળાવતો હતો.

• સંસારપક્ષે મારા ભાઈ એટલે જયપાલભાઈ. તેઓ જેટલી વાર Hospital માં મળવા આવે ત્યારે તેમની પાસે આવીને 'શત્રુંજય ગિરિરાજની જય...' વગેરે ખાસ બોલતા.

• તેમનો જન્મ થયા બાદ પ્રથમ મહિનામાં અમે તેમને ગિરિરાજનાં સ્તવન-ભક્તિગીતો વગેરે જ સંભળાવ્યા.

• તેમનો જન્મ થતા જ અમારા સૌના વર્તનમાં-વ્યવહારમાં માત્ર ને માત્ર ગિરિરાજ અને આદિનાથ' છવાઈ ગયા. શા માટે ? લાગે છે કે કદાચ ત્યારે તેમના અંતરમાં અવ્યક્તપણે ચાલી રહેલ 'જય ગિરિરાજ અને જય આદિનાથ'ના જયઘોષોનો જ આ પડઘો હશે...

(૨)

બાળકને જેમ મીઠાઈ વાપરવાની ઈચ્છા થયા જ કરે... ગૃહસ્થ વ્યક્તિને જેમ રૂપિયા કમાવાની ઈચ્છા થયા જ કરે... તેમ મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ને બાલ્યવયમાં પણ ગિરિરાજને ભેટવાની અને પ્રભુ આદિનાથને મળવાની ઈચ્છા વારંવાર થયા જ કરતી.

તેઓ ૧૦/૧૧ વર્ષના હતા ત્યારની વાત. હું ત્યારે 'સિદ્ધાચલ પરિવાર'માં જોડાઈને દર મહિને ગિરિરાજની યાત્રા કરતો હતો. એમાં ઘણી વાર એવું બનતું કે હું જ્યારે પાલિતાણા જવાની તૈયારી કરતો ત્યારે તેઓ પણ પોતાને સાથે લઈ જવા આગ્રહ કરતા. તેમના આગ્રહને વશ થઈ હું ઘણી વાર તેમને યાત્રા માટે સાથે લઈ જતો પણ ખરો.



એક વાર એવું બન્યું કે School માં Exam નિકટ આવતી હતી છતાં તેમણે આ રીતની સાથે આવવાની જીદ કરી. એટલે મેં કહ્યું : "હમણાં તું જીદ ન કર. Exam ઉપર ધ્યાન આપ. Exam પછી યાત્રા માટે સાથે જઈશું."

એમણે તુરત ઉત્તર આપતા કહ્યું : "જુઓ, અહીં રહીશ તો માત્ર School ની પરીક્ષામાં જ પાસ થઈશ. પણ ત્યાં દાદા પાસે આવીશ તો જીવનની પરીક્ષામાં પણ પાસ થઈશ." તેમનો હૃદયસ્પર્શી ઉત્તર સાંભળીને મેં નમતું જોખ્યું અને ઘરાર તેમણે પાલિતાણા યાત્રા માટે લઈ આવ્યો. યાત્રા થયા પછી જ તેમને સંતોષ થયો.

તેમના આવા અદ્ભુત ગિરિપ્રેમનાં કારણે જ વાણી-વર્તન-વ્યવહારમાં મને હરહંમેશ આવો અવ્યક્ત નાદ સંભળાતો જ રહ્યો છે કે **'તારી કૃપાથી મારા કાજ સરે રે, સિદ્ધાચલના દાદા મને ખૂબ ગમે રે...'**

**(3)**

ગૃહસ્થ અવસ્થામાં અમારું સાંસારિક ઘર હતું મુંબઈ-કાંદિવલી (ઈ)માં શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન શ્વે.મૂ. સંઘમાં. મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ. ત્યાંના આદીશ્વર પ્રભુના જિનાલયમાં સંસારી અવસ્થામાં નિત્ય અષ્ટપ્રકારી પૂજા કરતા હતા. સતત બે કલાક પર્યંત તેઓ ભગવાનની ભાવથી ભક્તિ કરતા-સુંદર આંગી બનાવતા-ચામરનૃત્ય પણ કરતા.

એમાં ય જ્યારે તેઓ નવી કલાત્મક પૂજાની જોડ પહેરીને આ ભક્તિમાં જોડાતા ત્યારે તેમનો દેખાવ ખરેખર અદ્ભુત લાગતો.

સંઘના ત્રણ-ચાર લોકો તો મને આવીને કહી પણ ગયા કે 'તમારો નેમીન જ્યારે અષ્ટપ્રકારી પૂજા કરતો હોય, ત્યારે અમને તે દેરાસરમાં જાણે કોઈ દેવ પ્રભુભક્તિ કરવા માટે આવ્યો ન હોય ? તેવો દેવકુમાર જેવો લાગે છે...'

મારા મનમાં ત્યારે સહજતાથી આ વિચાર આવ્યો કે 'તમે એને જિનાલયમાં માત્ર બે જ કલાક માટે નિહાળો છો ને ? એટલે તમને એ 'દેવકુમાર જેવો' લાગે છે. પરંતુ અમે તો એનો સહવાસ ચોવીશ કલાક અનુભવીએ છીએ. તેથી અમને તો તે પૂરેપૂરો 'દેવકુમાર' જ લાગે છે...

(૪)

ગોળના સંપર્કમાં આવનારને ગોળની મીઠાશનો અનુભવ થાય જ. કપાસના સંપર્કમાં આવનારને કપાસની કોમળતાનો અનુભવ થાય જ. રેશમના સંપર્કમાં આવનારને રેશમની સુંવાળપનો અનુભવ થાય જ. બસ એ જ રીતે મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના સંપર્કમાં જેઓ આવતા તેઓને તેમની ગુણવત્તા-વિશિષ્ટતાઓનો અનુભવ ચોક્કસપણે થતો હતો. તેમની દીક્ષા પૂર્વે પણ મેં આ નિહાળ્યું છે, તો દીક્ષા બાદ પણ આવી અઢળક ઘટનાઓને માણી છે. અહીં યાદ કરવી છે મારે તેમના દીક્ષા પૂર્વેની એક-બે સંક્ષિપ્ત ઘટનાઓ :

• નવ વર્ષની તેમની ઉંમર. એ સમયે ગિરિરાજ રક્ષા અભિયાન'માં ચાર દિવસ માટે હું તેમને લઇ ગયો. ત્યારે ચારે ય દિવસ ગિરિરાજ પ્રત્યેનો ઉછળતો સદ્‌ભાવ વગેરેનાં કારણે અભિયાનપ્રેરક ગુરુદેવ તેનાથી ખૂબ પ્રભાવિત થયા. એક દિવસ વાતવાતમાં સાહેબજીએ તેમનો હાથ પોતાના હાથમાં લઈ કહ્યું "નેમીન ! You will be a Star. તું મોટો થઈને શાસનનો સિતારો બનીશ."

• એક વાર કાંદિવલીમાં ચાતુર્માસ માટે પધારેલ મહાત્માએ જિજ્ઞાસુભાઈઓ માટે 'જીવવિચાર'નો રાત્રિપાઠ રાખ્યો. એ પાઠમાં બાળ નેમીન પણ પહોંચી જતાં મહારાજ સાહેબે કહ્યું : "નેમીન ! તું બહુ નાનો છે. તને ન સમજાય. તેથી પાઠમાં બેસવાની જરૂર નથી." તો પણ તેઓ સહજ રસથી પાછળ બેસી પાઠ સાંભળવા લાગ્યા.

સમગ્ર પાઠ પૂર્ણ થયા પછી એક વાર મહાત્માએ 'Oral Exam' લીધી. એમાં જે લોકોને Special પાઠ અપાયા હતા તેઓ દરેક જવાબો ન આપી શક્યા. અને પાછળ રહીને ગેરકાયદેસર' રીતે પાઠ સાંભળનાર નેમીને આગળ આવીને તમામ સાચા ઉત્તરો આપી દીધા. પાટણમાં એક હજાર વર્ષ પહેલા વાદિવેતાલ શ્રી શાંતિસૂરીશ્વરજી મ. પ્રદત્ત પાઠ આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ.એ પાછળ રહીને સાંભળ્યો હતો ને ? અને અવસરે મુખ્ય વિદ્યાર્થીઓએ ન આપેલા કઠિન ઉત્તરો એમણે પણ સચોટ રીતે આપ્યા હતા ને ? બસ, જાણે કે એ જ ઘટનાનું અહીં આંશિક રીતે પુનરાવર્તન થયું.

આ ઘટનાથી મહાત્મા એવા પ્રભાવિત થયા કે તેઓ ઘરે આવીને કહી ગયા : "તમારો નેમીન ખરેખર એક 'વિશિષ્ટ રત્ન' છે. એ રત્ન ક્યાંક ધૂળમાં ઢંકાઈ ન જાય-સંસારમાં ખોવાઈ ન જાય તેનું ધ્યાન રાખજો..."

આવું તો અનેક ઘટનાઓમાં બનતું. તેઓ જ્યાં પણ જતા, સૌનાં મનમાં વસી જતા.

(૫)

બાળપણમાં તેઓ S.V.I.S. School માં અભ્યાસ કરતા.

School ની બસ વહેલી આવતી. તેથી તેઓ પૂજા તો નિત્ય કરી જ લેતા. પરંતુ નવકારશીનું પચ્ચક્ખાણ આવતું ન હોવાનાં કારણે ઘરે વાપર્યા વિના જ દૂધ-નાસ્તો વગેરે School માં લઈ જઈને નવકારશીનાં પચ્ચક્ખાણ પછી જ School ની Recess માં વાપરતા. એક દિવસ Teacher એ તેમને દૂધ વાપરતા જોઈ પૂછ્યું : “કેમ દૂધ અહીંયા લાવે છે ? ઘરેથી વાપરીને નથી આવતો ?” તેમણે નમ્રતાથી કહ્યું : “Teacher ! અમે જૈન છીએ. તેથી સૂર્યોદય થયા બાદ 48 Minutes સુધી કાંઈ જ ન વાપરીએ. પાણીનો પણ ઉપયોગ ન કરીએ. આ નિયમનાં પાલન માટે હું ઘરેથી વાપર્યા વિના જ School માં આવું છું અને અહીં જ દૂધ વાપરું છું.” નાનકડા બાળકની આવી સુંદર વ્રતનિષ્ઠાને અને ધર્મનિષ્ઠાને એ અજૈન Teacher પણ અહોભાવસભર હૈયે નિહાળી રહ્યા.

(૬)

માત્ર ૧૦ વર્ષની વયે તેમણે શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થની પવિત્ર ભૂમિ ઉપર ઉપધાન સાધના કરી. આ આરાધના દ્વારા તેમનાં અંતરમાં વૈરાગ્યદીપ પ્રગટ્યો. ‘દીક્ષા લેવાની છે' તેવો મજબૂત સંકલ્પ થયો.

જ્યારે આ ઉપધાન સાધના માટે અમે તેમને મૂકવા ગયા. ત્યારે ત્યાં અન્ય કોઈ બાળકો ન દેખાતા અમે કહ્યું : “અહીં બીજા કોઈ બાળકો ઉપધાનમાં નથી. બધા મોટા આરાધકો જ છે. તો તને ફાવશે ને ?”

અને એમણે તરત ઉત્તર વાળ્યો : “પપ્પા-મમ્મી ! મને અહીંયા કોઈ નહિ હોય ને , તો પણ ચાલશે. મારા ગુરુ તો અહીં છે ને ? મારે મન એટલું જ બસ છે.”

ગિરિરાજને ‘સર્વસ્વ’ માનવાની શરૂઆત તેમના જીવનમાં કદાચ ગર્ભાવસ્થાથી જ થઇ હતી અને ગુરુરાજને ‘સર્વસ્વ’ માનવાની શરૂઆત કદાચ ઉપધાન સાધનાથી થઇ હતી.

બાળકના માટે માતા-પિતા ‘સર્વસ્વ’ હોય છે. મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના જીવનમાં પણ તેમ જ હતું. ફર્ક માત્ર એટલો હતો કે માતાનાં સ્થાને એમનાં અંતરમાં ગિરિરાજ અને આદિનાથ બિરાજતા હતા, તો પિતાના સ્થાને તેમનાં દિલમાં ગુરુરાજ શોભતા હતા...

***

મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજીનો સંયમપર્યાય થયો હતો છ વર્ષ. એની સ્મૃતિમાં અહીં પ્રસંગો પણ આલેખ્યા છે કુલ છ. એ આલેખનનું સમાપન કરતાં કરવા છે પુત્રમુનિવરને બે સવાલ :

• જ્યારે બાલવયમાં તમે ઉપધાનઆરાધના કરી ત્યારે ગુરુદેવે તમને પૂછ્યું હતું કે Gift માં તમને શું આપીએ ? તમારો જવાબ એક પરિપક્વ વ્યક્તિને છાજે તેવો હતો કે જેમની નિશ્રામાં મેં આ આરાધના કરી છે ને ? એમની મને હરદમ યાદ આવે તે માટે શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ જોઈએ.' આ ઘટના એમ કહે છે કે શ્રી નાગેશ્વર પ્રભુ પ્રત્યે પણ તમારા અંતરમાં વિશિષ્ટ અનુરાગ પ્રગટ્યો હતો. જીવનની છેલ્લી પળોમાં આ પ્રભુનાં દર્શન-ભક્તિ માટે જ શું તમે રોકાયા હતા ? કે જેથી ધર્મધામ તીર્થથી વિહાર કર્યાને ચોવીશ કલાક વીત્યા ન વીત્યા ને તમે ચિરવિદાય લઈ લીધી ?

• તમે એક વાર કહ્યું હતું કે "મને ધર્મધામ બહુ ગમે છે. કારણ કે આ તીર્થ સાથે મારી બચપણની અનેક યાદો જોડાયેલી છે." પુત્રમુનિવર ! જે તમારા દિલમાં-જેની સાથે તમારી યાદો અને ભક્તિ જોડાયેલી એના વિના તમને ન ગમે... તો અમારું સમગ્ર જીવન તમારી સાથે જોડાયેલું હતું. અમને તમારી ચિરવિદાય કેમ ગમે ? કઈ રીતે બસર કરી શકાય એને ?

અને છેલ્લે એક વાત...
મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.
**'મારા ભાગ્ય ખીલ્યા, મારા પાપો હર્યા,**
**આ ભરતક્ષેત્રે મારો જન્મ થયો...'**
આ ગીત પર, પોતાનો જન્મ પાલિતાણામાં થયો હોવાથી,
બહુ જ Proud feel કરતા હતા...
એમના જેવા ઉત્તમ-ગુણવાન સંતાન સાથે
માત્ર સંસારસંબંધથી જ નહિ,
બલ્કે ધર્મસંબંધથી પણ મારે જોડાવાનું થયું.
એથી મને પણ ગર્વની Feeling થાય છે...
રોમે રોમે થાય છે... પળે પળે થાય છે...
અને સ્થળે સ્થળે થાય છે...

# 'નમ્ર'સ્પર્શ

**- પૂ. મુનિરાજ શ્રી ધૈર્યરત્નવિજયજી મ.સા. (નાના ભાઈ મ.)**

મારા ઉપકારી સંસારી માતૃશ્રી સા. હિતાર્થમિત્રાશ્રીજી મ. મારા સંસારી ભાઈમહારાજ પૂ. મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ. માટે એવું કહેતા કે "નમ્રરત્ન મ.ના પુણ્યની પકડ મજબૂત છે. એક વાર જો કોઈ વ્યક્તિ એમના પરિચયમાં આવે તો પછી એ એમને છોડે નહીં !" પરંતુ માતાસાધ્વીજીના તમામ વચન સત્ય કરનાર ભાઈમહારાજે આ વચનને મિથ્યા ઠેરવ્યું ! આખી જિંદગી જેમના સ્નેહની છાયામાં રહેવાના અરમાનો સેવ્યા હતા એ ભાઈમહારાજ માત્ર પાંચ વર્ષના ટૂંકા સંયમ પર્યાયમાં અમને એકલા મૂકીને જતા રહેશે એવી તો કલ્પના જ નહોતી ! અમે એમને છોડ્યા ન હતા. પરંતુ એ તો અમને ધરાર છોડીને ચાલ્યા જ ગયા ! ક્યાં એક બાજુ 'બંધુબેલડી' બનીને ગુરુજનો-વડીલો-શાસનની સેવાના મનોરથો હતાં અને ક્યાં હવે ભાઈ મહારાજના વિરહથી વ્યથિત થયેલા મનવાળું આ જીવન ! સૃષ્ટિના અકળ પરિણામોને સ્વીકાર્યા વિના છૂટકો નથી હોતો ! હવે ભલે નમ્રરત્ન મ.નાં દર્શન કોઈને નહીં મળી શકે, પણ એમની શ્રેષ્ઠતાનો સ્પર્શ જે મને થયો હતો એ સૌનો આદર્શ બની આત્મિક ઉત્કર્ષમાં નિમિત્ત બને એ જ ભાવનાથી એમના વિશે કાંઈક જણાવવાનો પ્રયત્ન કરું છું !



નાના હતા ત્યારે ઘણી વાર એવું બનતું કે હું મારા વડીલ ભાઈની gifts વગેરે લઈ લઉં અને તેઓ કોઈ ઝઘડા-કલેશ કે ફરિયાદ કર્યા વિના હસતા મુખે એવું બોલે : 'ભલે ને લેતો ! એ મારો નાનો ભાઈ જ છે. હું અને એ બન્ને એક જ છીએ !' પણ... સ્વપ્નમાં ય ખ્યાલ ન હોતો કે giftના વિષયમાં દર્શાવાયેલી એમની આ ઉદારતા જીવનનાં વિષયમાં ય લાગુ પડશે ! તેઓ એટલા બધા નિશ્ચિંત થઈ જશે કે પૂ. મોટા સાહેબજી, પૂ. ગુરુ મહારાજ, પૂ. વિદ્યાગુરુ મ., પૂ. માતા-પિતાજી મ. વગેરેની બધી જ જવાબદારી 'હું અને તું એક જ છીએ ! 'એમ કહી મારા પર મૂકીને આત્મકલ્યાણની યાત્રામાં આગળ વધી જશે ! ભલે જીવનનું બધું જ ઘડતર ગુરુદેવો કરતા હોય; પણ એમનું અસ્તિત્વ મારા અભ્યાસ, મારી ક્રિયાઓ, મારા સંયમપાલનને પોષણ દેતું. એમનું evergreen smile મને હંમેશા પ્રસન્ન રહેવા પ્રેરણા કરતું, એમનાં ગુરુસમર્પણ અને ગુરુભક્તિથી મને પણ વૈયાવચ્ચયોગમાં જાગૃત અને અપ્રમત્ત રહેવાની શીખ મળતી અને એમને મનની વાતો કહેવાથી મન ખાલી થઈ શકતું ! હવે, આખી જિંદગી એમની ખોટ રહેશે.

પરંતુ, મારા જીવનના ૧૯ વર્ષ જે એમની સાથે વીતાવવાનો લાભ મળ્યો એ હંમેશા એક સુખદ સંભારણું બની રહેશે ! મને યાદ છે કે સંસારીપણામાં એમના મુહૂર્ત પહેલા જ્યારે-જ્યારે અમારા સંસારી માતુશ્રી એમને પ્રશ્ન કરે કે :- "નેમીન ! તું એકલો જ દીક્ષા લઈશ ?" ત્યારે ત્યારે એ વિશ્વાસથી જવાબ આપે : "ના, તમને પણ દીક્ષા અપાવીશ !" ખરેખર, અમે આજે સંયમી બન્યા છીએ એનું મહત્ત્વનું અને પાયાનું કારણ જ એ છે ! પણ એમણે તો ભગવાન મહાવીર જેવું કામ કર્યું. અમને એમના પંથે લાવ્યા અને પ્રભુ જેમ ગૌતમસ્વામીને ટળવળતાં મૂકીને જતા રહ્યા તેમ તેઓ અમને ટળવળતા મૂકીને જતા રહ્યાં !

જો કે, એમની સાથે અંતિમ દિવસોમાં થયેલી પ્રભુભક્તિ, અધ્યયન, ગુરુભક્તિ, વિહારો, આરાધનાઓ વગેરે બધું જ ખૂબ યાદગાર હતું ! એમની સાથે ક્યારે પણ વાત કરીએ ત્યારે પરનિંદા, પરપંચાત કે સંયમબાધક નબળી વાતો ક્યારેય સાંભળવા ન મળે. બલ્કે, કોઈ ને કોઈ સારી જ પ્રેરણા મળે. અમારા વિ.સં. ૨૦૮૨ના અમદાવાદથી મુંબઈ તરફના વિહારોમાં અમે ભરૂચ-સમડી વિહારના શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયમાં લગભગ ૪૦-૫૦ minutes સુધી સુંદર ભક્તિ કરી અને પછી નીચેના ભક્તામર મંદિરના દર્શન કરતાં-કરતાં તેઓ બોલ્યા : "જેમ પૂ. માનતુંગ સૂરિ મ.ની લોખંડની બેડીઓ ઋષભદેવપ્રભુની ભક્તિ દ્વારા તૂટી, તેમ ઋષભદેવપ્રભુની ભક્તિ કરતાં-કરતાં આપણી પણ કર્મોની બેડીઓ તૂટશે !"

એમનામાં મેં પાંચ વસ્તુઓ ક્યારેય નિહાળી ન હતી...

(૧) કોઈ એમની સાથે ગમે તેવો ગેરવ્યવહાર કરે, કારણ વિના અને અધિકાર વિના ઠપકો આપી દે તો ય ક્યારેય કલહ-મુંહતોડ જવાબ, ટોણાં મારવા વગેરે છીછરાઈ એમનાં વર્તનમાં ના દેખાય.

(૨) ગુરુભગવંતો/વડીલો માટે ક્યારેય નબળી-નિંદાત્મક વાતો સ્વયં કરે નહીં અને સાંભળે ય નહીં.

(૩) કોઈ પણ સાધુ ભ. ગમે તેટલા આગળ વધે, ગમે તેટલી ગુરુદેવો દ્વારા પ્રશંસા થાય. એમનાં મનમાં ક્યારેય ઈર્ષ્યા ન થાય.

(૪) ક્યારેય પણ વિજાતીય પ્રત્યે અશુભભાવ, વિકારદૃષ્ટિ ન દેખાય.

(૫) અન્ય સમુદાયના મહાત્માઓ સામે impression ઉભી કરવાની-પરિચયો કરવાની કોઈ ઝંખના ન દેખાય !

મારા ભાઈ મ.નો જન્મ અમારા સમુદાયશિરચ્છત્ર પૂ. યુગદિવાકર આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ના જન્મદિવસ શ્રાવણ શુદિ અગિયારશે થયો હતો, એમની દીક્ષાતિથિ પૂ.દર્ભાવતીર્થોદ્ધારક આ. ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ની દીક્ષાતિથિ ફાગણ શુદિ બીજના બરાબર ૧૫ દિવસ પછીની હતી, તેઓ દીક્ષાના દિવસે પૂ. શાસનશણગાર આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.ના આસન પર બિરાજમાન થયા હતા અને કાળધર્મના દિવસે પણ અમારા ગુરુદેવ પૂ. પ્રભાવકપ્રવચનકાર આ.ભ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. દ્વારા ઉપયોગ કરીને અપાયેલા કામળી-આસન વગેરેને ધારણ કર્યા હતા. માટે જ તેમનામાં ચારેય તારક ગુરુદેવોના ગુણોનો સમાવેશ થયેલો હતો !

એમના કાળધર્મના ૩-૪ દિવસ પહેલા અમે બન્ને ધર્મધામતીર્થના જ્ઞાનભંડારમાં એક પુસ્તકની શોધ માટે ગયા હતાં અને અમારી નજરે પૂ. ગુરુદેવશ્રીની દીક્ષા, અમારા સમુદાયના ૫૯ સંયમી ભગવંતોના ઐતિહાસિક ૫૦૦ આયંબિલનો પારણા મહોત્સવ, અમારી દીક્ષા વગેરેના Photo album આવી જતાં અમે બન્નેએ દિલચશ્પીથી અવલોકન કર્યું ! એમાં, મારા અને પૂ. ગુરુદેવશ્રીના Photo જોતાં-જોતાં સહજતાથી જ પૂ. ભાઈ મહારાજ બોલ્યા : ‘આ Photo ની જેમ હંમેશા ગુરુ મહારાજની પડખે રહેજે !' રે ! ત્યારે એવો અંદાજમાત્ર ન હોતો કે મને તેઓ એમનાં જીવનની અંતિમ હિતશિક્ષારૂપે એવું કહી રહ્યા છે કે :- “હવે હું વિદાય લેવાનો છું, માટે મારી ગેરહાજરીમાં સાહેબની હંમેશા પડખે રહીને એમની ભક્તિ કરજે !” મારું એમને વચન છે કે :- “દેવ-ગુરુની કૃપાથી જ્યાં સુધી શક્ય હશે ત્યાં સુધી એમણે આપેલી તમામ હિતશિક્ષાઓ - એમણે મારા માટે સેવેલી તમામ ભાવનાઓને પૂરી કરવાનો પ્રયત્ન કરીશ.”



અંતે એમને શ્રદ્ધાંજલિ આપતા એટલું જ કહીશ કે “ભાઈ મહારાજ ! આપે કહ્યું હતું કે તું અને હું એક જ છીએ. માટે આપ જ્યાં હો ત્યાંથી આવીને મારામાં અવતરજો. જેથી આપની પાત્રતાનો, આપના ઋષભપ્રેમનો, આપના ગુરુપ્રેમનો લાભ મને ય થાય. આપ મને મૂકી તો ગયા છો, પણ હું મારી સંયમસાધનામાં ક્યાંય ચૂકી ના જાઉં એ માટે મારા પર નજર કરતા રહેજો !”

# માતૃહૃદયનાં સંસ્મરણો

- પૂ.સા. શ્રી હિતાર્થમિત્રાશ્રીજી મ.

(માતા મ.)

મહાન કવિત્વશક્તિસંપન્ન પં. શ્રી વીરવિજયજી મહારાજે પ્રભુના પાંચ કલ્યાણકની પૂજા અંતર્ગત જન્મકલ્યાણકની પૂજામાં રચેલી મસ્ત પંક્તિ અત્યારે વારંવાર સ્મરણપટમાં અવતરે છે કે **'પ્રભુમાતા ! તું જગતની માતા, જગદીપકની ધરનારી... સખી આજ અનુપમ દીવાળી...'** આ જન્મમાં મને પરમાત્માની આવી માતા બનવાનું સૌભાગ્ય તો મળ્યું નથી. પરંતુ વિશિષ્ટ ગૌરવ પ્રદાન કરે એવા ગુણસંપન્ન-આચારસંપન્ન-સંસ્કારસંપન્ન સંયમીપુત્રની રત્નકુક્ષિમાતા બનવાનું સૌભાગ્ય અવશ્ય પ્રાપ્ત થયું છે કે જેમની નાનકડી વયે થયેલી ચિરવિદાય પછી સુશ્રાવકો-સંઘો-મુનિવરોથી લઈને શાસનના વરિષ્ઠ આચાર્યો ઉપરાંત અનેક ગચ્છાધિપતિશ્રીઓ તથા તપાગચ્છાધિપતિશ્રીએ પણ સંદેશાઓ/પત્રો પાઠવીને તેમને અંજલિ અર્પી છે. જેમનું સ્મરણ કરતાં જ મારું હૈયું ગજગજ ફૂલે છે, જેમની ઉત્તમતા મારા રોમે રોમે છવાઈ છે, જેમની ગુણવત્તાને મેં વારંવાર નિકટથી માણી છે તે સાંસારિક પક્ષે મારા સુપુત્ર મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ની કેટલીક હૃદયસ્પર્શી જીવનઘટનાઓને આંખોમાં આંસુ, અંતરમાં આનંદ અને મનમાં ગૌરવ સાથે અહીં રજૂ કરું છું :

(૧)



મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના પગલે પગલે મારા પણ સંયમના ભાવો વૃદ્ધિમાન બન્યા અને મેં સંયમ સ્વીકાર્યું. સંયમદાન દ્વારા તેમણે મારું જીવનપરિવર્તન તો પછી કર્યું, પરંતુ કુક્ષિમાં અવતરણની સાથે જ સૌ પ્રથમ તેમણે મારી જીવનચર્યાનું પરિવર્તન કર્યું. સાંભળ્યું છે કે ઉત્તમ આત્મા માતાની કુક્ષિમાં પધારે ત્યારે માતાને પણ ઉત્તમ મનોરથો પ્રગટે છે. બસ આવા જ કૈંક અનુભવો અને અંતઃસ્ફુરણાઓ મને પણ થઈ. તેઓ મારી કુક્ષિમાં પધાર્યાની મને ખબર પડી ત્યારે સૌ પ્રથમ મને મુલુંડ-તાંબેનગરના અમીઝરા આદિનાથ દાદા પાસે જવાનું મન થયું. મેં ત્યાં જઈને આદિનાથ પ્રભુની ઘણી સ્તુતિઓ ગાઈ અને સંધ્યાભક્તિ પણ કરી. એ પછી તો વારંવાર મને આ રીતે આદિનાથ પ્રભુની ભક્તિનું મન થયા જ કરતું અને હું એ રીતે ત્યાં જઈને ભક્તિ કરતી. સાથે સાથે 'ઉપદેશપ્રાસાદ' વગેરે ધર્મગ્રન્થોનાં વાંચન પણ કરતી.

મને એમ જ લાગે છે કે તેઓ પૂર્વભવમાં જરૂર પ્રભુ આદિનાથની અધૂરી સાધના છોડીને મારી કુક્ષિમાં પધાર્યા હશે. એટલે જ ગર્ભમાં પધારતાની સાથે જ તેમણે જાણે કે મને સૌ પ્રથમ પ્રભુ આદિનાથની જ ભક્તિ સુઝાડી.

(૨)

મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ. જ્યારે મારી કુક્ષિમાં પધાર્યા ત્યારે અમે રહેતા હતા મુલુંડ-તાંબેનગરમાં. ત્યાં પરમાત્મા ઋષભદેવ હતા. મારી બધી જ અનુકૂળતાઓ સચવાય તેવું વાતાવરણ હતું. પરંતુ તે છતાંય છેલ્લા ચાર-પાંચ માસથી મારા ગિરિરાજ પ્રત્યેના ભાવો અત્યંત ઉલ્લસિત બન્યા હતા. જાણે મારું ગર્ભસ્થ શિશુ મને, જે ભૂમિમાં અનંતા આત્માઓ સિદ્ધિપદ પામ્યા છે તે ભૂમિમાં જવા માટે પ્રેરતું હતું. અને મેં મક્કમ નિર્ણય લીધો કે **'મારું સંતાન આ પૃથ્વી પર અવતરે ત્યારે એના સૌથી પ્રથમ શ્વાસમાં એ પરમાણુઓ હોય કે જ્યાંના અનંતા આત્માઓ મોક્ષે ગયા છે, તેનું રોમે-રોમ ગિરિરાજમય બને અને તેને જન્મતાની સાથે જ પ્રભુ આદિનાથની છત્રછાયા મળે...'**

લોકો તેમની આદીશ્વરભક્તિને યાદ કરે છે... તેમનો વિશિષ્ટ ઋષભપ્રેમ નિહાળીને આશ્ચર્ય વ્યક્ત કરે છે. પરંતુ મને આમાં લેશમાત્ર આશ્ચર્ય થતું નથી. કારણ કે જેના પ્રથમ શ્વાસે જ આદિનાથ હોય, એના શ્વાસે શ્વાસે તો આદિનાથ હોય જ ને !!!'

(3)

મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના જન્મ પૂર્વે અમે પહોંચી ગયા હતા પાલિતાણામાં-ગિરિરાજનાં સાન્નિધ્યમાં. ડૉક્ટરે તેમનાં જન્મ માટેનો શુભ દિવસ આપ્યો હતો વિ.સં.૨૦૬૦, શ્રાવણ શુદિ-૧૧, તા.૨૮.૦૭.૨૦૦૪ ને બુધવારનો.

વિ.સં.૨૦૬૦ નું આ પવિત્ર વર્ષ એટલે પૂજ્યપાદ શતાધિક જિનાલય પ્રણેતા શાસનધુરીણ યુગદિવાકર આ.ભ. શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મ.નું જન્મશતાબ્દી વર્ષ અને શ્રાવણ શુદિ-૧૧ નો એ પાવન દિવસ એટલે પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવનો ૧૦૧ મો પાવન જન્મદિવસ. મારી કુક્ષિએ અવતરનાર સંતાન જાણે કે ગુણોથી સમૃદ્ધ બનવાનું હતું-દેવ અને ગુરુની ભક્તિથી સમૃદ્ધ બનવાનું હતું-સંયમાચારોથી સમૃદ્ધ બનવાનું હતું. કદાચ એટલે જ કોઈક પરમ પુણ્યના ઉદયે, ભવિષ્યમાં જે સમુદાયમાં તેમણે દીક્ષા લેવાની હતી એ જ સમુદાયના પ્રભાવક ગુરુદેવના જન્મશતાબ્દી વર્ષે તેમજ જન્મદિવસે તેમનો જન્મ સુનિશ્ચિત થયો હતો. હું આને યોગાનુયોગ નહિ કહું, પરંતુ તેમની ઉત્તમતા અને પવિત્રતાએ સર્જેલો સંયોગ જરૂર કહીશ.

પૂર્વોક્ત દિવસે જિનાલયમાં પ્રક્ષાલપૂજા-બરાસપૂજા વગેરે ભાવસભર હૈયે કરીને અમે Hospital ગયા. હું Admit થઈ. એ પછી સવારે ૮.૦૦ ક. થી સાંજે ૫.૩૦ ક. દરમિયાન તેના જન્મ સુધી મનમાં ગિરિરાજ જ છવાયેલો હતો. આ સમયમાં મન ગિરિરાજની સ્મૃતિવિહોણું બન્યું હોય એવું એક second માટે પણ નથી થયું. ઉછળતા ઉલ્લાસથી થતા શત્રુંજયગિરિરાજના જાપ સાથે જ તેનો જન્મ થયો. Doctor એ પુત્રજન્મની વધામણી આપીને આંખ ખોલવા કહ્યું. પણ મેં ગિરિરાજનું સ્મરણ જારી રાખવા સાથે આંખો ન જ ખોલી. જાણે ત્યારે મનમાં એવો ભાવ અવ્યક્તપણે પ્રગટી રહ્યો હતો કે હું મારા દીકરાને જોઉં અને દીકરો મને જુએ તેના કરતા દીકરો સૌ પ્રથમ ગિરિરાજનાં જ દર્શન કરે તો કેવું સારું !!!

(૪)

મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના જન્મ પછી જ્યારે સૌ પ્રથમ જિનાલયે જવાનો અવસર આવ્યો ત્યારે સર્વપ્રથમ જિનાલયસ્વરૂપે અમે તેમને લઇ ગયા જયતળેટીએ-ગિરિરાજની સ્પર્શનાએ. જયતળેટીનો સ્પર્શ કરાવીને અમે તેમને ગિરિરાજના પ્રથમ સોપાન ઉપર ઊભા રાખ્યા. તેમની પાસે મસ્તક ઝુકાવીને ગિરિરાજને વંદન કરાવ્યા. ત્યાર બાદ આગમમંદિરના જિનાલયે પ્રભુપૂજા માટે લઇ ગયા. જન્મ પછી આ રીતે પ્રથમ વારની પ્રભુપૂજા બાદ કોઇક વિશિષ્ટ અપવાદ સિવાય દીક્ષા પર્યંત તેમની પૂજા રહી ગઇ હોય એવું બન્યું નથી. તો જન્મવર્ષથી લઇ પ્રત્યેક વર્ષે તેમને ગિરિરાજની ત્રણથી ચાર યાત્રા minimum કરાવી છે.

અમારું સાંસારિક મૂળવતન પાલિતાણામાં હોવાનાં કારણે School ની રજાઓના દિવસોમાં ઘણી વખત પાલિતાણામાં રહેવાનું બન્યું છે. જ્યારે જ્યારે પાલિતાણામાં રહેવાનું બન્યું છે ત્યારે ત્યારે તેમણે એક ટેક અવશ્ય રાખી છે કે પાલિતાણામાં હોઇએ એટલે રોજની એક યાત્રા તો કરવાની જ.' અમે પાલિતાણામાં હોઇએ ત્યારે તેમનાં મનમાં જાણે કે રોજ જ આ સંદેશો આવતો ન હોય કે **"ઋષભજી બોલાવે છે, એનાં સપનાં આવે છે..."**

(૫)

મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.ના જીવનમાં સંયમસ્વીકાર બાદ દિવસે ને દિવસે ઋષભપ્રીતિ વૃદ્ધિ પામી હતી. પ્રભુ ઋષભ પ્રત્યેના પ્રેમસ્પંદનો તેમનામાં પ્રત્યેક દિવસે કેવા વધુ ને વધુ છલકાઇ રહ્યા હતા તેની અનુભૂતિ કરાવે તેવા હૃદયસ્પર્શી પ્રસંગો મારાં સ્મરણોમાં સતત ડોકાયા કરે છે. તેમાંથી તેમના ઋષભપ્રેમના પ્રમાણસ્વરૂપ છેલ્લા દોઢ વર્ષમાં બનેલ કેટલાક પ્રસંગો જ્યારે જ્યારે યાદ કરું છું ત્યારે દાદા આદિનાથને અવશ્ય કહેવાઇ જાય છે કે **'હે પ્રભુ ! મને પણ તારા ઉપર અનહદ પ્રેમ હતો અને છે. પરંતુ આજે મારો દીકરો તો તારી અને ગિરિરાજની ભક્તિમાં મારા કરતાં પણ કૈંક ગણો આગળ છે...'**

વિ.સં.૨૦૮૦ નું પાલિતાણા-ચેન્નઇભવનનું ચાતુર્માસ. અમારા સૌના યોગ-ક્ષેમકારક ગુરુદેવ પૂજ્યપાદ આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.એ મૃત્યુંજય તપની મહાસાધના ગિરિરાજ અને આદિનાથનાં આલંબને શરૂ કરી. ગુરુદેવને સાથ આપવા આ મહાસાધનામાં મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ. પણ જોડાયા. મેં તેમને નાના-નાના પચ્ચક્ખાણ દ્વારા તપમાં આગળ વધવાની પ્રેરણા કરી. છતાં ય એક વાર તેમણે સળંગ ૧૧ ઉપવાસના પચ્ચક્ખાણ સાથે લીધા. મને ખબર પડતા ચિંતિત સ્વરે મારાથી પૂછાઇ ગયું : "આટલા ઉપવાસના પચ્ચક્ખાણ એક સાથે કેમ લઇ લીધા ? કાંઇ થયું તો તેને પૂર્ણ કેવી રીતે કરશો ?"



તેમણે મધુર હાસ્ય રેલાવીને દાદા પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરતાં હળવાશથી કહ્યું : **"હું તો માત્ર એટલું જ જાણું છું કે 'સિદ્ધાચલ શિખરે દીવો રે, આદીશ્વર અલબેલો રે...'** મેં દાદાના ભરોસે આ તપ શરૂ કર્યો છે. તો હવે બધું એ જ સંભાળશે. તમે શા માટે ચિંતા કરો છો ?" વિ.સં.૨૦૮૦ નાં પાલિતાણાના એ જ ચાતુર્માસમાં એક દિવસ અચાનક તેમણે મને કહ્યું : "તમને આદિનાથ દાદાના પેલા ગીતનો ખ્યાલ છે ?" મેં પૂછ્યું : "કયું ગીત ?"

અને એમણે કહ્યું : **"સાત શ્વાસો લઇ, મૂર્તિ અંજન થઇ, એવા દાદા બિરાજે છે જ્યાં... ભાવથી જે ચડે, એના કર્મો ખપે, ભરતક્ષેત્રનું મોક્ષ છે જ્યાં...** તમે પણ આ ગીત ખાસ સાંભળજો. આ ગીત મારો પ્રાણ બની ગયું છે..."

ગિરિરાજની ગોદમાં આવ્યા પછી તેમનામાં સ્ફુરતા આ અવનવા વિશિષ્ટ ભાવોને જાણીને મને પેલી પંક્તિઓ સાંભરી ગઇ કે :-

**શ્રી સીમંધર સ્વમુખે બોલે, શત્રુંજયગિરિ ગુણવંતોજી;**
**જે ભવી ભાવ ધરીને સેવે, તે થાશે ભગવંતોજી...**

વિ.સં.૨૦૮૦ ના ચાતુર્માસ પછીની વાત. કચ્છપ્રદેશમાં અમે સહુ તીર્થયાત્રાર્થે નીસર્યા હતા. ત્યાં એક વાર અમે વંદનાર્થે એમની પાસે ગયા ત્યારે તેમણે કહ્યું : "પાલિતાણાથી વિહાર કરીને આપણે સહુ તો ક્યારના નીકળી ગયા. પરંતુ ગરવો ગિરિરાજ અને પ્યારા આદિનાથ હજી પણ મારા મનમાંથી ક્ષણભર માટે પણ અળગા થતા નથી. બહુ જ યાદ આવે છે એમની. **મનમાં એક જ Feelings વારંવાર આવે છે કે દાદાને છોડીને ક્યાંય નથી જવું... દાદાને છોડીને ક્યાંય નથી રહેવું... જલ્દીથી આદિનાથ પાસે જવા મળે એવું દિલ થયા કરે છે..."**

મને એમના આ ઉત્તુંગ વિચારો સાંભળીને ગુરુદેવશ્રીએ પ્રવચનમાં કહેલી આ પંક્તિઓ યાદ આવી ગઇ કે :

**દાદા હોય તો જીવન સોનું સોનું લાગે...**
**દાદા ન હોય તો જીવન સૂનું સૂનું લાગે...**

તેમના જીવનવિરામના બે દિવસ પૂર્વેની વાત. શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થના જિનાલયની સોપાનશ્રેણિ પર ઊભા રાખીને તેમણે મને કહ્યું : "મારા મનમાં એક અદમ્ય ઇચ્છા હતી-છે અને કાયમ રહેશે."

"કઇ ઇચ્છા ?" મેં પૂછ્યું.

"જેમ પૂ. મોટા સાહેબજીએ (આ.ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.એ) તેમના પ્રિય લોઢણ પાર્શ્વનાથના જ્યાં બેસણાં છે એ દર્ભાવતી-ડભોઈ તીર્થનું નામ રોશન કર્યું છે તેમ મારે મારો પ્રિય ગિરિરાજ અને પ્રિય આદિનાથ જ્યાં છે તે પાલિતાણા મહાતીર્થનું નામ રોશન કરવું છે. ચૌદરાજમાં સર્વોત્તમ એવા આ મહાતીર્થનો ડંકો હજુ વિશેષપણે વિશ્વમાં વગાડવો છે. પરંતુ અત્યારે તો હું નાનો છું ને ? એટલે મને ત્યાં કોઈ જવા પણ ન દે અને એવું કાંઇ કરવા પણ ન દે. પરંતુ હું મોટો થઈને આ કાર્ય જરૂરથી કરીશ. શક્ય એટલું જલ્દીથી કરીશ."

તેમના આ શબ્દોમાંથી મને તો જાણે કે આ જ ગુંજ સંભળાઈ રહી હતી કે :-


"હો રાજ મને લાગ્યો, ગિરિભક્તિનો રંગ..."

(૬)

મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજીમાં જેમ ગિરિપ્રેમ અદ્‌ભુત હતો તેમ ગુરુપ્રેમ પણ અદ્‌ભુત હતો. એમના ગુરુ જાણે કે એમના જીવનનું સર્વસ્વ હતા. એટલે જ ગુરુભગવંતની ભક્તિ તેમનાં જીવનમાં-વર્તનમાં-વ્યવહારમાં વિશેષ દેખાતી હતી. જાણે પોતાના વર્તન દ્વારા તેઓ ગુરુદેવને કહેતા ન હોય કે "હે ગુરુ ! હે ગુરુ ! ખૂબ ચાહું તને..."

ગુરુભક્તિના તમામ કાર્યોમાં વગર શીખવ્યે તેમની નજર પહોંચતી. ચીવટથી તેઓ દરેક કાર્યો કરતા અને ક્યારેક સરતચૂકથી નાનકડું ગુરુભક્તિકાર્ય અપૂર્ણ રહે તો ભારે દુઃખ અનુભવતા. ગુરુનું નામ સાંભળતા જ તેમનો અંતરાત્મા ડોલી ઉઠતો અને તેમનું હૈયું જાણે બોલી ઉઠતું કે **"મારા જિનવરનું નામ રમે, મનડામાં રે; મારા ગુરુવરનું નામ મને તારે તારે..."**

હું પ્રભુશાસનને વરેલી એક શ્રમણી છું. છતાંય સાથે સાથે મારી પાસે એક માતાનું કોમળ હૃદય પણ ખરું ને ? તેથી અકસ્માત્‌ની કરુણ દાસ્તાન સર્જાયા પછી જ્યારે એમનો નિશ્ચેષ્ટ દેહ સર્વપ્રથમવાર જોયો ત્યારે ચોધાર આંસુએ રડી જવાયું. તે ક્ષણોમાં જાત પર કાબુ ન રહે તેવું કલ્પાંત થયું. પણ પછી ધીમે ધીમે પૂ. ગુરુભગવતની સમજાવટથી થોડી સ્વસ્થતા આવી. એ પછીના દિવસોમાં પણ અનેક વાર પાંપણો ભીની થતી રહી. પરંતુ, આજે જ્યારે શાંતચિત્તે બેસીને મારા એ સાંસારિકપણે સુપુત્ર મુનિનાં સદ્‌ગુણમઢ્યાં જીવનની ઝલકરૂપ ઘટનાઓનું આલેખન પૂર્ણ કરી રહી છું ત્યારે મનમાંથી એક સંદેશો અવશ્ય મળે છે કે 'આવા ગુણસમૃદ્ધ પુત્રમુનિની ચિરવિદાયથી અશ્રુધાર વહાવવાની ન હોય. કારણ કે તેઓ જ્યાં પણ ગયા હશે ત્યાં અહીંથી વધુ ઉત્તમ સ્થાને જ બિરાજ્યા હશે. મહાવિદેહમાં ગયા હશે તો સીમંધરપ્રભુની ભક્તિમાં લીન બનશે અને દેવલોકમાં ગયા હશે તો ગિરિરાજની અને ઋષભપ્રભુની ભક્તિમાં લીન હશે.'



છેલ્લે પુત્રમુનિવરને પ્રેમથી એટલું જ કહેવાનું કે **જીવ્યા ઉત્તમ અને લીધી વિદાય, પણ જીવંત રહેશો હૈયામાં સદાય...'**

# આત્મજાગૃતિની
# ઝળહળતી ઝલક -1

૧) રોજ સવારે ૫ કલાક મૌન કરવું.

૨) કોઈ પણ ગૃહસ્થ સાથે સંબંધ-પરિચય કેળવવો નહીં.

૩) અભ્યાસ સિવાય ઈતર બાબતોમાં રસ રાખવો નહીં.

૪) લોકો સાથે વાતો-ચીતો ન કરવી.

૫) મહિનામાં ૭ દિવસ ૨૫ થી ૩૦ ગાથાઓ કંઠસ્થ કરવી.

૬) પૂ. મોટા સાહેબજી, પૂ. ગુરુદેવશ્રી, પૂ. પ્રશમરત્ન મ., પૂ. શૌર્યરત્ન મ., પૂ. હિતાર્થમિત્રાશ્રીજી મ. વગેરેના ભાવો મારે પૂર્ણ કરવા જ.

૭) આ ચાતુર્માસમાં મારે જ મારી જાતને ઘડવાની છે.

(પૂ. દિવંગત મુનિશ્રીનું વિ.સં.૨૦૮૧ નું ચાતુર્માસ તેમના પરમ ગુરુદેવ પૂ.આ.ભ. **શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.**ની નિશ્રામાં હતું. ત્યાં તેમના ગુરુદેવ પૂ.આ.ભ. **શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.** ન હોવાથી તેમણે સ્વયં જ આત્મજાગૃતિથી આ નિયમો નિર્ધારિત કર્યા હતા !)

## ચાતુર્માસના નિયમો

# આત્મજાગૃતિની ઝળહળતી ઝલક -2

**મુનિશ્રીએ પોતાના માટે નિશ્ચિત કરેલ કાયમી સંકલ્પ**

બહુ લોકસંપર્ક
ન કરવો.

રોજ
આત્મચિંતન કરવું.

સ્વાધ્યાયમુખી-
અંતર્મુખી જીવન
બનાવવું.

વડીલ
ગુરુભગવંતો કાંઈ પણ કહે
એને હસતા મુખે- મનમાં લેશમાત્ર પણ
અરૂચિ લાવ્યા વિના સાંભળી લેવું અને
કાયમ માટે તેમની ઉછળતા ભાવે સેવા-વૈયાવચ્ચ કરવી.

‘મારે આગળ જતાં વિદ્વાન-પરિણતિવંત-સમર્પિત સાધુ થઈને
શાસન અને સમુદાયનું નામ ઉજ્જ્વળ કરવાનું છે’
એમ વિચારી, એ દિશામાં
પુરુષાર્થ કરવો.

સ્વદોષદર્શન
અને સ્વદોષગર્હા
કરીને પોતાની
ખામીઓ
સુધારવી.

‘સર્વ જીવો
કર્મવશ છે’
એમ માનવું.

‘આ જીવનનું
સંપૂર્ણ અસ્તિત્વ
માત્ર દેવ-ગુરુને અર્પણ છે'
એવું માનવું.

# સવાલ સંસારીના...
# જવાબ મુમુક્ષુ નેમીનકુમારના...

**(મુમુક્ષુપણામાં સ્વાતિબેન અમિતભાઈ વલસાડવાળા (મુમુક્ષુના સ્વજન) દ્વારા પૂછાયેલ પ્રશ્નોના નેમીનકુમારે આપેલ ઉત્તરો)**



**પ્રશ્ન...**

તમે આટલી નાની age માં દીક્ષા કેમ લો છો ?

**ઉત્તર...**

મારા આત્માનું કલ્યાણ કરવા માટે અને જિનશાસનની સેવા કરવા માટે નાની age માં દીક્ષા લઉં છું. દીક્ષામાં જેટલી નાની age હશે તેટલી આત્મકલ્યાણની અને જિનશાસનની સેવાની અનુકૂળતા વધુ રહેશે.

**પ્રશ્ન...**

તમે મમ્મી વગર ત્યાં રહી શકશો ?

**ઉત્તર...**

હું તો મારા મમ્મી, પપ્પા અને ભાઈને પણ એ જ પ્રેરણા કરીશ કે આ માર્ગ જ સાચો માર્ગ છે. જેથી એ પણ દીક્ષા લઈ શકે !

**પ્રશ્ન...**

તમને ફરવા જવાનું મન નહીં થાય ?

**ઉત્તર...**

હું ફરવા-મોજ કરવા જઈશ તો મને પાપ લાગશે. અભક્ષ્ય વસ્તુ વાપરવી વગેરે પાપોમાં પડીશ. આ પાપો ન લાગે અને ફરવા ન જવું પડે એના માટે તો હું દીક્ષા લઉં છું. પછી ફરવા જવાનું મન ક્યાંથી થાય ?

**પ્રશ્ન...**

તમે અહીં રહીને ધર્મ કરો ને ? સંસારમાં ય ધર્મ થાય !

**ઉત્તર...**

અહીં ધર્મ કેટલો ય કરીશ. પણ મોક્ષ મળે એવો ઉત્તમ ધર્મ નહીં થાય. દીક્ષા પછી સંસારના બધા પાપોમાંથી મુક્ત થઇ જવાશે. એમાં જ મારા આત્માનું કલ્યાણ થશે. એટલે મારે દીક્ષામાં રહી ધર્મ કરવો છે.

**પ્રશ્ન...**

તમારાથી વિહાર કેવી રીતે થશે ?

**ઉત્તર...**

મારે વિહાર કરવાનો નથી, મારા પ્રભુ જ મને વિહાર કરાવશે. હું મારા ગુરુમહારાજ સાથે જઇશ એટલે વિહાર સારી રીતે થતો રહેશે. આ સંસારમાં રહીશ તો કેટલા જીવોની હત્યા થશે ! ગાડીમાં કે બસમાં ટ્રાવેલીંગ કરીશ તો કેટલા હિંસાના પાપો થશે ! મારે એ નથી કરવા.

**પ્રશ્ન...**

ચાલો, આજે એક દિવસ તીથલના બીચ પર ફરવા અમારી સાથે આવો. દીક્ષા પછી તમે ત્યાં નહીં જઇ શકો.

**ઉત્તર...**

હું બીચ પર તમારી સાથે ફરવા આવીશ તો તમે ત્યાં અભક્ષ્ય ભોજન-અણગળ પાણી વગેરે વાપરશો. એનાથી કેટલા જીવોની હિંસા થશે ! કેટલા જીવો મરી જશે ! આ બધામાં હું નિમિત્ત શા માટે બનું ? મારે તો પાપો દૂર કરી મોક્ષ પ્રાપ્ત કરવો છે ! માટે બીચ પર ફરવા નહિ આવું.

(વિહારમાં થોડા દિવસ પહેલા પૂ. મુનિશ્રી નમ્રરત્નવિ. મ. અતુલ આવ્યા અને સ્વાતિબેન એમને વંદન કરવા માટે ગયા ત્યારે પણ તેમણે કહેલ કે "તમે ઉપધાન કરવા ખાસ આવજો. તમે ક્રિયા, દેવમ્‌ને પણ આ જ માર્ગે મોકલજો. સંસારમાં બહુ જ પાપ છે. અહિં પાપરહિત જીવન છે !")

## પૂ. યુવા મુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.સા.
## આકસ્મિક કાલધર્મ પામતાં પૂજ્ય મોટા સાહેબજીને સાંત્વના આપતાં
## પૂ. ગચ્છાધિપતિશ્રીઓ-આચાર્યો-મુનિભગવંતોના સ્વયંસ્ફૂર્ત પત્રો...

**આમાંના કોઈ ગુરુભગવંતને વ્યક્તિગત ફોન કરાવાયો કે પત્ર લખાયો ન હોવા છતાં સ્વયંસ્ફૂર્ત લાગણી-ભાવનાથી દરેક પૂજ્યશ્રીએ પાત્ર પાઠવ્યા છે. દરેક પૂજ્યશ્રી ને હાર્દિક વંદન.**

### પૂ.તપાગચ્છાધિપતિ આ.
### શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

**શાસન પ્રભાવક આચાર્યદેવ**
**શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**
આદિઠાણા સર્વે. સસ્નેહ સુખશાતા પૃચ્છા.

વોટ્સઅપના માધ્યમથી હૃદયદ્રાવક આઘાતજનક સમાચાર જાણ્યા. જિનશાસનના ભાવિ આચાર્ય સમ તપસ્વી જ્ઞાનવૈભવી **મુનિ નમ્રરત્નવિજયજી**ની વિદાયે લાખો હૈયાને રડાવી નાખ્યા. જિનશાસને એક રત્ન ગુમાવ્યું છે.

આ દુઃખદ સમાચારે આંખને ભીની કરી નાખી. માસક્ષમણના તપસ્વી, વર્ષીતપ શરૂ કરનાર બાલમુનિ ઉપર ક્રૂર કાળને જરા પણ દયા ન આવી. આપશ્રીની નિશ્રામાં ખીલી રહેલું પુષ્પ સુવાસ ફેલાવે એ પહેલાં જ કચડી નાંખ્યું. સાચે જ કર્મ આગળ કોઈનું ય ચાલતું જ નથી.

આપ સ્વસ્થ રહેજો. પરિવારને સ્વસ્થ રાખજો.
મુનિશ્રીની અમર આરાધકતાને
અશ્રુભીની અંજલિ.

### राष्ट्रसंत पू. आ. श्री पद्मसागरसूरीश्वरजी म.सा.

**शासन प्रभावक विद्वान आचार्य श्री राजरत्नसूरीश्वरजी !**
सादर अनुवंदना-सुखशातापृच्छा।
**मुनिराज श्री नम्ररत्नविजयजी** के आकस्मिक कालधर्म के समाचार मिले। वर्षीतप के चढते परिणाम की धारा में मुनिश्रीने कम उम्र में ही अपने अगले मुकाम की यात्रा प्रारंभ कर दी। सर्व संग के त्यागी एवं तप धर्म में रहे हुए जीव के कालधर्म को समाधिमरण कहा गया है। मुनिश्री का तप एवं संयममय जीवन अनेक जीवों के लिए प्रेरणादायक था। जो भी मुनिश्री के संपर्क में आता था, वह उन्हें अपने हृदय में बिठा लेता था। प्रभु से प्रार्थना है कि दिव्यात्मा अपने मोक्ष मार्ग पर सदा आगे बढे।

**પૂ. ગચ્છાધિપતિ આ.**
**શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મ.સા.**
**(શાસન સમ્રાટ સમુદાય)**

**શાસન પ્રભાવક આ. વિજય રાજરત્નસૂરિજી મ.**

**બાલમુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મહારાજના** આકસ્મિક એક્સીડન્ટથી થયેલ કાલધર્મના સમાચાર જાણી ખૂબ જ દુઃખ અનુભવ્યું છે. તમને આનાથી ઘણું દુઃખ થાય તે સ્વાભાવિક છે. છતાં ભાવિભાવ અનિવાર્ય હોવાથી સમતા રાખવી. નાની ઉંમરમાં તેઓ સારો અભ્યાસ-તપશ્ચર્યા વગેરે કરી જીવનને ધન્ય બનાવી ગયા.

તેમના પિતાજી મહારાજ, માતાજી મહારાજ તથા ભાઈ મહારાજને પણ સાંત્વન આપશો. તેઓ નાની ઉંમરમાં ગયા પણ જીવનને ધન્ય બનાવી ગયા. એમની જેટલી અનુમોદના થાય તેટલી ઓછી છે. કામકાજ જણાવશો.



**તપાગચ્છીય પ્રવર સમિતિ કાર્યવાહક**
**પૂ. ગ.આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મ.સા.**

**શાસનપ્રભાવક આ. શ્રી વિજયરાજરત્નસૂરીશ્વરજી મ.,**
**આ. વિજય રશ્મિરત્નસૂરિજી આદિ ઠાણા.** અનુવંદના-સુખશાતા.

આજે બપોરે દુઃખદ ઘટનાના સમાચાર મળ્યા કે સવારે ૫.30 કલાકે **બાલમુનિ નમ્રરત્નવિજયજી**નો એક્સિડન્ટ થયો છે. સાથે જ દેહાન્ત થયો છે. મન અત્યંત શોકમગ્ન બન્યું.

વર્ષીતપના પ્રારંભે બીજા દિવસે બિયાસણું કર્યા વગર પરલોક સિધાવી ગયા. આપણે સુરત મળ્યા હતા ત્યારે તમે આ મુનિશ્રીને સાથે લાવ્યા હતા. મુનિશ્રી બહુ જ મઝાના અને પ્યારા હતા. આ ઘટનાથી આપ સૌને આઘાત ઘણો જ લાગ્યો હોય એ સ્વાભાવિક છે. એક આશાસ્પદ મુનિ જિનશાસને ગુમાવ્યા છે. કર્મની અકળ ગતિ કોઈ જાણી શકતું નથી. એ સિદ્ધાંત આપણે સૌ જાણીએ છીએ. આપ સૌના મનને શાન્તિ અને શાતા મળે એ જ ભાવના. અમારા યોગ્ય કાર્યસેવા ફરમાવશો.



**અચલગચ્છાધિપતિ**
**પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

**શાસન પ્રભાવક પરમ આત્મીય આ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા.!**

અનુવંદના સુખશાતા

**'अहो ! अनित्योऽयं संसारः'** જીવનની આવી અનિત્યતા આપણને વારંવાર બધું ક્ષણિક હોવાનું સંસ્મરણ કરાવે છે.

તેજસ્વી સંયમ સાધક, વિનયશીલ અને અભ્યાસનિષ્ઠ **મુનિશ્રી નમ્રરત્નવિજયજી**ના અચાનક થયેલા અકાળ વિયોગના સમાચાર જાણી હૃદય અત્યંત વ્યથિત બન્યું છે. બાલ વયમાં જ સંયમમાર્ગ સ્વીકારી ગુરુ આજ્ઞાનું પાલન કરતાં તેઓશ્રીએ અભ્યાસ, આરાધના, સાધના, તપસ્યા, ૯૯ યાત્રાદિ અને વિહાર દ્વારા જિનશાસનની સુંદર સેવા કરી હતી.

છ વર્ષના સંયમપર્યાયમાં પ્રકરણ-કર્મગ્રંથોનું ગહન અધ્યયન, સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ, અનેક ચાતુર્માસ-વિહાર અને પાંચસો આયંબિલ- માસક્ષમણ જેવી તપસ્યાઓ દ્વારા તેઓશ્રીએ પોતાના જીવનને ધન્ય બનાવ્યું. ઉપરાંત સંપૂર્ણ પરિવાર સાથે સંયમ ગ્રહણ કરી શાસનને ગૌરવ અપાવ્યું છે. આવા તેજસ્વી યુવા સાધુનો અચાનક વિયોગ સમગ્ર જૈનશાસન અને સમસ્ત સંઘ માટે અપૂરણીય ક્ષતિ છે.

પરમાત્માને પ્રાર્થના કે મુનિશ્રીના આત્માને ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય. આપને, એમના ગુરુદેવને, પિતા મુનિ શ્રી શૌર્યરત્નવિજયજી, ભાઈ મુનિશ્રી ધૈર્યરત્નવિજયજી, માતા સાધ્વી શ્રી હિતાર્થમિત્રાશ્રીજી, મુનિશ્રીના સંસારી પરિવારના શ્રાવક-શ્રાવિકાઓને આશ્વાસન સહ આ દુ:ખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય. મુનિશ્રીના પવિત્ર સંયમજીવનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ.

**પૂ.આ.ભ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.સા.** (શ્રી રામચન્દ્રસૂરિ સમુદાય)

**શાસનપ્રભાવક આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી !** યોગ્ય અનુવંદના... સુખશાતા...

ગઈકાલે જ કલ્પકભાઈ (કલ્યાણ) તરફથી સમાચાર મેટર આવતા તમારા પ્રશિષ્ય મુનિ નમ્રરત્નવિજયજીના આકસ્મિક કાળધર્મના વિગતવાર સમાચાર જાણ્યા.

૬ વર્ષના પર્યાયમાં તેમણે તત્ત્વત્રયીની અનુપમ આરાધના કરી લીધી.

વર્ષીતપના પ્રારંભ સાથે આ અઘટિત ઘટનામાં તેમની ચિરવિદાય તમને સહુને ખૂબ વ્યથિત તો કરી જ ગઈ હોય તે સ્વાભાવિક છે.

સામેથી વાહન આવતું દેખાય તે રીતે ચાલી રહ્યા હોવા છતાં આવું બની જાય એટલે નિયતિને શું આવું જ મંજૂર હશે ? એમ પ્રશ્ન ઉઠે.

અહીં શંખેશ્વરદાદાના અભિષેક વખતે તથા પ્રવચનશ્રુતતીર્થમાં શક્રસ્તવ અખંડધારા અભિષેક વેળાએ સમગ્ર જૈન સંઘના શ્રમણ-શ્રમણીવૃંદના કુશળ-મંગળની પ્રાર્થના અચૂક કરવામાં આવે છે.

મારું સ્વાસ્થ્ય શંખેશ્વરદાદા અને પૂજ્ય ગુરુવર્યોની પાવન કૃપાએ યથાનુકૂળ છે.

તમે સૌ શાસન આરાધના-પ્રભાવના-રક્ષાનાં કાર્યમાં સદાય અગ્રેસર રહો એ જ એક કલ્યાણ કામના...

**પૂ. ગચ્છાધિપતિ**
**આ. શ્રી યશોવર્મસૂરીશ્વરજી મ.સા.**

**શાસનપ્રભાવક સમર્થ લેખક આ. શ્રી રાજરત્નસૂરિજી !** સાદર અનુવંદના-સુખશાતા.

શબ્દો શોધવા પડે છે. જે ક્ષણે સાંભળ્યું તે પળે જ વ્યથાથી મન ઘેરાઈ ગયું. શાસનના આશાસ્પદ શ્રમણ અલ્પ સમયમાં ચાલ્યા ગયા. બીજું... તમારી શિષ્યો પ્રત્યે જે વાત્સલ્યધારા છે એ જોતા આ ક્ષણે તમારું મન અત્યંત પીડાગ્રસ્ત જ બની જાય. ઘણી બધી જવાબદારીઓ- સતત ચાલતા કાર્યો ને અનેક કાર્યક્રમો વચ્ચે આ આઘાત તમને ખૂબ જ કારમો લાગે. કેમ કે **એ શ્રમણ આત્માર્થી, વિનયવંત ને સમર્પિત હતા.** પૂરા પરિવારને તમારે સાંત્વના આપવી જ પડે. પણ એ વચ્ચે તમારી પીડાની ઘૂંટન તમે જ જાણો. હું એટલું જ કહું ખૂબ હિંમત રાખશો. નિયતિને કોણ બદલી શકે ? તમે પોતે જ ઘણાને હર પ્રસંગે આશ્વાસન આપ્યું છે. આ પ્રસંગે બસ, ખૂબ મનને મજબૂત રાખશો. એમના માતાજી મ. અને પિતાજી મ. ને અમારી સાંત્વના કહેજો.

## पू. गच्छाधिपति आ. श्री नित्यानंदसूरीश्वरजी म. सा.

**शासन प्रभावक आचार्यप्रवर श्रीमद् विजय राजरत्नसूरीश्वरजी म.सा. आदि ठाणा** योग्य अनुवन्दना सह सुखसाता पृच्छा।

आज प्रातः अत्यंत आघातजनक समाचार प्राप्त हुए कि **युवामुनि श्री नम्ररत्नविजयजी म.** का विहार के दौरान वाहनदुर्घटना की चपेट में आ जाने से कालधर्म हो गया है। जानकर मन अत्यंत व्यथित हो गया।

जिन्होंने अपने पूरे परिवार के साथ छोटी सी उम्र में संयमजीवन को धारण किया था और बढ़ते परिणामों से दर्शन, ज्ञान, चारित्र - तप की आराधना में निरंतर आगे बढ़ रहे थे ऐसे युवा मुनिरत्न का वियोग वास्तव में बहुत ही पीड़ादायक है। ये समाचार जिसने भी सुना वो क्षण भर तो स्तब्ध ही रह गया।

कब, कहां, कैसे कर्मों का उदय हो जाए ये सब विशिष्ट ज्ञानी ही जान सकते हैं। हमें तो स्थिति को शांतभाव से स्वीकार करना है और उस संयमी आत्मा के भावी जीवन के कल्याण की मंगल कामना करनी है।

वर्षीतप के प्रथम उपवास के साथ उनकी चिर विदाई भले हुई है किन्तु शासन देव उनकी आत्मा को जिनशासन का सान्निध्य प्रदान करें ताकि वे शीघ्र ही अपनी भवयात्रा का अंत करके परम पद के भोक्ता बनें।

मैं अपनी तरफ से और पंजाब केसरी पूज्य गुरुवल्लभ समुदाय की तरफ से आत्मिक संवेदना प्रेषित करता हूं।

## પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી મ.સા.

**શાસનપ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા.** અનુવંદના-સુખશાતા.

આજ રોજ આપશ્રીના શિષ્યરત્ન **મુનિરાજ નમ્રરત્નવિજયજી** મ.ના એક્સીડન્ટમાં કાલધર્મના દુઃખદ સમાચાર વાંચીને અત્યંત વેદના અનુભવી.

નાની ઉંમરમાં સંયમ સ્વીકારી આપશ્રીની નિશ્રામાં ફક્ત ૬ વર્ષના લઘુ સંયમ પર્યાયમાં માસક્ષમણ આદિ વિવિધ તપશ્ચર્યાઓ સાથે જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં સમુદ્યત બની સુંદર સાધના કરી જીવનને ધન્ય બનાવી ગયા. એમાં પણ ગઈ કાલે જ 'વર્ષીતપ'ની મહાન તપશ્ચર્યાનો પ્રારંભ કરી ઉપવાસ દ્વારા ચતુર્વિધ આહારના ત્યાગ સાથે આયુષ્ય પૂર્ણ કર્યું. એ એક મહાન સાધનાનું પ્રતીક બની ગયું. આવો અકલ્પનીય દુઃખદ પ્રસંગ બની ગયો એ માટે સમવેદના વ્યક્ત કરું છું.

આપને હોનહાર એક યુવા મુનિની મહાન ખોટ પડી છે. પણ ભાવિભાવને કોણ મિથ્યા કરી શકે છે!

આપશ્રી તો સુજ્ઞ અને વિચારક છો. જેથી સ્વસ્થતા પ્રાપ્ત કરી જ લીધી હશે ! આપશ્રીની નિશ્રામાં રહેલ એમના સંસારી પિતાશ્રી આદિ મુનિપરિવારને પણ સાંત્વન આપશો. અમારા યોગ્ય કામકાજ અવશ્ય જણાવશો.

### પૂ.આ. શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ.સા.

**વિદ્વદ્વર્ય આ. પ્ર. શ્રી રાજરત્નસૂરિજી મ. અનુવંદનાદિ.**

અતિ દુઃખદ ઘટના વિષે સવારે જાણ્યું છે ત્યારથી મન વ્યાકુલ છે. એક હોનહાર જિંદગી આ રીતે કાળસત્તા છીનવી લે એ વાત ગળે નથી ઉતરતી. કાળ અને કર્મ સામે માણસ નિરૂપાય છે એ વાત બરાબર સમજવા છતાં આવા બાળ સાધુ સાથે આવી દારૂણ દુર્ઘટના ઘટે ત્યારે મન હામ હારી જાય. તમારે શિરે વસમો વજઘાત છે. મારી સાંભરણ મુજબ આવી દુર્ઘટનાનો સામનો કરવાનો તમારા માટે આ પહેલો પ્રસંગ હોવો જોઈએ.

ધૈર્ય ધર્યા વિના કોઈ વિકલ્પ છે જ નહિ, છતાં ભલામણ કરું છું કે ધૈર્ય ધરજો. તેના પરિવારના સહુ સાધુ-સાધ્વીજીને ધૈર્ય બંધાવજો. ગુરુ તરીકેની જવાબદારી તથા ફરજ કેટલાં કપરાં છે તે આ સમયે અનુભવાતાં હશે. અમારે યોગ્ય કાર્ય સૂચવશો. સ્વસ્થતા જાળવજો.

### પૂ. આ. શ્રી હેમચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

**આત્મીયમિત્ર રાજરત્નસૂરિજી !**
સાદર અનુવંદના સહ શાતાપૃચ્છા.

આજે અશ્રાવ્ય સમાચાર મળ્યા. વાંચતા જ એક ઝાટકો લાગ્યો. આખા પરિવાર સાથે સંયમ સ્વીકાર્યું ! કેવો બડભાગી એ પરિવાર ! નાની ઉંમરે ને કુમળી વયે વળી વરસીતપ આદર્યો. કેવો સૌભાગી એ આત્મા ! ને શું સૂઝ્યું એ કરપીણ કુદરતને કે આવા આત્માને જ આપણી વચ્ચેથી ઉઠાવી લીધો. પણ કુદરતને આપણે ક્યાં પહોંચી શકીએ ? તમારા સહુની સ્થિતિ અમે કલ્પી શકીએ છીએ કે શું વીતતી હશે તમને સહુને...

પણ અન્તતઃ તમો સુજાણ અને કર્મને પીછાણનારા છો. વધુ શું લખું ? ભાવિભાવને સલામ કરી સ્વસ્થ રહેશો....

### પૂ. આ. શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.

**વિદ્વદ્વર્ય આ. શ્રી રાજરત્નસૂરિજી** જોગ. સાદર અનુવંદના.

**મુનિ નમ્રરત્નવિજય**ની વિદાયના સમાચારે ખરેખર આંચકો અનુભવ્યો. યુવાન સાધુનું અકસ્માત્ મૃત્યુ એટલે અનેક આશાઓનું-સંભાવનાઓનું મૃત્યુ. અને માટે જ આ ઘા હંમેશા કારમો હોય છે. સદ્ગતના આત્માને શીઘ્ર મુક્તિ મળે અને તમને સ્વસ્થતા અકબંધ રહે.



## પૂ. આ. શ્રી વરબોધિસૂરીશ્વરજી મ.સા.

**શાસન પ્રભાવક આ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિ ઠાણા. અમો દેવ-ગુરુ કૃપાએ શાતામાં છીએ.

વિશેષમાં આજે સવારે ઓચિંતા જ સમાચાર આવ્યા કે આપશ્રીના પ્રશિષ્યરત્ન **યુવા મુનિશ્રી નમ્રરત્નવિજય મ.** નો વિહારમાં એક્સીડન્ટ થયો. તે જાણી ખૂબ જ આઘાત થયો. નાની ઉંમરમાં સંયમ સ્વીકારી જ્ઞાન-ધ્યાન સાથે વિનય-ભક્તિમાં ખૂબ આગળ વધેલ મહાત્મા ચાલી જવાથી આપશ્રીના ગ્રુપમાં તો ખોટ પડી. પરંતુ આવા આશાસ્પદ યુવાન મુનિરાજશ્રી જવાથી સમસ્ત જૈન શાસનને બહુ મોટી ખોટ પડી.. તેઓશ્રીએ ગઈકાલે વર્ષીતપની ભાવનાથી ઉપવાસ કરેલ... કેવી ઉત્તમ ભાવના. ખૂબ ખૂબ અનુમોદના !

આપ સૌને પણ આ આઘાતમાં પરમાત્માની કૃપાથી બળ મળે જેથી સમાધિ આદિ પ્રાપ્ત થાય તે જ પ્રાર્થના ! સદ્‌ગતના આત્માની આરાધનામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થાય, સદ્‌ગતિ શીઘ્ર પામે તેવી પરમાત્માને પ્રાર્થના

## પૂ. આ. શ્રી રત્નચંદ્રસૂરીશ્વરજી મ.સા.

**શાસન પ્રભાવક આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી મ.**
અનુવંદના-સુખશાતાપૂર્વક.

જણાવવાનું કે આજરોજ **મુનિશ્રી નમ્રરત્નવિજયજી**ના કાળધર્મના દુઃખદ સમાચાર મળતા પ્રચંડ આઘાત લાગ્યો. સાવ અચાનક નાની ઉંમરમાં તેજસ્વી મુનિવરનો કાળધર્મ દુઃખદ ઘટના છે. દિવસે – દિવસે રોડ અકસ્માત્ વધતાં જાય છે કે જેનાથી આપણે આવા આશાસ્પદ મુનિઓને ગુમાવતા હોઈએ છીએ. આ ઘટનાથી આપ સપરિવાર ઉપર જે આપદા આવી છે તે અકલ્પનીય છે. કર્મસિદ્ધાંત અને ભવિતવ્યતાને સ્વીકારીને ભલે સમાધાન શોધીએ. પણ દિલના ઊંડાણનો ઘા જલદી રૂઝાય નહિ. તમારા આ દુઃખમાં અમે ખૂબ સાંત્વના પાઠવીએ છીએ. અને આ આઘાતમાંથી જલ્દી જલ્દી બહાર આવો એ જ અભ્યર્થના..

**પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિજયકલ્પતરુસૂરીશ્વરજી મ.સા.**

**શાસન પ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી મ.** આદિ

દુઃખદ સમાચાર જેવા જાણવા મળ્યા કે તુર્ત હૃદયને એક ઉંડો આઘાત લાગ્યો ! નાની વય, કેવા ગુણીયલ મહાત્મા, કેવા આનંદ ઉલ્લાસ સાથે સંયમની સાધનામાં તત્પર ! પોતાના ગુરુવરના ચરણોમાં સદા સમર્પિત **તપસ્વી શ્રી નમ્રરત્ન મ.** આપણી સહુની નજરથી કાયમ માટે દૂર થઈ ગયા.

આ મહાત્માના સેવા-સ્વાધ્યાય અને તપ-ત્યાગ વગેરે ગુણોની ભૂરિ ભૂરિ અનુમોદના... જ્યાં છે, ત્યાં આ આત્મા પોતાના આંતરિક ઉત્કર્ષને સાધવામાં પુરુષાર્થશીલ રહે અને પરમાર્થ લક્ષ્યને પ્રાપ્ત કરે. આચાર્યવર્ય શ્રી રશ્મિરત્નસૂરિ મ. આદિ તમામ મહાત્માઓની વ્યથામાં અમારી આંતરવ્યથા તથા સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ.

**પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી ચંદ્રસેનસૂરીશ્વરજી મ.સા.**

**શાસનપ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા.** આદિ,

યથાયોગ્ય વંદના... અનુવંદના... સુખશાતા...

તમારા પ્રશિષ્યરત્ન **યુવામુનિરાજ નમ્રરત્નવિજયજી મ.** ફાગણ વદ ૯ના સવારે વિહારમાં અકસ્માત્ થતાં કાળધર્મ પામ્યા. મારાં-તમારાં સહુનાં હૈયે વજ્રઘાત જેવું દુઃખ થયું છે.

તમને તો વિશેષ દુઃખ થાય તે સહજ છે. પરંતુ જે થયું તેનો સ્વીકાર કરવો. સમુદાયને એક આશાસ્પદ અને ઉત્તમ ભાવિ ધરાવનાર સાધુની ખોટ પડી. ખૂબ ધૈર્ય રાખશો.

**પૂ. આ. શ્રી સિંહસેનસૂરીશ્વરજી મ.સા.**

**શાસનપ્રભાવક આ. શ્રી વિ. રાજરત્નસૂરિજી મ.**

અનુવંદના સુખશાતા. વિશેષ... બાલમુનિરાજશ્રી સાથે થયેલ ઘટનાના અનંત વિચારો અહીં બેઠા આવે છે. તો તમારી તથા તેમના પિતા મુનિવરાદિની શું હાલત હશે ? તમે ધીર, વીર, સ્થિર છો. બધું સંભાળશો. શાસન-સમુદાયને એક મહામૂલાં રત્નની ખોટ પડી છે જે ક્યારેય નહીં પૂરાય...



### પૂ. આ.
### શ્રી મહાપદ્મસૂરીશ્વરજી મ.સા.

**આ. શ્રી રાજરત્નસૂરિજી મહારાજ આદિ**

વિશેષ કે આજરોજ સવારે ૮.૨૫ કલાકે સમાચાર જાણ્યા કે **મુનિશ્રી નમ્રરત્નવિજયજી** મ. એકસીડન્ટમાં કાલધર્મ પામ્યા છે. સમાચાર સાંભળતા જ આઘાત લાગ્યો.

ત્રણ વર્ષ પહેલા મારા શિષ્યને પણ એકસીડન્ટ થયો. તે પણ કાલધર્મ પામ્યા. તેમને પણ વર્ષીતપ-ઉપવાસ હતો. આજે તમારા શિષ્યના સમાચાર જાણ્યા. તેમને પણ વર્ષીતપ-ઉપવાસ હતો. ઘટના બંને એક સરખી, બન્ને નવયુવાન, સમુદાય માટે આશાસ્પદ અને તે આપણે ગુમાવ્યા છે.

જે ઘટના બની છે તે દુઃખદ જ છે, છતાં તબિયત સંભાળશો. તમારા પર આવેલ આફતમાં સ્વસ્થ રહેશો. આ સમયે અમો સર્વે તમારી સાથે છીએ. અમારે લાયક કામકાજ જણાવશો. દેવવંદન કરેલ છે. સૌએ સુખશાતા જણાવેલ છે. આ. શ્રી વિજયમહાધર્મસૂરિએ પણ સુખશાતા જણાવેલ છે.

### पू. आ. श्री
### मुक्तिमुनिचन्द्रसूरीश्वरजी म.सा.

**परमप्रवचनप्रभावकाचार्य श्रीविजयराजरत्नसूरिवर !**

सादरं अनुवन्दनानि सन्तु ।

शातं वर्तते ? कुतः शातं स्यात् मुनिरत्नश्रीनम्ररत्नविजयस्य आकस्मिकनिधनवशात् ? अथवा महात्मानः सदा सर्वदा सर्वत्र सुस्थाः एव स्युः । भवानपि सुज्ञः अस्ति । प्रभु-गुरु-प्रसादप्रभावात् इतरे सर्वेऽपि सूरयः मुनयः च निरामयाः भवन्तु - इति प्रभुं प्रार्थयामहे ।

फा.कृ.३०, अद्य गुजरातसमाचारे नम्ररत्नविजयस्य अद्भुतं चरित्रं पठितम् । सत्यं तेन स्वर्गतमुनिना मुनिरत्नायितमेव । तत्पितरौ तद्भ्राता इत्यादिभिः अपि प्रव्रजितमिति वृत्तपत्रेणैव ज्ञातम् । सर्वे सुस्थाः स्युः । सर्वेभ्यः अनुवन्दनादिकम् ।

### પૂ. આ. શ્રી યશોરત્નસૂરીશ્વરજી મ. સા.
### (શ્રી ભુવનભાનુસૂરિ સમુદાય)

**પ. પૂ. આ. ભ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા.** અનુવંદના-વંદના-સુખશાતાપૃચ્છા.

આજે જ સવારે બનેલ દુર્ઘટનાના સમાચાર મળ્યા. જાણીને હૈયે આંચકો અનુભવાયો. મુનિશ્રીની નાની ઉંમર, આરાધનામય જીવન, શક્તિસંપન્ન પ્રતિભા, શાસનની શોભા વધારે એવું આશાસ્પદ વ્યક્તિત્વઃ પણ ભવિતવ્યતાવશ જે બન્યું તે સ્વીકારતા ઘણો ખેદ થાય છે.

સંઘને એક મોટી ખોટ પડી છે. આપશ્રી તો શાસ્ત્રના મર્મને પામેલા છો. ઉચિત આશ્વાસન આપી સમસ્ત મુનિગણને તથા મુનિશ્રીના દીક્ષિત સમગ્ર પરિવારને સ્વસ્થ રાખવા પ્રયત્નશીલ હશો જ.

દિવંગત મુનિશ્રીને અમારા સહુની સ્મરણાંજલિ. કોઈ પણ કાર્ય હોય તો અવશ્ય યાદ કરશોજી.







### પૂ. આ. શ્રી મહાબોધિસૂરીશ્વરજી મ.સા.

**શાસનપ્રભાવક પૂ. આ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.!** સવિનય વંદન

આજે સવારે જ મહાત્માના કાળધર્મના સમાચાર મળ્યા ખૂબ જ આઘાત લાગ્યો. યુવાન વય, અલ્પ પર્યાય, વર્ષીતપની તપસ્યાનો પ્રારંભ, સ્વાધ્યાયનો ભારે રસ... આવા આશાસ્પદ અને હોનહાર સાધુના અકસ્માત્‌થી માત્ર તમને જ ખોટ નથી પડી. શાસનને પણ બહુ મોટી ખોટ પડી છે.

આ પ્રસંગે તમારી શું સ્થિતિ હશે એની હું કલ્પના કરી શકું છું. વિશેષ ન લખતા આ દુર્ઘટના પ્રસંગે શાસનદેવ આપને ટકી રહેવા માટે સત્ત્વ પ્રદાન કરે એ જ પ્રાર્થના...



**પૂ ગચ્છાધિપતિ આ.શ્રી રવિશેખરસૂરીશ્વરજી મ.સા.**

**શાસનપ્રભાવક પ્રખર પ્રવચનકાર પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિ

સાદર વંદના સુખશાતા.

વિશેષ **બાળમુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.** ના આકસ્મિક કાળધર્મના સમાચાર જાણી દુઃખ થયું. હમણાં બે-ત્રણ દિવસ પહેલાં તો નાગેશ્વર ધામમાં આપણે મળેલા. ઘણી બધી વાતો થઈ. અચાનક આવા નાના કોમલ બાળમુનિને કાળરાજાએ પોતાનો ભોગ બનાવ્યા. અત્યંત ખેદજનક ઘટના બની ગઈ.

બાળમુનિશ્રીએ બાલ્યવયમાં વૈરાગ્યવાસિત થઈ માતા-પિતા-ભાઈ-બહેન સાથે સંયમી બનીને, આપશ્રીની ગ્રહણ-આસેવના દ્વારા સ્વાધ્યાય - માસક્ષમણ વગેરે તપ-વૈયાવચ્ચ કરીને કમાલ કરી અને અંતે વરસીતપ કરવાના સંકલ્પ સાથે, ઉપવાસયુક્ત પોતાના જીવનને તેઓ મનકમુનિની જેમ ધન્ય બનાવી પરલોક પંથે સંચર્યા.

આપશ્રી અને સમસ્ત શ્રમણ-શ્રમણીપરિવારને અસહ્ય આઘાત લાગ્યો છે. પણ અંતે કર્મની બલિહારીને સ્વીકારવી પડે છે. એમનો આત્મા જ્યાં હોય, ત્યાં માનવભવ-સંયમજીવન પામી શીઘ્ર શાશ્વત સુખનો ભોક્તા બને એ જ શાસનદેવને પ્રાર્થના.

**પૂ. આ. શ્રી ભાગ્યેશસૂરીશ્વરજી મ.સા.**

**શાસનપ્રભાવક વિદ્વદ્વર્ય પૂ. આ. ભ. શ્રી રાજરત્નસૂરિજી મ.સા.** સાદર વંદના

**બાલમુનિ નમ્રરત્નવિજયજી મ.**ના કાળધર્મના સમાચાર વાંચ્યા. અકાળે સૂર્યાસ્ત થયો. હોનહાર મુનિવરની વિદાય વ્યથિત કરાવે એ સ્વાભાવિક છે. ઘટના દુઃખદાયિની છે. વિહારો જોખમી બની રહ્યા છે. આવા શાસનના ભાવિ સંવાહક મુનિની વિદાય સ્તબ્ધ કરે છે. વર્ષીતપના પ્રારંભ પછી તુરંત વિદાય એ પણ કેવો સંયોગ ! મુનિવરને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ... આપ સહુ સ્વસ્થ રહેશો. કાર્યસેવા ફરમાવશો...

**પૂ. આ. શ્રી અજિતયશસૂરીશ્વરજી મ.સા.**

**શાસન પ્રભાવક આ. પ્ર. શ્રી રાજરત્નસૂરિજી** આદિ શ્રમણ પરિવાર. બાલમુનિશ્રી **નમ્રરત્નવિજયજી મહારાજ**ના અકસ્માત્‌કાળધર્મના સમાચાર મળ્યા. હૃદય વ્યથાથી ઘેરાઈ ગયું. વિકરાળ કાળનું ક્રૂર રાજ... કોને નારાજ નથી કરતું ?

પણ આ તત્ત્વ સમજનારને પણ આવી કપરી પરિસ્થિતિમાં ધૈર્ય ધરવું ખૂબ કઠિન બની જાય છે. તમારા સૌની ધીરતા, સ્થિરતા માટે પ્રભુને જાપમાં પ્રાર્થના કરી... સદ્‌ગત મુનિવરને આરાધનાનું અનુમોદન કર્યું. સૌની સ્વસ્થતા માટે ચિંતા પણ છે. તમો સમજદાર છો. માટે નિશ્ચિંતતા પણ છે. સૌ શાતા ધરજો.

**પૂ. આ. શ્રી શીલરત્નસૂરીશ્વરજી મ.સા.**

**પૂ. સિદ્ધહસ્ત સર્જક શાસનપ્રભાવક આ. શ્રી રાજરત્નસૂરિજી મ. આદિ...** સુખશાતા-વંદના...

વિ. બાળમુનિ નમ્રરત્નવિ. ના આકસ્મિક કાળધર્મના સમાચાર જાણી અત્યંત આઘાત લાગ્યો. સમુદાયનો સિતારો આથમી ગયો અને જિનશાસનના આશાસ્પદ શ્રમણનો અકાળે અસ્ત થઈ ગયો.

બગીચામાં ફૂલ ભલે અલ્પ કાળ માટે ખીલે છે અને સમય થતાં કરમાય છે. પરંતુ તે ફૂલ પોતાની સુવાસથી વાતાવરણને મહેંકતું કરી દે છે. બરાબર એવી જ રીતે બાળમુનિ નમ્રરત્નવિજયજીએ પોતાની ગુણસુવાસથી સૃષ્ટિને મહેંકતી કરી દીધી છે. આપશ્રીના વાત્સલ્યભર્યા સાન્નિધ્યમાં બાલ્યવયમાં દીક્ષિત થઈ... બાહ્ય-અભ્યંતર ઘડતર પામી... અલ્પ પર્યાયમાં ગુણોની ખૂબ સરસ ખીલવણી કરેલી !!!

છ વર્ષમાં તેમની રત્નત્રયીની સાધના વાંચતા નયનો ભીના થઈ ગયા. નાની ઉંમરમાં આટલી ઊંચી સમજણ ક્યાંથી આવી હશે ! નક્કી ગત જન્મમાં અપૂર્વ આરાધના-સાધના કરીને આવ્યા હશે. એટલે જ વિનય-વૈયાવચ્ચ અને વિચક્ષણતાદિ ગુણો સહજતયા સિદ્ધ થયા હતા.

મુનિશ્રીનો સ્વર્ગવાસ એકત્વભાવનાનું ખૂબ મોટું દૃષ્ટાંત પૂરું પાડે છે. સંસારી પરિવારમાં નાના હોવા છતાં પુણ્યશાળી કેવા કે તેમના પગલે-પગલે સંપૂર્ણ પરિવારે દીક્ષા લીધી. જીવન ભલે નાનું પણ જીવનના હાર્દને હાથવગું કરવામાં સફળ થયા હતા. તેથી ટૂંકું પણ જીવન વરદાનતુલ્ય બની ગયું.

બીજાની ખુશી પ્રાપ્ત કરવાની કઠિન સાધના એટલે વૈયાવચ્ચ... સાધકજીવનના બાલમંદિરનો પ્રથમ પાઠ એટલે વિનય... આ તેમણે સારી રીતે આત્મસાત્‌ કર્યો હતો. નાની ઉંમરમાં દીક્ષિત અને પૂર્વના કો'ક અશુભોદયે નાની ઉંમરમાં જ મરણાન્ત ઉપસર્ગ પામ્યા. પણ... સંયમવેશમાં સમાધિમૃત્યુ પ્રાપ્ત થયું એ બહુ મોટી વસ્તુ છે. એમનામાં “આકૃતિર્ગુણાન્‌ કથયતિ...” ઉક્તિ લાગુ પડતી હતી.

મુખ પર ન ગ્લાનિ, ન મ્લાનિ, ન વ્યથા કે ન ઉદાસીનતા : પરંતુ સદા પ્રસન્ન રહેનારા મુનિશ્રીના સંયમજીવનની પુનઃ પુનઃ અનુમોદના અને પુનઃ માનવજન્મ... જિનશાસન પ્રાપ્ત કરી... અધૂરી સાધના પૂર્ણ કરી અંતે શાશ્વતસુખને પામો એ જ અભ્યર્થના...

**પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી કુલચંદ્રસૂરીશ્વરજી મ.સા. (K.C.)**

**શાસનપ્રભાવક, પ્રવચનપ્રભાવક, આત્મીય પ.પૂ. આ. શ્રી વિ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિ. વંદના-અનુવંદના.

ખાસ **બાળમુનિરાજ શ્રી નમ્રરત્નવિજયજી મ.**ના આકસ્મિક કાલધર્મના સમાચાર જાણી ખૂબ દુઃખ થયું.

તેમના વિશે, તેમના ત્યાગ-વૈયાવચ્ચ ભક્તિ-તપ આદિ વિશે સાંભળ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે શાસન-સંઘ-સમુદાયે કેવો કોહીનૂર હીરો ગુમાવ્યો છે. સપરિવાર દીક્ષાગ્રહણ કરીને અને આગલા જ દિવસે ઉપવાસ -વર્ષીતપનું પચ્ચકખાણ ગ્રહણ કરીને તેમણે ખરેખર પોતાના આત્માનું કલ્યાણ સાધ્યું છે.

અકસ્માત્‌ના માધ્યમે જૈન સમાજ-સંઘે હમણા સુધી ઘણા રત્નો ગુમાવ્યા છે. શ્રમણ સંઘ અને શ્રાવક સંઘે સાથે મળીને ચોક્કસ આનો નિષ્કર્ષ લાવવો પડશે. નહીં તો આગામી સમય ઘણો કપરો બની રહેશે. તેમનો આત્મા મહાવિદેહની અને મોક્ષગતિની જલ્દી પ્રાપ્તિ કરે એ જ પરમાત્માને પ્રાર્થના.

**પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી વિજ્ઞાનપ્રભસૂરીશ્વરજી મ.સા.**

**શાસન પ્રભાવક પૂ. આ. શ્રી વિ. રાજરત્નસૂરીશ્વરજી મ.સા. પૂ. આ. રશ્મિરત્નસૂરિજી** આદિને આ. વિ. વિજ્ઞાનપ્રભસૂરિની વંદના સુખશાતા. વિ. સં. ૨૦૮૨ ફાગણ વદ ૯ ના દિવસે જે ગોઝારી ઘટના બની તે સાંભળીને ઘણું દુઃખ થયું. ઘણા નાના અને આવા હોનહાર સાધુનો વિરહ શાસન-સમુદાય માટે દુઃખદ છે. ખૂબ ખૂબ સમતા રાખશો.

વર્ષીતપ લીધું એટલે આત્મપરિણામ પણ સારો જ હતો. આરાધના કરતા આગળ વધ્યાં છે. બધાને યથાયોગ્ય વંદના-સુખશાતા. બીજા બધાને ખાસ સાચવજો. મારા લાયક સેવાકાર્યનો લાભ આપશો.

**પૂ.આ. શ્રી આત્મદર્શનસૂરીશ્વરજી મ.સા.**

સિદ્ધહસ્તસર્જક પૂ. આચાર્યદેવ શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. !
આત્મદર્શનસૂરિની સાદર વંદના. શાતામાં હશો.

મુનિ શ્રી નમ્રરત્ન વિ.ના કાળના સમાચાર મળ્યા એ જ દિવસે પત્ર લખવો હતો. પણ અનિવાર્ય કારણે તરત લખી ન શક્યા.

'અમૃતની અંજલિ'માં મુનિશ્રીનું જીવન વાંચ્યું. અનુમોદના જ નહીં, પરંતુ અહોભાવ પણ પેદા થાય તેવું તેમનું જીવન ગાગર જેટલા સમયખંડમાં સાગર જેવી મહત્તા ધરાવતું હતું. એક ગુરુ શિષ્ય માટે જાહેરમાં અંજલિ અર્પતા હોય એ ઘટના રોમ રોમ હર્ષ પેદા કરે તેવી છે.

આપશ્રી તથા રશ્મિરત્ન સૂ.મ. અ-શોક બન્યા હશો. કાર્ય-સેવા જણાવશોજી. આત્મીય વંદના.

### પૂ.આ. શ્રી પીયૂષભદ્રસૂરીશ્વરજી મ.સા.

**પરમ આત્મીય આચાર્ય ભગવંત રાજરત્નસૂરીશ્વરજી મ.સા.,** નાના સર્વે. મત્થએણવંદામિ..

આપને શાતા પૂછું છું. પણ આપને શાતા ક્યાંથી હોય? ગઈકાલના બાલમુનિના ગોઝારા અકસ્માત્‌ના સમાચારથી તો અમે પણ વ્યથિત બની ગયા ...! આપના દિલને આઘાત પહોંચે તે વાસ્તવિક છે..! દિવંગત બાલમુનિ આપના જેવા સમર્થ ગુરૂને પામીને આ ભવ તરી ગયા..! આપના સાન્નિધ્યમાં થોડા વર્ષોમાં ઘણું બધું પામી ગયા..! આવતો ભવ પણ આનાથી ચઢિયાતો જ હશે...!

બીજુ આપ તો ખૂબ જ્ઞાની છો. એટલે આપને મારે કાંઈ ના કહેવાય. તો પણ ખૂબ આશ્વસ્ત રહેશો. આપ બધાના શિરછત્ર છો..!

મારા લાયક કાર્યસેવા ફરમાવશો... સહવર્તી સર્વને અનુવંદના.. શાતામાં રહેશો..!



### પૂ. આ. શ્રી આગમરત્નસૂરીશ્વરજી મ.સા.

**પૂજ્યપાદ પરમોકારી ગુરુદેવશ્રી ! આપશ્રીના ચરણોમાં કોટિ કોટિ વંદના... પૂજ્ય વડીલ બંધુ રશ્મિરત્નસૂરીશ્વરજી મ.!** વંદન...

આપશ્રી દ્વારા આપણા **યુવામુનિશ્રી નમ્રરત્નવિજયજી** મ. ના અકસ્માત્‌ કાળધર્મના સમાચાર જાણી અત્યંત આઘાત લાગ્યો છે.

સદા આનંદી, સ્વાધ્યાય-વૈયાવચ્ચમાં તત્પર, મિલનસાર, સ્વભાવે શાંત એવા આપણા મુનિવરની વિદાયથી આપશ્રીને તથા સમગ્ર પરિવારને ખૂબ આઘાત લાગ્યો જ હોય એ સ્વાભાવિક છે. અહીં પણ નાના સર્વે મુનિવરો ખૂબ જ દુઃખી થયા છે...

આપશ્રી તથા સર્વે સ્વસ્થતા ધારણ કરજો... પરિવારને સંભાળજો.. અમને પણ આશીર્વાદ આપજો..

શૌર્યરત્નવિજયજી મ., ધૈર્યરત્નવિજયજી મ. તથા માતાસાધ્વીજી શ્રી હિતાર્થમિત્રાશ્રીજીને સંભાળજો. તેઓ સર્વે સ્વસ્થતા ધારણ કરે.. આ કપરી પળો છે. પણ કર્મસત્તા સામે આપણે સર્વે લાચાર છીએ. એમની યાદ સદાય સાથે રહેશે. સહુ સુખશાતામાં રહેજો... અમારા યોગ્ય કાર્ય જણાવશો.

## પૂ.આ. શ્રી ધર્મરત્નસૂરીશ્વરજી મ.સા.

**પ.પૂ. તારક ગુરુદેવશ્રી તથા પૂ. આ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.** આદિ. વંદના-શાતા.

**યુવામુનિવર શ્રી નમ્રરત્નવિજયજી મ.** ના કાલધર્મના સમાચાર જાણ્યા. ખૂબ આઘાત લાગ્યો. તેઓશ્રીમાં પ્રસન્નતા ઘણી સરસ. સ્વભાવમાં સૌમ્યતા, વિનય-વૈયાવચ્ચ-નમ્રતા વગેરે ગુણો અમે અનુભવ્યા છે. ક્યારેય ગુસ્સે થઈને મોટા અવાજે બોલતા સાંભળ્યા નથી. આવા ગુણભંડાર મુનિવરની વિદાયથી આપશ્રી તથા સર્વે મુનિવરોને ખૂબ જ દુઃખ-આઘાત લાગ્યો હોય જ. અહીં પણ સર્વને ખૂબ જ દુઃખ થયું.

આપશ્રી તથા સર્વે સ્વસ્થતા રાખજો. અમને આશીર્વાદ આપજો. શૌર્યરત્નવિજયજી, ધૈર્યરત્નવિજયજી તથા સા. શ્રીહિતાર્થમિત્રાશ્રીજીની સ્વસ્થતા સાચવશો. કર્મની સામે કોઈનું ચાલતું નથી. નાના સર્વેએ વંદના કહી છે. અત્રોચિત કાર્ય જણાવશો.

## પૂ.આ.ભ. શ્રી રાજરક્ષિતસૂરીશ્વરજી મ.સા.

સાહિત્યરત્ન, શાસનપ્રભાવક, આત્મીય પૂજ્યપાદ આચાર્યદેવશ્રી રાજરત્નસૂરીશ્વરજી મહારાજા ! આચાર્ય રાજરક્ષિતસૂરિની કોટિશઃ વન્દના...

બાળમુનિ શ્રી નમ્રરત્નવિજયજીના આકસ્મિક કાળધર્મના સમાચાર જાણી તીવ્ર આંચકો અનુભવ્યો...

નાની ઉંમરમાં સંયમ ગ્રહણ કરીને રત્નત્રયીની ઉત્તમ આરાધના કરી તેમણે તો જીવન સફળ કરી દીધું. પરન્તુ, શ્રમણ-સંઘે એક આશાસ્પદ યુવાસાધુને અકાળે ગુમાવ્યો તેનું અતીવ દુઃખ-આઘાત લાગે છે...

પ્રભુ શીઘ્રતયા આપને આ આઘાતમાંથી બહાર આવવાનું સામર્થ્ય અર્પે તેવી પ્રાર્થના ! અમારા યોગ્ય કાર્યસેવાદિ જણાવશોજી.



## પૂ. પંન્યાસ શ્રી શ્રુતરત્નવિજયજી ગણિવર

**પરમ પૂજ્ય આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** ના ચરણોમાં શ્રુતરત્નની સાદર વંદના

ગઈકાલે દુઃખદાયી ઘટના બની ગઈ. તેના સમાચાર મળ્યા. ખૂબ આઘાત અનુભવ્યો. આમ અચાનક અણધારી રીતે આવા આશાસ્પદ મહાત્માની આવી પીડાદાયી વિદાય દર્દનાક છે. તેમને અમે શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. તેમનો આત્મા સદૈવ સુખ-શાન્તિ-સમાધિ પામે એવી પ્રભુને પ્રાર્થના. આપ સૌને પણ આ આઘાત પચાવવાની શક્તિ મળે..

## પૂ. પર્યાયસ્થવિર મુનિરાજ શ્રી જયભદ્રવિજયજી મ.સા.

**શાસનપ્રભાવક આચાર્ય શ્રી રાજરત્નસૂરિજી તથા આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરિજી**

મુનિ શ્રી નમ્રરત્નવિજયજીનાં સમાચાર જાણી અત્યંત દુઃખ થયું. સમુદાયના એક આશાસ્પદ યુવાન સાધુની વિદાય કોને દુઃખદાયી ન થાય ?

તમારા ગ્રુપના આ વિનયશીલ અને નમ્ર સાધુ માટે તેમનાં સંસારી કાકા જયપાલભાઈ અમને વાત કરે કે એના જેવા સાધુ નાના દીક્ષાપર્યાયમાં મોટું કામ કરી ગયા. તપશ્ચર્યાઓ સાથે ગુરુદેવો પ્રત્યેનો વિનમ્રભાવ અને સેવા-વિનયગુણથી જીવન સાર્થક કરી ગયા. તમારા સૌની સારી ભક્તિ કરી, આરાધના કરી સાધી ગયા. આવા ઉત્તમ સાધુના જવાથી તમોને તથા સમુદાયને મોટી ખોટ પડી છે. તેમનો આત્મા જ્યાં ગયો હોય ત્યાં પ્રભુશાસનને પામે તેવી કામના સાથે

### પૂ. ગણિવર્ય શ્રી કેવલપૂર્ણવિજયજી મ.સા.

**પુણ્યના નિધાન શાસનપ્રભાવક આચાર્ય શ્રીમદ્ વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજા** આદિઠાણા. સુખશાતા.. વંદના... અનુવંદના...

પ.પૂ. **યુવા મુનિરાજશ્રી નમ્રરત્નવિજયજી**ના કાળધર્મના સમાચાર જાણ્યા છે. સમુદાય તથા રત્નપરિવારને ખૂબ જ મોટી ખોટ પડી છે. ખાસ આ દુઃખની ઘડીમાં અમારો આત્મબંધુ પરિવાર આપનો સહભાગી છે. અત્યારે અહીંયા અમે સંસારી ગામ શ્રી ભેંસાવી જૈન સંઘમાં દેવવંદન કરેલ છે.

### પૂ. મુનિશ્રી હંસબોધિવિજયજી મ.સા.

**આત્મીય શા. પ્ર. આ. ભગવંત શ્રી રાજરત્નસૂરિજી મ. સા. !** હંસબોધિની વંદના

શાતામાં હશો. **મુનિશ્રી નમ્રરત્નવિજયજી મ.**ના આકસ્મિક એક્સીડન્ટથી થયેલ કાળધર્મથી ખેદ અનુભવું છું. એક આશાસ્પદ તપસ્વી બાળમુનિના અચાનક થયેલ સ્વર્ગવાસથી આપશ્રીને-આપના શિષ્યોને અને બાળમુનિના પરિવારને કેટલી વ્યથા હશે ? તેની કથા શું કરવી? શાસનદેવો તમને ખૂબ સહનશક્તિ આપે.

### પૂ. મુનિશ્રી તીર્થપ્રેમવિજયજી મ.સા.

સમગ્ર જૈન શાસનના શ્રાવકો –શબ્દતીર્થના અભિભાવકો.. ધર્મલાભ!

આજ સવારથી એક યુવામુનિશ્રીની ચિરવિદાયના દુઃખદ સમાચાર દરેક જગ્યાએ દેખાઈ રહ્યા છે. એક યુવા-તેજસ્વી સાધુભગવંત જ્યારે આમ અચાનક ઓઝલ થઈ જાય ત્યારે તેમના વૃંદ-સમુદાય કે ગચ્છની જેમ શાસનને બહુ મોટો ફટકો પડે છે. કેવી કમનસીબી કે એક સાધુને તૈયાર થતાં ૫-૧૦- ૧૫-૨૫ વર્ષ વીતી જાય અને તેમને ખોઈ બેસીએ આપણે એક કાચી સેકન્ડમાં !...

એક મોટો કહેવાતો નેતા પણ દુનિયામાંથી જાય તો આખા રાષ્ટ્રમાં ૩-૭ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર થાય છે અને પળાય છે. તો ભલે અપરિચિત પરંતુ ભવિષ્યના આશાસ્પદ મુનિભગવંતની અથવા કોઈ પણ મહાત્માની વિદાયના, ખાસ કરીને આકસ્મિક વિદાયના, સમાચાર મળે ત્યારે ત્રણ દિવસ માટે (૧) મીઠાઈ મેવો (૨) ફ્રુટ (૩) લીલોતરી : આ ત્રણેનો અથવા ૩ માંથી ૧ નો ત્યાગ કરી શાસનને પડેલ ખોટના દર્દને વ્યક્ત કરી શકીએ. આપણે બીજું કશું કરી શકીએ તેમ નથી. છતાં વર્ષોથી હું જે કરુ છું તે તમારી સાથે share કર્યું છે. આ પ્રેરણાને પૂર્ણ નિષ્ઠાપૂર્વક પાળવાનો પ્રયાસ કરશો...

(આ સિવાય પણ પૂ. સાધ્વીજી ભગવંતો તથા સંઘોના મોટી સંખ્યામાં પત્રો આવેલ છે. તેનો તેમજ જે પૂ. આચાર્યદેવોનાં પત્રો પુસ્તક મુદ્રણમાં ગયા પછી આવ્યા છે તેનોઅહીં સમાવેશ કરેલ નથી.)

# ભાયંદર-
# બાવનજિનાલય
# તીર્થે







# વિરાટ ગુણાનુવાદ સભા










# પૂ. મુનિશ્રીના કાળધર્મ બાદ
# મુંબઈના દરેક મુખ્ય અખબારોએ પ્રસારિત કરેલ સમાચારો



ગુજરાત સમાચાર

સોમવાર, ૧૬-૦૩-૨૦૨૬ 3

દિવ્યલોક

## વિનય-વિદ્યા-વિચક્ષણતાનો વિરલ ત્રિવેણીસંગમ
## દિવંગત યુવામુનિવર નમ્રરત્નવિજયજી મહારાજ

"માત્ર છ વર્ષનો સંયમપર્યાય હોવા છતાં આ મુનિવરે પાંચસો આયંબિલ માસક્ષમણ - વર્ધમાનતપઓળી - ચોવિહાર - સાથે સિદ્ધગિરિરાજ સાત યાત્રા શત્રુંજયમહાતીર્થનવાણુંયાત્રા અને સાડા પાંચ હજાર કિલોમીટરનો પગપાળા વિહાર કર્યો છે."

અમૃતની અંજલિ

આચાર્ય વિજયરાજરત્નસૂરિ

04 મિડ-ડે | ખબરઅંતર | ૧૩ માર્ચ ૨૦૨૬, શુક્રવાર, મુંબઈ | gujaratimidday.com

## વસઈ રોડ પર બે વાહનોની ટક્કરે જૈન સાધુનો ભોગ લીધો

ટ્રકની ટક્કર લાગતાં કચ્ચરઘાણ બનેલી આ કાર જેને લીધે યુવા મુનિ નમ્રરત્નવિજયજી કાળધર્મ પામ્યા હતા.

સમગ્ર પરિવાર સંયમજીવનમાં

આચાર્ય મહારાજ હતપ્રભ

પાલખીયાત્રા અને અંતિમ સંસ્કાર

## મુંબઈ ફ્રંટ પેજ

દિવ્ય ભાસ્કર, મુંબઈ, શુક્રવાર, 13 મા...

## વિરારમાં મહાવીરધામ પાસે અકસ્માત
## પ્રશિષ્ય મુનિ નમ્રરત્નવિજયજીનો કાળ...

• બે વાહનની ટક્કર થતાં એક વાહને વિહાર કરતા મુનિને અડફેટે લીધા

વાહનધારકો વિરુદ્ધ ગુનો દાખલ

# તમામ પત્રોના પ્રત્યુત્તરરૂપે પૂ. મોટા સાહેબજી દ્વારા લખાયેલ પત્ર



શ્રી ધર્મસૂરિં પ્રવરં નમામિ  સૂર્યોદયં સૂરિવરં નમામિ

શ્રી 'ધર્મ-સૂર્યોદય' સૂરિરાજનું પુણ્યસામ્રાજ્ય
જયવંતું વર્તો



- વિજયરાજરત્નસૂરિ  ॐ  વિ.સં.૨૦૮૨. ફાગણ વદિ પ્ર.૧૦.
તા.૧૩-૩-૨૬. વસઈરોડ જૈન સંઘ.

પૂજ્ય શાસનપ્રભાવક ગચ્છાધિપતિ / આચાર્ય દેવ / પંન્યાસજી / મુનિપ્રવર

સાદર વંદના - અનુવંદના - શાતા પૃચ્છા.

- વિશેષ.. અમારા એકવીશવર્ષીય નવયુવાન અને વિનયવંત-વિદ્યાવંત પ્રશિષ્ય મુનિવર શ્રી વજ્રરત્નવિજયજી ગઈ કાલે હાઈવે પર અકસ્માતમાં કાલધર્મ પામ્યા તે પછી આપના તરફથી પ્રેષિત પત્ર મળ્યો. વાંચ્યો. ટેલિફોનના સમાચાર જાણ્યા. હાલની આઘાતજનક સ્થિતિમાં આપના પત્રથી / ફોનથી આશ્વાસન - હૂંફ - હિંમતનો સંચાર થયો.

- સંયમી મહાત્મા કોઈ પણ વયે અને કોઈ પણ નિમિત્તે કાલધર્મ પામે તો ય શાસન-સમુદાયને ખોટ પડ્યાનું અનુભવાય. પરંતુ માત્ર એકવીશ વર્ષના આશાસ્પદ ગુણિયલ મુનિવર આ રીતે અકસ્માતમાં અકાળમરણ પામે ત્યારે હૈયે વિષાદનું ઘેરું સામ્રાજ્ય છવાય છે. અમારા પરિવારમાં અકસ્માતઘટના આ પહેલી બની છે. પરંતુ જ્યારે જ્યારે અકસ્માત સર્જાય છે ત્યારે હૈયે એક પ્રશ્ન તીક્ષ્ણ શૂલની જેમ ડંખે છે કે જેઓ સંપૂર્ણ જીવન શાસનચરણે સમર્પિત કરી ચાલી નીકળ્યા છે તે સંયમીને આવું કરુણ મોત કેમ? આ ઘટનામાં પણ એ જ પ્રશ્ન તીવ્રતાથી ડંખે છે. અસ્તુ.

- ગઈ કાલે ૧૦ વર્ષીતપઆરાધક સંયમીઓએ છઠ્ઠ કર્યો અને નિયત કરતાં એક્સ્ટ્રા ચૌદ કિ.મી. વિહાર કરી ૧૧ વાગ્યે / ૧૨ વાગ્યે વસઈ પહોંચ્યા.

- મુનિશ્રીએ કરેલ અપ્રમત્ત ગુરુભક્તિએ પુણ્યપ્રભાવના ચમકારા આવા દર્શાવ્યા કે (૧) અલ્પપર્યાયી મુનિ છતાં પાલખીના ચડાવા રૂ.૫૦ લાખથી વધુ થવા (૨) ઘણા બધા સંઘોના ટ્રસ્ટીઓ / પ્રમુખોસહિત વિરાટ જનમેદનીની ઉપસ્થિતિ (૩) પાલિતાણાના મૂલ વતની હોવાથી ત્યાંના 'શત્રુંજય-સૂર્યોદયધામ'માં એમના સ્થાયી સ્મૃતિના ઉદ્દઘોષણા (૪) એમના કર્મભૂમિ શાંતિનાથ ઝાલાવાડ સંઘ-કાંદિવલીમાં પ્રભુભક્તિમહોત્સવાદિ આયોજનો થયાં.


- આજે એમના માટે તત્કાલ શ્રદ્ધાંજલિલેખ લખાયો છે. તે તા. ૧૬/૩ સોમવારે મુંબઈના અને તા. ૧૯/૩ ગુરુવારે ગુજરાતના તમામ ગુજરાતસમાચારની ધર્મલોક પૂર્તિના 'અમૃતની અંજલિ' કૉલમમાં આવશે.

- એક આશ્ચર્યજનક ઘટનાક્રમમાં (૨૪ કલાકમાં) ૧૯ થી વધુ ગચ્છાધિપતિશ્રી / આચાર્યશ્રીનાં પત્રો સ્વયંભૂ આવ્યા છે.

- અત્રાર્હ કાર્ય જણાવશો. દ૦: વિજયરાજરત્નસૂરિ

સિદ્ધાચલનાં શિખરોને વંદન !

શત્રુંજયનાં શિખરોને વંદન !



જેની સ્પર્શના માટે દિવંગત મુનિવર સદા ઉત્કંઠિત રહેતા...
જેના 108 નામોના પાવન સ્મરણથી જ મુનિવરની નિત્ય સાધનાનો આરંભ થતો તે

## શાશ્વત શ્રી શત્રુંજય ગિરિરાજ






# અંતિમ ક્ષણ : અંતિમ દર્શન

જય જય નંદા...














જય જય ભદ્રા...

अय मोत ! आखिर तुझसे भी नादानी हुइ ।
फूल तूंने वो चूना कि गुलशन में विरानी हुइ ॥










## સ્વહસ્તાક્ષરમાં મુનિશ્રીના જીવનનો અંતિમ પત્ર

આપના જેવી ગુરુ ભક્તિ - ગુરુબહુમાન - ગુરુ અહોભાવ - ગુરુવિનય - ગુરુસમર્પણ મારામાં પણ અવતરે, આપ જેમ આપના ગુરુના શાસનકાર્યોનો ભાર હળવો કરો છો એજ રીતે હું આપને શાસનકાર્યોમાં સહાય કરી શકું, આપ જેમ ગુરુને તન-મનથી સમર્પિત છો એમ હું પણ તન-મનથી આપને સમર્પિત બનું, આપ જેમ ગુરુની ઈચ્છામાં સ્વની ઈચ્છાને ઓગાળી દો છો એજ રીતે હું પણ મારી ઈચ્છાઓને આપનામાં ઓગાળી દઉં, આપ જેમ ગુરુના એક-એક વચનને હસતા-હસતા ઝીલો છો એમ હું પણ આપના એક-એક વચનને હસતા મુખે ઝીલી લઉં, આપ જેમ ગુરુ ઠપકો આપે તો ય હસતા મુખે સ્વીકારી લો છો એમ હું પણ આપ કાંઈ સૂચના-ઠપકો આપો તો હસતા મુખે સ્વીકારી લઉં, આપની દૃષ્ટિમાં જેમ 24 Hrs માત્ર ગુરુ જ હોય, એમ મારી દૃષ્ટિમાં 24 Hrs આપ હો. In Short, આપ જેમ ગુરુને પ્રભુ માનો છો બસ, એ જ ભાવના મારામાં અવતરે, અમે આપને પ્રભુ માનીએ અને આપ અમારી મોક્ષ પ્રાપ્તિમાં નિમિત્ત બનો. આપની કૃપાથી આ સંસાર ટળી જાય ને મોક્ષ મળી જાય.

-આપનો શિષ્ય....

કાલધર્મના છ દિવસ પૂર્વે મુનિશ્રીની દીક્ષાતિથિ હતી.
એમના ગુરુદેવ પૂ.આ. શ્રી રશ્મિરત્નસૂરિજી મ. દીક્ષાતિથિની પૂર્વ સાંજે
વિહાર કરી આગળ પધાર્યા હતા.
મુનિશ્રીએ દીક્ષાદિને, ગુરુભક્તિવશ જે સુદીર્ઘ પત્ર લખ્યો એનો આ છે એક અંશ.

**સાચે જ આ પત્ર નથી, પાત્રતા છે. શબ્દો નથી, છલકાતી ગુરુભક્તિ છે.**

NEHAJ 9322227209/7939